

પૂર્વ ભારતમાં પાંચ દિવસ હીટવેવ : ઓડિશામાં 36ના મોત

PAGE NO. 16


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




આતંકી સંગઠન હિઝબુલ્લાહે રોકેટ અને ડ્રોન હુમલો કરતાં ઈઝરાયલના જંગલોમાં આગ

PAGE NO. 18

FRIDAY, 07 JUNE, 2024 Vol. 22, No. 22 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

**લોકસભા ચૂંટણી પરિણામ**

| NDA - 293 | | | | | | I.N.D.I.A. - 234 | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પાર્ટી | ભાજપ | ટીડીપી | જદયુ | શિવશેના | અન્ય | પાર્ટી | કોંગ્રેસ | સપા | ટીએમસી | ડીએમકે | અન્ય |
| બેઠક | 240 | 16 | 12 | 07 | 18 | બેઠક | 99 | 37 | 29 | 22 | 47 |
| વોટશેર | 36.56% | 1.98% | 1.25% | 1.15% | 2.20% | વોટશેર | 21.19% | 4.58% | 4.37% | 1.82% | 8.61% |
| *2019* | *303* | *03* | *16* | *18* | *16* | *2019* | *52* | *05* | *22* | *24* | *15* |

### ભારત સરકારમાં અનેક નવા ચહેરા મંત્રીપદે દેખાશે, શપથવિધિ પૂર્વે શુક્રવારે એનડીએના ઘટક દળના સાંસદોની બેઠક થશે

# ભારતમાં નવી NDA સરકારની 9મીએ શપથવિધિ

**નવી દિલ્હી**

ભાજપની આગેવાનીવાળી એનડીએ સતત ત્રીજી વાર સ્પષ્ટ બહુમત પ્રાપ્ત કર્યો છે. ચૂંટણીમાં એનડીએના ખાતામાં ૨૯૨ સીટો આવી છે. લોકસભા ચૂંટણી પરિણામની જાહેરાત બાદથી સૌની નજર સરકાર ગઠન પર ટકી હતી. જોકે હવે નવી સરકારની શપથવિધિ 9મી જુને યોજવાની જાહેરાત થઈ ચૂકી છે. આ માટે યોજાનારા કાર્યક્રમની તૈયારી શરૂ કરવામાં આવી છે. ભાજપ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીને સમારોહમાં હાજર રહેવા જણાવાયું છે. જેને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ શપથવિધિ હાજર રહેશે. આ વખતે ભારત સરકારમાં અનેક નવા ચહેરાને સ્થાન મળી શકે છે. જેમાં ભાજપ સિવાયના સાંસદો પણ વધુ હોઈ શકે છે.



મળતી વિગતો પ્રમાણે શપથ ગ્રહણ કાર્યક્રમનું શિડયૂલ સામે આવી ગયું છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએની નવી સરકાર ૯ જૂને ૭.૧૫ મિનિટે શપથ લેશે. કાર્યક્રમની રુપરેખા તૈયાર કરી દેવાઈ છે. આ અગાઉ ૭ જૂને એનડીએના ઘટક દળના સાંસદોની બેઠક થશે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામ સામે આવ્યા બાદ ૫ જૂને મોડી સાંજે એનડીએની બેઠક થઈ હતી. તેમાં પીએમ મોદી, અમિત શાહ, જેપી નડ્ડા, રાજનાથ સિંહ, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, ટીડીપી સુપ્રીમો ચંદ્રબાબૂ નાયડૂ, ચિરાગ પાસવાન સહિત અન્ય નેતાઓ સામેલ થયા હતા. તમામે નરેન્દ્ર મોદીને સર્વસંમતિથી પોતાના નેતા ચૂંટી લીધા હતા. બીજી તરફ કોંગ્રેસે પણ તમામ સાથી પક્ષોની બેઠક યોજી હતી. જેમાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવવા નિર્ણય કરાયો હતો.


**વાંચો ઈલેક્શન વિશેષ અહેવાલ**

PAGE NO. 11, 12, 13, 14, 15


## TDPએ 6 અને જનતાદળે મહત્ત્વના 3 મંત્રાલયો માંગ્યા

લોકસભા ચૂંટણીના પરિણામો પછી NDAમાં ચંદ્રબાબુ નાયડુની TDP અને નીતીશ કુમારનીJDUનું મહત્વ ઘણું વધી ગયું છે. ટીડીપીના એક સાંસદે કહ્યું કે પાર્ટી ગ્રામીણ વિકાસ, આવાસ અને શહેરી બાબતો, બંદરો અને શિપિંગ, રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે અને જલ શક્તિ મંત્રાલયો ઈચ્છે છે. તેઓ નાણા મંત્રાલયમાં જુનિયર પ્રધાન રાખવા પણ ઉત્સુક છે, કારણ કે આંધ્રપ્રદેશને અત્યારે ભંડોળની સખત જરૂર છે. આંધ્રપ્રદેશમાં પણ ટીડીપીને બહુમતી મળી છે. બીજી તરફ બિહારના નીતિશ કુમારની જેડીયુએ પણ એનડીએ સમક્ષ ત્રણ મંત્રાલયોની માંગણી કરી છે. આ ઉપરાંત બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગ કરવામાં આવી છે. જેડીયુએ ચાર સાંસદો માટે એક મંત્રાલયની ફોર્મ્યુલા સરકાર સમક્ષ મૂકી છે. જેડીયુ પાસે ૧૨ સાંસદ છે, તેથી તેને 3 મંત્રાલય જોઈએ છે. નીતીશ કુમાર ઈચ્છે છે કે રેલવે, કૃષિ અને નાણા મંત્રાલય તેમના સાંસદોને ફાળવવામાં આવે. રેલવે મંત્રાલયને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.




























# કેનેડિયનોમાં યુ.એસ.ની ઘેલછા વધી, અનેક કારણો જવાબદાર

## છેલ્લા વર્ષની સરખામણીમાં ઈમીગ્રેશનમાં 70 ટકાનો વધારો : 2022માં 126,000થી વધુ લોકો કેનેડાથી યુ.એસ.માં સ્થળાંતરિત થયાં

**ટોરોન્ટો**

યુ.એસ.ની વસ્તી ગણતરીના તાજેતરના ડેટા દર્શાવે છે કે, 2022માં 1,26,000થી વધુ લોકો કેનેડાથી યુ.એસ.માં સ્થળાંતર થયા હતા, જે અગાઉના વર્ષ કરતા 70 ટકાનો વધારો છે. 126,000 લોકો કે જેઓ 2022માં યુ.એસ. ગયા હતા, તેમાંથી 53,000 કેનેડામાં જન્મ્યા હતા. 46,000 અમેરિકનો ઘરે પરત ફર્યા હતા અને 30,000 લોકો ઉત્તર અમેરિકાની બહારથી કેનેડામાં સ્થળાંતરિત થયા હતા અને ત્યાંથી જવાનું પસંદ કર્યું હતું.

ડેટા સરહદની દક્ષિણે કેનેડિયનો સ્થાયી થવાના વધતા ટ્રેન્ડને દર્શાવે છે. ઈમિગ્રેશન વકીલ લેન સોન્ડર્સના જણાવ્યા અનુસાર મુખ્ય કારણ જીવન ખર્ચ છે. લોસ એન્જલસ, કેલિફોર્નિયા, સાન



ફ્રાન્સિસ્કો, ન્યુ યોર્ક જેવા મોટા શહેરોમાં નહીં, પરંતુ 'સ્મોલ ટાઉન યુ.એસ.એ.'માં ઘર ખરીદવું ઘણું સસ્તું છે," સોન્ડર્સે મીડિયા સાથેની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ઘણા લોકો સરહદી શહેરોમાં જઈ રહ્યા છે. વોશિંગ્ટન રાજ્યમાં રહેતા લોકોને વેનકુવર, બી.સી. જવા માટે તેને 45 મિનિટનો સમય લાગે છે, અને તેના ઘરની કિંમત અડધા મિલિયન ડોલર છે. "તે જ ઘર, અહીંથી પાંચ માઈલ ઉત્તરે વાનકુવર વિસ્તારમાં, $ 2થી 3 મિલિયનની કિંમત ધરાવે છે. હાઉસિંગ એફોર્ડેબિલિટી એ યુવાન લોકો માટે એક આકર્ષક છે. સોન્ડર્સે જણાવ્યું હતું કે, યુવાનોને ખ્યાલ છે કે તેઓ (કેનેડિયન) હાઉસિંગ માર્કેટમાં પ્રવેશ મેળવી શકતા નથી. અથવા જો તેઓ સક્ષમ હોય, તો તેઓ કોન્ડો ખરીદી રહ્યાં છે, જ્યારે યુ.એસ.માં તેઓ એક સુંદર ઘર ખરીદી શકે છે." અન્ય એક વસ્તી વિષયક જે આ પગલું લેવાનું વિચારી રહ્યું છે તે વૃદ્ધ લોકો છે.

# નવી પહેલ : એર કેનેડા હવે ફ્લાઈટમાં યાત્રીઓને મફત બિયર-વાઈન આપશે

**ઓન્ટેરિયો**

એર કેનેડા હવે વર્ષના અંત સુધી કેનેડા અને યુ.એસ.ની અંદર ફ્લાઈટ પર મફત બીયર અને વાઈન ઓફર કરવાનું વિચારી રહી છે. બુધવારે, એરલાઈને વિસ્તરણની જાહેરાત કરી, જેમાં ઈકોનોમી સીટ માટે ફ્રી મેનુ વસ્તુઓની યાદીમાં કોમ્પ્લિમેન્ટરી પ્રેટઝેલ્સ અને કૂકીઝનો ઉમેરો કર્યો છે. જ્યારે એર કેનેડા ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ કોમ્પ્લિમેન્ટરી ખોરાક અને આલ્કોહોલિક પીણાં ઓફર કરતી હતી, આ લેવલ સુધી, સ્થાનિક ફ્લાઈટ્સ ન હતી. ટેપ પરની મફત બીયરમાં હોપ



વેલી, ક્રિમોર સ્પ્રિંગ્સ પ્રીમિયમ લેગર, મોલ્સન કેનેડિયન અને કોર્સ લાઈટનો સમાવેશ થાય છે જ્યારે વાઈનની યાદીમાં પોલ માસની લાલ અને સફેદ ફ્રેન્ચ વાઈનનો સમાવેશ થાય છે. $ 5માં, બેઈલીસ, કેનેડિયન ક્લબ રાઈ અને ટ્રોમ્બા ટેકવીલા બ્લેન્કો જેવી સ્પિરિટ ઉપલબ્ધ છે.

# બાળકો તેમજ વિકલાંગોને આવરી લેવા ડેન્ટલ કેર પ્રોગ્રામ 27 જૂન સુધી લંબાવાયો

## વધારાના 1.2 મિલિયન કેનેડિયન યોજનાનો લાભ લેવા સક્ષમ બનશે

**ઓન્ટેરિયો**

18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને વિકલાંગ લોકો 27 જૂનથી શરૂ થતા ફેડરલ સરકારના ડેન્ટલ પ્લાન માટે પાત્ર બનશે, એમ સંઘીય મંત્રીઓએ સોમવારે જણાવ્યું હતું. નાગરિક સેવાઓના પ્રધાન ટેરી બીચે તારીખની જાહેરાત કરીને નવા પાત્ર જૂથના ખાતાઓ ઉમેર્યા હતા. તેમના જણાવ્યા મુજબ 1.2 મિલિયન વધારાના કેનેડિયન કે જેઓ પ્રોગ્રામને ઍક્સેસ કરવા માટે સક્ષમ હશે. સરકારે અગાઉ કહ્યું હતું કે, જૂથ જૂનમાં અમુક સમયે પાત્ર બનશે, પરંતુ ચોક્કસ તારીખ આપી ન હતી. સરકાર કેનેડિયન ડેન્ટલ કેર પ્લાન (CDCP)ને ધીમે ધીમે વિસ્તારી રહી છે. 1 મેથી, 70 અને તેથી વધુ વયના વરિષ્ઠ લોકો માટે કવરેજ શરૂ થયું, અને 65થી 69 વર્ષની વયના લોકો માટે અરજીઓ ખુલી છે. આરોગ્ય પ્રધાન માર્ક હોલેન્ડે સોમવારે જણાવ્યું હતું કે, 10,500થી વધુ પ્રોવાઈડર્સે પ્રોગ્રામ માટે સાઈન અપ કર્યું છે, અને 20 લાખથી વધુ વરિષ્ઠોને કવરેજ માટે લાયક ગણવામાં આવ્યા છે.

જંગી જાહેર પબ્લિક ઓરલ હેલ્થ કેર વીમા કાર્યક્રમ આખરે કેનેડિયન નિવાસીઓના એક ક્વાર્ટરને આગામી પાંચ વર્ષમાં $ 13 બિલિયનના ખર્ચે આવરી લેશે કે જેમની પાસે ખાનગી ડેન્ટલ પ્લાન નથી. 18થી 64 વર્ષની વયના કેનેડિયનોને જાન્યુઆરી 2025માં અરજી કરવાની મંજૂરી આપવામાં આવશે.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com



• 100's of transactions and counting
• proudly serving GTA for over 17 years
• Centurion Award Winner 2011, 2014, 2017, 2019, 2021
• Pre- Construction
• Upgrading
• Downsizing
• First time home buyers
• Small businesses
• Investment Properties
• Leasing
• No obligation home evaluation
• Competitive listing commission
Mayur Mistry
Broker
Century 21 Titans Realty Inc., Brokerage
2100 Ellesmere Rd, Suite 116, Toronto, ON. M1H 3B7
Email : mayur.mistry@century21.ca
Cell: 647.829.4965
Office: 416.289.2155
Call me for all your real estate needs



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news

# 2020 બાદ પ્રથમવાર બેંક ઓફ કેનેડા દ્વારા મુખ્ય વ્યાજદરમાં ઘટાડો કરાયો

**ટોરોન્ટો**

બેંક ઓફ કેનેડાએ માર્ચ 2020 પછી બેંકના પ્રથમ દર કટને ચિહ્નિત કરીને તેનો મુખ્ય વ્યાજ દર ઘટાડીને 4.75 ટકા કર્યો છે. બેંકના ગવર્નર ટિફ મેકલેમે શરૂઆતની ટિપ્પણીમાં જણાવ્યું હતું કે, બેંકની નાણાકીય નીતિને હવે આટલી પ્રતિબંધિત કરવાની જરૂર નથી. અમે ફુગાવા સામેની લડાઈમાં ખૂબ આગળ આવ્યા છીએ. અને અમારો વિશ્વાસ કે ફુગાવો બે ટકાના લક્ષ્યની નજીક જતો રહેશે તે તાજેતરના મહિનાઓમાં વધ્યો છે. અર્થશાસ્ત્રીઓ મોટે ભાગે આ પગલાની અપેક્ષા રાખતા હતા. ફુગાવાનો દર તાજેતરના મહિનાઓમાં બેન્કના બે ટકાના ધ્યેયની નજીક ગયો છે, જે એપ્રિલમાં 2.7 ટકા પર આવી ગયો છે, બેન્કના ફુગાવાના મુખ્ય પગલાં પણ સમગ્ર વસંત દરમિયાન હળવા થયા છે. દરમિયાન, ગયા અઠવાડિયે જાહેર કરાયેલ ત્રિમાસિક જીડીપી આંકડા અપેક્ષા કરતા નબળા હતા: વર્ષના પ્રથમ ત્રણ મહિના દરમિયાન અર્થતંત્રમાં 1.7 ટકાનો વધારો થયો હતો, જેમાં કાપની સંભાવના વધી હતી. આક્રમક વ્યાજદરમાં વધારાના ચક્ર પછી બેંક ઓફ કેનેડાએ છેલ્લે જુલાઈ 2023માં દરમાં પાંચ ટકાનો વધારો કર્યો હતો અને તેને બુધવારના કટ સુધી ત્યાં જ રાખ્યો હતો.

આરબીસી, સ્કોટીયા બેંક, બીએમઓ, ટીડી બેંક અને સીઆઈબીસીએ બપોરે 3 વાગ્યા સુધીમાં તેમના પ્રાઈમ લેન્ડિંગ રેટ 7.20 ટકાથી ઘટાડીને 6.95 ટકા કર્યા હતા. પરંતુ મેકલેમે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બેંક ઓફ કેનેડા "એક સમયે એક મીટિંગ" કરવાના પક્ષમાં છે.

કેનેડિયનો વ્યાજબી રીતે વધુ કાપની અપેક્ષા રાખી શકે છે, જ્યાં સુધી ફુગાવો હળવો થવાનું ચાલુ રાખે છે.

# ટોરોન્ટોના ભૂતપૂર્વ ઉબેર ડ્રાઇવરને મહિલા પર જાતીય હુમલાના કેસમાં 5 વર્ષની જેલ

**ટોરોન્ટો**

ટોરોન્ટો વિસ્તારમાં એક ભૂતપૂર્વ ઉબેર ડ્રાઈવરને તેના વાહનમાં મહિલાઓના ત્રણ અલગ-અલગ જાતીય હુમલાના સંબંધમાં સાડા પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.

બુધવારે ડાઉનટાઉન ટોરોન્ટો કોર્ટરૂમમાં ઑન્ટેરિયો સુપિરિયર કોર્ટના જસ્ટિસ એન મોલોય દ્વારા 38 વર્ષીય તનીમ અઝીઝને આ સજા સંભળાવવામાં આવી હતી. ગયા વર્ષે ટ્રાયલ બાદ અઝીઝને જાતિય હુમલાના ત્રણ ગુનાઓમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ન્યાયાધીશે જણાવ્યું હતું કે, જે ત્રણ મહિલાઓ પર હુમલો કરવામાં આવ્યો હતો તે નોંધપાત્ર હતો. તે સંવેદનશીલ હતું, અને તે રાત્રે એકલા હતા." ત્રણેય મહિલાઓને ઘટના બાદ અલગ-અલગ સમય માટે તેમની ઈચ્છા વિરુદ્ધ રાખવામાં આવી હતી, મોલોયે કોર્ટને જણાવ્યું હતું કે, સૌથી લાંબી અવધિમાં પીડિતાને તેની કારમાં ફસાયેલી, રડતી, ચીસો પાડતી અને બારીઓ પર હાથ મારતી જોવા મળી હતી, તે પહેલાં અઝીઝ તેને $50 ચૂકવવાની શરતે તેને વાહનમાંથી બહાર જવા માટે સંમત થયો હતો. તેણીએ તેને પૈસા આપતા તેને મુક્ત કરવામાં આવી હતી.










તંત્રી સ્થાનેથી

# જનાદેશ 2024 : ભારતમાં તરફડી રહેલાં લોકતંત્ર માટે સંજીવની



તંત્રી - સ્વદેશ

ભારતમાં લોકસભા ચૂંટણીનાં પરિણામે રાજકીય ફલક ઉપર જોરદાર ભૂકંપ સર્જી દીધો છે. ખાસ કરીને ભાજપમાં ચોથા દિવસે પણ સન્નાટો છવાયેલો રહ્યો હતો. રવિવારે સાંજે સાતમાં તબક્કાના મતદાન બાદ એક્ઝિટ પોલમાં પણ ભાજપને 350થી વધુ અને એનડીએને 400 બેઠકો મળવાનું તારણ આવતાં જ ભાજપી નેતાઓ અને કાર્યકરો ગેલમાં આવી ગયા હતા.

ભાજપે આ વખતે અબ કી બાર ૪૦૦ કે પારનું સૂત્ર આપ્યું હતુ. આ સાથે જ ભાજપને ૩૭૦ બેઠક તથા એનડીએ માટે ૪૦૦ પ્લસ બેઠકનો ટાર્ગેટ રખાયો હતો. ચૂંટણીની જાહેરાત બાદ પણ દરેક પ્રચારસભા રેલીઓમાં આ વાતને દોહરાવી કાર્યકરોનો ઉત્સાહ વધારવા પ્રયાસ થયો પરંતુ પરિણામોએ ભાજપના તમામ દાવાની હવા કાઢી નાંખી છે. મંગળવારે જાહેર થયેલાં પરિણામોમાં ભાજપ યુતિ એટલે કે એનડીએને 291 બેઠકો મળી. જેમાં ભાજપને 240, ટીડીપીને 16, જનતા દળ યુને 12 તથા શિંદે ગૂથ શિવસેનાને 7 બેઠકો તથા અન્યને 18 બેઠકો મળી. બીજી બાજુ જે કોંગ્રેસના સફાયાની વાતો મોદી 2014ની પ્રચાર સભાઓથી કરતા હતા, તે કોંગ્રેસે એકલે હાથે 99 બેઠકો અંકે કરી અને તેના ગઠબંધને કુલ 234 બેઠકો પર કબજો કર્યો.

ઈન્ડિયા મોરચામાંથી સ્ટાલિનની ડીએમકે અને મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસે પણ જબરદસ્ત દેખાવ કર્યો છે. યુપીમાં અખિલેશ યાદવ સત્તામાં નથી છતાં સામે પ્રવાહે તરીને તેમણે ભાજપને પછાડયો છે. અખિલેશના ઝનૂનના કારણે સમાજવાદી પાર્ટી તો પાછી બેઠી થઈ જ ગઈ છે પણ સાવ પતી ગયેલી મનાતી કોંગ્રેસ પણ યુપીમાં ફરી બેઠી થઈ ગઈ છે.

અહીં સપા અને કોંગ્રેસે કુલ 41 બેઠકો જીતી અને ભાજપ 30 બેઠકમાં જ સમેટાઈ ગયો છે. રાજસ્થાનમાં ભાજપ પાસેથી કોંગ્રેસે 8 બેઠક આંચકી લીધો તો હરિયાણામાં પણ ભાજપ 10માંથી પાંચ જ બેઠક બચાવી શક્યો હતો. બિહારમાં ભાજપને જનતાદળ યુનો સહયોગ રહ્યો. અહીં 40માંથી ભાજપ-જનતા દળે 12-12 બેઠકો જીતી હતી. એ જ રીતે બંગાળમાં ભાજપની 6 બેઠકો ઘટી ગઈ. 2019માં બંગાળમાં 42માંથી 18 બેઠક ભાજપને મળી હતી. પરંતુ આ વેળા દીદીએ જોર લગાવતા ભાજપનો આંકડો 12 ઉપર જ અટકી ગયો. મહારાષ્ટ્રમાં પણ એનસીપી અને શિવસેનામાં ભંગાણ પડાવ્યા પછી ભાજપને વધુ લાભ થવાની આશા હતી પરંતુ તે ઠગારી નિવડી હતી. 2019માં મહારાષ્ટ્રમાં 48માંથી 23 બેઠક ભાજપ અને 18 શિવસેના તથા 4 એનસીપી જીત્યો હતો. જયારે 2024માં ભાજપને માત્ર 10 જ બેઠક મળી છે. જયારે શંદે શિવસેનાને 7 તથા અજીત પવારની એનસીપીને એક જ બેઠક મળી છે. આ તમામ પ્રદેશોથી વિપરિત કેરળમાં ભાજપનું ખાતુ 1 બેઠક સાથે ખૂલ્યું છે. જયારે આંધ્રમાં 3 તથા તેલગણામાં 8 બેઠક ભાજપને મળી હતી. કર્ણાટકમાં 2019 કરતા 7 બેઠક ઘટી જતાં ભાજપનો જીતનો આંકડો 18 ઉપર જ અટકી ગયો હતો.

ભાજપને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૩૦૩ બેઠક મળી હતી. જયારે આ વખતે ભાજપ 240 બેઠકથી જ સંતોષ માનવો પડ્યો છે. વોટ શેરની દ્રષ્ટિએ ભાજપને 36.56 ટકા વોટ મળ્યા છે. જયારે કોંગ્રેસને 21 ટકા, સપાને 4.58 ટકા, ટીએમસીને 4.37 ટકા મત મળ્યા છે. આ વખતે એકલા ભાજપની બેઠકોમાં ૬૦નો જંગી ઘટાડો થયો છે. ભાજપની બેઠકો ૨૦ ટકા ઘટી છે અને આ ઘટાડો ભાજપ માટે ચિંતાજનક હોવા સાથે બોધપાઠ આપનારો પણ માનવામાં આવી રહ્યો છે. હકીકતમા સત્તાના અહંકારમાં રાચતો ભાજપ ચૂંટણી પહેલાં એન્ટિ-ઈન્કમ્બન્સીની વાત જ કરતો નહતો. જો કે, ભાજપ કેન્દ્રમાં 10 વર્ષથી સત્તામાં હોવાથી એન્ટિ- ઈન્કમ્બન્સીની અસર સંભવના હતી. જે પ્રમાણે પાંચેક ટકાની આસપાસ ઘટાડો થાય તો ભાજપની પંદરેક બેઠક ઘટે તેમ હતુ. પરંતુ ૨૦ ટકા બેઠક ઘટી ગઈ છે. ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ૨૮૨ બેઠક સાથે સ્પષ્ટ બહુમતી મેળવી હતી. આ વખતે ભાજપ એટલી બેઠકો પણ મેળવી શક્યો નથી.

ભાજપ પોતાની તાકાત પર સરકાર રચે એવી શક્યતા નથી. અલબત નીતીશ કુમારની જદયુ અને ચંદ્રાબાબુ નાયડુની ટીડીપીએ થોડી ઘણી આબરૂ સાચવી છે. હવે ભાજપના આ કંગાળ પ્રદર્શનના કારણો શોધાય રહ્યા છે. પાર્ટીના નેતાઓ દબાયેલા સ્વરે અનેક કારણો આપી રહ્યા છે. પરંતુ જોવા જઈએ તો આ હાર ભાજપની નહીં, પણ નરેન્દ્ર મોદીની હાર છે એ વાત કોઈ કહી રહ્યું નથી. ૨૦૧૪ અને ૨૦૧૯માં મોદીએ ભાજપને સ્પષ્ટ બહુમતી અપાવીને સરકાર રચી હતી. ભાજપે એ બંને ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને શ્રેય આપ્યો હતો. આ ચૂંટણીમાં પણ મોદીએ તેના નામે જ ગેરેન્ટી આપી હતી. પ્રચાર સભામાં તેઓ માત્ર મોદી મોદીની યોજનાઓ, કામો વગેરે વાતો પ્રજા સમક્ષ મુકતા હતા. ભાજપનો આખો ચૂંટણીપ્રચાર મોદીલક્ષી જ હતો. ભાજપનો વધુ પડતો આત્મવિશ્વાસ તેને નડી ગયો છે. ચૂંટણીમાં કોઈ મોટા મુદ્દા ભાજપે ઉઠાવ્યા ન હતા. તેના ઢંઢેરામાં વર્તમાન સમસ્યાનો ઉકેલને બદલે 2047 સુધીમાં વિક્સિત ભારતની વાતો કરવામાં આવી હતી. યુપીમાં અખિલેશ અને રાહુલને હળવાશથી લીધા હતા.

આ ઉપરાંત પ્રજાના મુદ્દાની વાતો કરતા વિરોધ પક્ષના નેતાઓની પણ ભાજપના નેતાઓ સતત મજાક કરતા રહ્યા હતા. ભાજપ નેતાઓને હતુ કે આપણી પાસે તો મોદીનો ચહેરો છે. મોદીએ છેલ્લાં 10 વર્ષમાં પીએમ આવાસ યોજના, જનધન યોજના, આયુષ્યમાન કાર્ડ તથા કામદારો માટેની યોજના અમલમાં મુકી છે. એટલું જ નહીં, ચાર વર્ષથી તો દેશના 80 કરોડથી વધુ લોકોને મફત અનાજ પણ આપ્યું છે. તેથી લોકો ભાજપને જ મત આપશે. ભાજપી નેતાઓનો અહમ એટલે સુધી આસમાને હતો કે, થોડા દિવસ પહેલાં જ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાએ જાહેરમાં કહ્યું હતુ કે, અમને આરએસએસની મદદની પણ જરૂર નથી. ભાજપ મોદીના કારણે પોતાની તાકાત ઉપર જીતી શકે છે. ભાજપનાં ચૂંટણીનાં પોસ્ટરમાં ક્યાંય ભાજપ આ વચન આપે છે એવું નહોતું કહેવાતું, પણ મોદી કી ગેરંટી એવા શબ્દો ભાજપે વાપર્યા હતા.

વળી, મોદીએ ૩ કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવાથી માંડીને રાહત દરે ગેસ સિલિન્ડર આપવા સુધીની ગેરંટીઓ આપી અને બીજાં પણ ઢગલાબંધ વચનો પણ આપ્યા હતા. જો કે, લોકો પર આ ગેરન્ટીઓની કોઈ અસર ન થઈ. મોદીએ તો વિરોધીઓ સત્તામાં આવશે તો ઓબીસી માટેની અનામત મુસ્લિમોને આપી દેશે, મહિલાઓનાં મંગળસૂત્ર છિનવીને મુસ્લિમોને આપી દેશે એવી વાતો પણ કરી હતી. પરંતુ લોકોએ તે વાતોને પણ સ્વીકારી નથી.

**અનુસંધાન પેજ નં. 17 પર**

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)

MADHUSUDAN LAMA
647-833-4477

HETAL SHAH
416 -522-1676

ANIRUDH LAMA
416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# SGSTનો સપાટો : ત્રણ શહેરોમાં 40 કરોડની કરચોરી ઝડપાઈ

## અમદાવાદ, સુરત અને રાજકોટના 24 જેટલા સ્થળે દરોડા, ગ્રાહકો પાસે વેરો વસૂલ્યા બાદ સરકારને જમા કરાવતા ન હતા

**ગાંધીનગર**

રાજ્યમાં GST ચોરી સામે તંત્રએ કડક વલણ અપનાવતા,ચોરી-છૂપેથી વ્યવહારો કરતાં વેપારીઓ અને એકમોને ઝપટે લીધા છે. રાજ્યના મોટા શહેરો જેમ કે અમદાવાદ, વડોદરા અને સુરતમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા આઈસ્ક્રીમ અને જ્યુસ પાર્લર પર ધોંસ બોલાવવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન અંદાજે રૂપિયા 40 કરોડ જેટલી રકમના ગેરકાયદે વ્યવહારો જોવા મળ્યા હતા. આ ઉપરાંત ગ્રાહકો પાસે કાયદેસરનો વેરો વસૂલ્યા બાદ  પણ અલગ અલગ રીતથી કરચોરી આચરાતી હોવાનું પણ સામે આવ્યું છે. વ્યાપારીઓ દ્વારા જ ઓનલાઈન પેમેન્ટ અને ક્યુઆર કોડ સ્કેનરના પેમેન્ટમાં પણ મોટાપાયે ગેરરીતિઓ આચરાતી હોવાનું ખૂલ્યું છે.

રાજ્યના GST વિભાગ દ્વારા અલગ-અલગ સેક્ટરમાં કરચોરી કરનારા વેપારીઓ સામે લાલ આંખ કરવામાં આવી હતી. જીએસટી વિભાગના ધ્યાને આવ્યું હતું કે લાંબા સમયથી રાજ્યના અમદાવાદ, સુરત અને રાજકોટના અંદાજિત 24 જેટલા અને મોટા ટર્નઓવર ધરાવતા




આઈસ્ક્રીમ પાર્લર અને જ્યુસ પાર્લર તેમજ ખાણીપીણીના મોટા સ્ટોલ્સનાં લગભગ 47 જેટલા ધંધાકીય સ્થળોએ તપાસ આદરી હતી.

આઆ તપાસ કાર્યવાહી દરમિયાન જીએસટી વિભાગને અંદાજિત રકમ 40 કરોડથી વધુના છૂપાવાયેલા વેચાણો મળી આવ્યા. આઆ તમામ પેઢીઓમાં કરચોરીનાં આશયથી ભજિયાનાં રૂ. 6.75 કરોડ, પિઝાના રૂ. 4 કરોડ, આઈસ્ક્રીમ અને જ્યુસ ના રૂ. 30 કરોડના છૂપાયેલા વેચાણો સાથે કુલ મળીને 40 કરોડથી વધુના છૂપાવાયેલા વેચાણો હાથ લાગ્યા હતા.

કીમિયાગર વ્યાપારીઓએ આઈસ્ક્રીમ કે જ્યુસ બનાવવા માટે જરૂરી કાચામાલની ખરીદીઓ હિસાબી ચોપડે દર્શાવ્યા વગર રોકડથી દર્શાવ્યો હતો. સામાન્ય રીતે વ્યાપારીઓ જ્યારે રોકડથી વેચાણ કરતાં હોય છે ત્યારે મોટા ભાગે બિલો આપવાનું ટાળતા હોવાની સામાન્ય સમજ છે.

# સુરતમાં ભાજપના મહિલા નેતાએ અનેક કોર્પોરેટરો-નેતાઓના પૈસા ખંખેરી લીધા!

**સુરત**

સુરત ભાજપના મહિલા કોર્પોરેટર અને આરોગ્ય સમિતિના પૂર્વ અધ્યક્ષ દર્શિની કોઠિયા સામે પૈસા લઈને પાછા ન આપવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ ત્રણ વર્ષ બાદ નોંધવામાં આવી છે. આ ખેલ લાંબા સમયથી ચાલતો હતો. પોતે કે સગાની બીમારી ઉપરાંત અન્ય કોઈ નામે આ મહિલા કોર્પોરેટરે લોકો પાસે મોટી રકમ ઉસેટી લીધી હોવાનો ગણગણાટ હાલ સાંભળવા મળી રહ્યો છે. આ ઉપરાંત કેટલાક સાથી કોર્પેરેટરો પાસે પણ મોટી રકમ લીધી છે. એટલું જ નહી પરંતુ અન્ય પાસે વ્યાજે રકમ લઈ પરત કરવામાં આવી નથી, તેમાં પણ અનેક કોર્પોરેટરો ભેરવાયા છે.

આ મહિલા કોર્પોરેટર અનેક લોકોને એક જ પેટર્નમાં મેસેજ કરે છે, મને અર્જન્ટ હેલ્પની જરૂર છે કરશો? બે લાખની જરૂર છે કરાવી શકશો? પોસીબલ છે ? આવા પ્રકારના મેસેજ બાદ અનેક લોકોને ખંખેરી લેવામાં આવ્યા છે. આ પૈસા લેવા માટે અનેકને ચેક કે કેટલાકને બાંહેધરી લખી આપવામાં આવી છે પરંતુ હજુ કોઈને પૈસા પરત મળ્યા નથી. એક પોલીસ ફરિયાદ થઈ છે ત્યાર બાદ અનેક લોકો બહાર આવે તેવી શક્યતા છે. આ બધુ જ ભાજપના નેતાઓને ખબર છે, પરંતુ હજુ કોઈ પગલાં નહીં ભરાતા હજી પણ લોકો પાસે પૈસા લેવામાં આવી રહ્યા છે.

હાલમાં જ ભાજપના મહિલા કોર્પોરેટર ગીતા રબારી અને તેમના પરિવારે મ્યુનિસિપલ કોર્પોરેટરના સ્ટાફ પર હુમલો કરીને ગેરકાયદે બાંધકામનું ડિમોલિશન અટકાવ્યું હતુ. તેમની સામે મ્યુનિસિપલ કોર્પોરેટરના સ્ટાફે પોલીસમાં અરજી કરી છે. આવી ગંભીર ઘટના બાદ પણ આવા કોર્પોરેટરો સામે કોઈ પગલાં ભરવામાં આવતા ન હોવાથી તેઓ બેફામ બની રહ્યા છે. તો બીજી તરફ લોકો માટે પ્રશ્નો ઉઠાવતા ધારાસભ્યો, સાંસદ અને કોર્પોરેટરોને શિસ્તના નામે ચૂપ કરી દેવામાં આવે છે.

# અમદાવાદથી રમકડાં-લંચ બોક્સમાં લવાતો દોઢ કરોડનો ગાંજો પકડાયો

**અમદાવાદ**

ગુજરાત રાજ્ય હવે ધીરે ધીરે ડ્રગ્સ જેવા નશીલા પદાર્થોની હેરાફેરી માટે સોફ્ટ ઝોન બની ગયું હોય તેમ ડ્રગ્સની હેરાફેરીના બનાવ બનતા રહે છે. ત્યારે અમદાવાદમાં શહેર ક્રાઈમ બ્રાન્ચ અને કસ્ટમ વિભાગે સયુંકત કાર્યવાહી કરીને 1.50 કરોડની કિંમતનો ગાંજોજપ્ત કર્યો હતો. શાહીબાગ ફોરેન પોસ્ટ વિભાગની ઓફિસમાં સર્ચ દરમિયાન આ રેકેટનો પર્દાફાશ થયો છે. શહેર ક્રાઈમ બ્રાન્ચ અને કસ્ટમ વિભાગની સયુંકત કાર્યવાહી કરીને અમદાવાદમાંથી 1.50 કરોડનો વિદેશી હાઈબ્રીડ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. આ ગાંજો લંચ બોક્સ, રમકડાં અને ડ્રેસના પાર્સલમાં સંતાડીને કેનેડા, યુએસ, થાઈલેન્ડમાંથી મોકલવામાં આવ્યો હોવાની વાતનો ખુલાસો થયો છે. આ તપાસ દરમિયાન 14 જેટલા શંકાસ્પદ પાર્સલ મળ્યા હતા. જેમાંથી અમદાવાદમાં 5 પાર્સલ, ગાંધીનગર 3, સુરત 3, વાપી અને પાલનપુર 1 પાર્સલ મોકલાવવાનું હતું. જો કે તેના પર પાર્સલ મેળવનારના સરનામા બનાવટી હોવાનું તપાસમાં ખૂલ્યું છે. લંચ બોક્સ, રમકડાં અને ચોકલેટ જેવા પાર્સલમાં હાઈબ્રીડ ગાંજો હોવાની મળેલી બાતમીના આધારે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ અને કસ્ટમ વિભાગે સર્ચ ઓપરેશન કર્યું હતું. જેમાં આ હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. આ મામલે હજુ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.


ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering

Limited (with sweet & Farsan) $10.00 +Tax

Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL

$ 14.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો

-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી

-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544

BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013

THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777

PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# અમેરિકાના નામે વીઝા એજન્ટ દ્વારા 40 લાખની ઠગાઈ

## પરિવારને બેંગકોક, થાઇલેન્ડ અને મોરક્કોમાં ચાર મહિનાઓ સુધી ફેરવીને પરેશાન કરાયો : ઘાટલોડિયા પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લાના કલોલમાં આવેલા શક્તિવિજય સોસાયટીમાં રહેતા જીતેન્દ્રભાઈ પરમારને અમેરિકા નોકરી માટે જવાની ઇચ્છા હોવાથી તેમના એક સહકર્મચારીએ મહેસાણા જિલ્લાના જોરંણ ગામમાં રહેતા ભાવેશ પટેલનો સંપર્ક કરાવી આપ્યો હતો.

જે બાદ તે જીતેન્દ્રભાઈને લઈને ઘાટલોડીયામાં આવેલા સત્યા-૨ કોમ્પ્લેક્સ સ્થિત બોર્ન ટુ ફ્લાય નામની ઓફિસ પર લઈને આવ્યો હતો. આ ઓફિસ પર તેણે મિહિર પટેલ (રહે. સમર્પણ ટાવર, અંકુર ચાર રસ્તા, નારણપુરા) અને તેમના મોટાભાઈ તુષાર સાથે પરિચય કરાવ્યો હતો. મિહિર પટેલે જીતેન્દ્રભાઈને તેમના પત્ની અને પુત્ર સાથે કાયદેસર અમેરિકા સેટ કરવાની ખાતરી આપીને એક કરોડની ડીલ કરી હતી. જે પૈકી ૨૫ લાખ એડવાન્સ માંગ્યા હતા. જે પછી તમામના પાસપોર્ટ અને અન્ય દસ્તાવેજ લઈને ગત ૧૭મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ બેંગકોક થઈને અમેરિકા જવા માટેની વાત કરી હતી. જીતેન્દ્રભાઈ અને તેના પરિવાર સાથે ભાવેશ પટેલ પણ બેંગકોક આવ્યો હતો. ત્યાં પાંચ દિવસ રહ્યા બાદ ભાવેશે જણાવ્યું હતું કે બેંગકોકથી અમેરિકાના વિઝા થઈ શકે તેમ નથી. જેથી મોરક્કો જઈને વિઝાની પ્રક્રિયા કરવી પડશે. પરંતુ, ભાવેશ તેમને મોરક્કોની ફ્લાઈટની ટિકિટ કરાવીને ભારત પરત આવી ગયો હતો. મોરક્કો એરપોર્ટ પર પહોચ્યા ત્યારે ઈમીગ્રેશન વિભાગમાં જાણવા મળ્યું હતું કે મિહિર પટેલે જે હોટલ બુકિંગ કર્યું હતું તે બનાવટી હતું. તે પછી મિહિર પટેલને આ અંગે જાણ કરતા તેણે મોરક્કોમાં એક ફ્લેટમાં ભાડે રહેવા માટે મોકલી આપ્યા હતા. જ્યાં ચાર મહિના સુધી રહ્યા હતા. પરંતુ, ત્યારબાદ પણ વિઝાની કામગીરી થતી નહોતી અને જીતેન્દ્રભાઈ તેમજ તેમના પુત્રની તબિયત લથડી હતી. જેથી મિહિરને ફોન કરતા તેણે ફોન ઉપાડવાનું બંધ કર્યું હતું. બાદમાં તેણે ફોન રીસિવ કરીને મિહિર પટેલે કહ્યું હતું કે વિઝા માટે હવે તમામને સાલ્વાડોર જવાનું થશે. જો મલેશિયા નહી જાવ તો મોરક્કો પોલીસમાં સમગ્ર પરિવારને પકડાવી દઇશ. જેથી ડરીને જીતેન્દ્રભાઈ અને તેમનો પરિવાર સાલ્વાડોર જવા તૈયાર થયા હતા અને મિહિરે તેમને બનાવટી એર ટિકિટ મોકલી આપી હતી. જે બાદ એક વ્યક્તિએ તેમને એક રૂમમા રહેવા માટે મોકલીને તમામના પાસપોર્ટ લઈ લીધા હતા. તે પછી ભાવેશ પટેલ પણ મલેશિયા આવ્યો હતો. તેણે જીતેન્દ્રભાઈના પરિવારને રૂમમાં ગોંધી રાખ્યા હતા. દરમિયાન જીતેન્દ્રભાઈના વિઝા પૂર્ણ થઈ ગયા હોવાથી વધારાના વિઝા અપાવવા અને પાસપોર્ટ પરત કરવાના બદલામાં મિહિર પટેલે રૂપિયા ૧૦ લાખની માંગણી કરી હતી. જેથી જીતેન્દ્રભાઈના ભાઈ ભાવિકભાઈએ સોનાના દાગીના વેંચીને ૧૦ લાખની રોકડની વ્યવસ્થા કરીને મિહિરના ભાઈ તુષાર અને તેના પિતા કૃષ્ણકાંત પટેલને ચુકવી આપ્યા હતા. ત્યારપછી જીતેન્દ્રભાઈને પાસપોર્ટ પરત અપાયા હતા. પરંતુ, તેમને આપવામાં આવેલા સાત દિવસના વિઝા બનાવટી હોવાનું જાણવા મળ્યું હતું.

# સ્માર્ટ મીટરનો અનોખી રીતે વિરોધ વડોદરામાં ગ્રાહકોએ બેસણું યોજ્યું

**વડોદરા**

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં સ્માર્ટ વીજ મીટર લગાવતા બિલ ત્રણ ગણું આવતું હોવાની આશંકાના આક્રોશ સાથે શરૂ થયેલા વિરોધનો વંટોળ ઘટવાના બદલે દિન પ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે સુભાનપુરા વીજ નિગમ કચેરી સામે આજે (ત્રીજી જૂન) સવારે આપના આગેવાન વિરેન રામીની આગેવાનીમાં તંત્ર સામે સ્માર્ટ મીટરનો અનોખી રીતે વિરોધ કર્યો હતો. જોમાં સ્માર્ટ મીટર પરત લગાવવાની માંગ સાથે સફેદ કપડાં પહેરીને મોટી સંખ્યામાં લોકોએ બેસણું યોજીને વિરોધ કર્યો હતો.

સ્માર્ટ મીટરમાં ત્રણ ગણું વીજ બીલ આવતું હોવાથી ગ્રાહકો ભડક્યા છે અને ઠેર ઠેરથી સ્માર્ટ મીટરનો વિરોધ કરી રહ્યા છે. જેમાં ઉશ્કેરાયેલા વીજ મીટર ધારકો દ્વારા સ્થાનિક વીજ કચેરીને તાળાબંધી કરવાના પણ કાર્યક્રમ યોજાયા હતા. આજે ગોરવા સુભાનપુરા જલારામ મંદિર પાસે આવેલી વીજ નિગમ કચેરીએ સ્માર્ટ મીટરના બેસણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રોષે ભરાયેલા ગ્રાહકોએ સફેદ કપડાં પહેરીનમાં પરિધાન થઈને મોટી સંખ્યામાં એકત્ર થઈને વીજ તંત્ર સમક્ષ પોતાનો રોષ ઠાલવ્યો હતો.

# ખેડાની પરિણીતા સાથે દુષ્કર્મ કેસમાં ધોળકાના આરોપીને 10 વર્ષની કેદ, 25 હજારનો દંડ

**નડિયાદ**

ખેડાની પરિણીતા પર દુષ્કર્મ ગુજાર્યાના કેસમાં ધોળકાના આરોપીને નડિયાદ સેશન્સ કોર્ટે ૧૦ વર્ષની સજા અને રૂા. ૨૫ હજારનો દંડ ફટકાર્યો છે. તેમજ કોર્ટે દંડની રકમમાંથી રૂા. ૧૫ હજાર અને રૂા. ૧ લાખ ભોગ બનનાર પીડિતાને ચૂકવવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે, આરોપી ફારૂક દિલાવર ઉર્ફે ભુપતભાઈ શેખ (ઉ.વ.૩૦) (રહે. ધોળકા)એ ભોગ બનનાર પીડિતાને (ઉ.વ.૨૯) ને લગ્ન કરવાની લાલચ આપી ભોગ બનનારના દિકરા (ઉ.વ.૪)ને સારી રીતે રાખીશ તેવી ખાતરી આપી લઈ ગયો હતો. તા.૦૩/૧૨/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ના સમયગાળા દરમિયાન અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેણીની મરજી વિરુદ્ધ પીડિતા પર આરોપીએ દુષ્કર્મ આચર્યું હતું.

આ બાબતની ભોગ બનનાર પીડીતાએ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ-૩૭૬ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજુ કર્યો હતો. આ કેસની ચાર્જશીટ ખેડા જિલ્લાના સેશન્સ કોર્ટ જજ એસ.પી. રાહતકરની કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. આ કેસમાં સરકારી વકીલની દલીલો તેમજ ફરિયાદ પક્ષે સાહેદોના મૌખિક પુરાવા તેમજ ૧૮ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ સેશન્સ જજે આરોપીને સજા ફટકારી છે. જેમાં ઈ.પી. કો કલમ ૩૭૬(૨)(એન) મુજબના ગુનામાં ૧૦ વર્ષની સખત કેદની સજા તથા રૂ. ૨૫,૦૦૦નો દંડ, જો દંડની રકમ ન ભરે તો વધુ ૬૦ દિવસની સાદી કેદની સજા, દંડની રકમમાંથી ભોગ બનનારને રૂ. ૧૫,૦૦૦ ચૂકવી આપવાનો તેમજ ભોગ બનનારને રૂ. ૧,૦૦,૦૦૦ વળતર પેટે ચૂકવી આપવા કોર્ટે હુકમ કર્યો છે.

# માતર તાલુકાના હાડેવા ગામે પ્રેમીએ ગળુ દબાવી પરિણીત પ્રેમિકાને મોતને ઘાટ ઉતારી

## આરોપીની અટકાયત કરી લીંબાસી પોલીસે એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા

**નડિયાદ**

કરમસદ જીઆઈડીસીમાં નવાપુરામાં રહેતા કૈલાશબેન ચીમનભાઈ ઠાકોરની દીકરી હિરલબેનના લગ્ન ૧૦ વર્ષ પહેલા મેલાભાઈ શનાભાઈ ઠાકોર સાથે થયા હતા. આ લગ્નજીવન દરમ્યાન બે સંતાનો ધુરવલ અને દેવાંશી હતા. છતાં છ માસ અગાઉ હિરલ પોતાના ઘરેથી નીકળી જઈ ખંભાતના પૃથ્વીરાજ અગરસિંહ રાઓલ સાથે પ્રેમ સંબંધ હોવાથી બંને હાડેવામાં રાજુભાઈ લાલુભાઈ શેખના ખેતરમાં પતિ પત્ની હોવાનું કહી રહેતા હતા. પરંતુ બંને પતિ પત્ની ન હોવાની જાણ થતા રાજુભાઈ શેખ યુવતીને સમજાવી કરમસદ ખાતે તેણીની માતાના ઘરે મૂકી આવ્યા હતા.

ત્યારબાદ ગઈ કાલ રવિવારે હિરલ તેની માતા કૈલાશબેનને સાથે લઈ રીક્ષામાં રાજુભાઈની ખબર અંતર પૂછવા હાડેવા જવા નીકળ્યા હતા, ત્યારે પૃથ્વીરાજ અગરસિંહ રાઓલ પ્રેમિકાને મળવા પીછો કરી હાડેવા ગયો હતો. આ દરમિયાન હિરલ બહેનપણીને મળવાનું બહાનું કાઢી થોડીવારમાં આવું છું કહી પ્રેમીને મળવા રાજુભાઈના ઘરેથી નીકળી હતી. બાદમાં હિરલ ઘરે ન આવતા તપાસ કરતાં ગામ નજીક આવેલી મેજિક ફેક્ટરીના ગાર્ડરૂમના ઓટલા પર પૃથ્વીરાજ બેઠો હતો. જ્યારે હિરલ મૃત હાલતમાં મળી આવી હતી. આ અંગેની જાણ લીંબાસી પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ પૃથ્વીરાજ રાઓલની અટક કરી પૂછપરછ કરતા હિરલે સાથે જવા ના પાડતા પૃથ્વીરાજે આવેશમાં આવી પ્રેમિકા હિરલનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી હોવાની કબુલાત કરી હતી.

# ગળતેશ્વર પાસે મહીસાગર નદીમાં ડૂબી જવાથી અમદાવાદના 3 યુવકોના મોત

**ઠાસરા**

ડેસર તાલુકાના વરસડા ગામ નજીક મહીસાગર નદીમાં રવિવારે નહાવા પડેલા અમદાવાદના ચાર યુવકો ડૂબ્યા હતા. જેમાંથી એકનો આબાદ બચાવ થયો હતો. જ્યારે અન્ય ત્રણ મિત્રોની લાશ સોમવારે ગળતેશ્વર મહાદેવ વિસ્તારમાંથી નદીમાંથી મળી આવી હતી. ગળતેશ્વર મહાદેવ ખાતે આવેલી મહીસાગર નદીમાં નહાવા માટે ગત તા.૨ જૂનને રવિવારે અમદાવાદના ચાર મિત્રો આવ્યા હતા. તેઓ ડેસર તાલુકાના વરસડા ગામ તરફ કોરી પાસેના પટમાં આવેલી ભેખડોમાં રહેલા પાણીમાં નહાવા પડયા હતાં. ત્યારે હિતેશભાઈ મહેશભાઈ ચાવડા (ઉ.વ.૩૮), વાઘેલા પ્રદિપભાઈ શિવાભાઈ (ઉ.વ.૩૯), સુનિલભાઈ જે.કુશવાહા (ઉ.વ.૪૦) અને દિપકભાઈ જગદીશભાઈ બોઘા નદીમાં ડૂબવા લાગ્યા હતા. આ અંગેની જાણ થતાં સરનાલ ગામના સરપંચ, તલાટી સહિતના ઘટનાસ્થળે પહોંચ્યા હતાં અને સ્થાનિક તરવૈયાઓની મદદથી કામગીરી હાથ ધરી હતી. દરમિયાન દિપકભાઈનો આબાદ બચાવ થયો હતો. જ્યારે તા.૩ જૂનને સોમવારે નદીમાંથી દિતેશભાઈ, પ્રદિપભાઈ અને સુનિલભાઈની લાશ મળી આવી હતી. આ અંગે ગળતેશ્વર તાલુકા પોલીસને જાણ કરાઈ હતી.

# પાલનપુરમાં કોલેરાથી 23 લોકોની તબિયત તથડી, રિપોર્ટ પોઝિટિવ

**પાલનપુર**

ગુજરાતમાં ફરી કોલેરાએ હાહાકાર મચાવ્યો છે. 23ને ઝાડા ઉલટી થતા એક વ્યક્તિના સેમ્પલમાં કોલેરાના લક્ષણો આવતા વહીવટી તંત્ર એલર્ટ મોડમાં જોવા મળી રહ્યું છે. જેના પગલે જિલ્લા કલેકટરે જાહેરનામું પાડીને પાલનપુરના વોર્ડ નંબર 6 ને કોલેરાગ્રસ્ત જાહેર કરાયો છે. આ વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરાતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પાલનપુર શહેર વોર્ડ નંબર -6 ના વિસ્તારને "કોલેરાગ્રસ્ત" જાહેર કરાયો છે. જિલ્લા કલેકટરે જાહેરનામું પાડીને પાલનપુરના વોર્ડ નંબર 6 ને કોલેરાગ્રસ્ત જાહેર કર્યો છે. એક સાથે 23 વ્યક્તિઓને ઝાડા ઉલટી થતા એક વ્યક્તિના સેમ્પલમાં કોલેરાના લક્ષણો આવતા વોર્ડ નંબર 6ને કોલેરા ગ્રસ્ત જાહેર કરાયો છે. પાલનપુર શહેરી વોર્ડ નંબર -6 ના વિસ્તાર (ખાસદાર ફળી, ભકતોની લીંમડી, નાની બજાર, રબારીવાસ, જમાદારવાસ, ગોબાંદવાસ, સલાટવાસ, સુન્નીવોરવાસ, કચરૂ ફળી, આંબલી દરગાહ સહિતના વિસ્તારનો 2 કિ.મી. સુધીનો વિસ્તાર કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરાયો છે.

# ખેડાના વડાલામાં હોજની દિવાલ તુટી પડતાં એક જ પરિવારની ત્રણ દીકરીઓના દટાઈ જતાં મોત

**નડિયાદ**

ખેડા તાલુકાના વડાલા સીમમાં જર્જરિત પાણીના હોજની દીવાલો તૂટી પડતા ત્રણ બાળકીઓ તેની નીચે દબાઈ ગઈ હતી. ત્રણેય બાળકીઓને હોસ્પિટલ ખસેડાઈ હતી. જ્યાં ત્રણેય બાળકીઓનું મોત નિપજ્યું હતું. એક જ પરિવારની ત્રણ દીકરીઓના એક સાથે મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

વડાલા ગામે રહેતા સૂર્યદીપસિંહ ધનવંતસિંહ પરમાર તેમની દીકરી પરમેશ્વરીબા (ઉ.વ.૭) તથા ભત્રીજીઓ મહેશ્વરીબા ચંદ્રજીતસિંહ પરમાર (ઉ.વ.૯) અને આરાધ્યાબા ચંદ્રજીતસિંહ પરમાર (ઉ.વ.૪)ને લઈ ખેતરમાં ગયાં હતાં. જ્યાં ત્રણેય બાળકીઓ પોતાના ખેતરમાં આવેલા બોરકુવા પાસે રમતી હતી.

દરમિયાન બોર પાસેના જર્જરિત થઈ ગયેલા પાણીના હોજની દીવાલો તૂટી પડતા બાળકીઓ હોજની બંને બાજૂની દીવાલો નીચે દબાઈ ગઈ હતી. દુર્ઘટનાની જાણ થતાં સૂર્યદીપસિંહ સહિતના લોકોએ દોડી જઈ ઈંટોનો કાટમાળ હટાવી દબાઈ ગયેલી બાળકીઓને બહાર કાઢી હતી. ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી ખેડાની હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

જ્યાંથી વધુ સારવાર માટે ખેડાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ત્રણેય દીકરીઓને મૃત જાહેર કરવામાં આવી હતી. આ અંગે ખેડા ટાઉન પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદની સિવિલ હોસ્પિટલની સિધ્ધિ ત્રણ વર્ષમાં 500 કરતાં વધુ અંગોનું મળ્યું દાન

**અમદાવાદ**

અમદાવાદની સિવિલ હોસ્પિટલને સાડા 3 વર્ષમાં 500 કરતાં વધુ અંગોનું દાન મળ્યું છે. જેમાં અમદાવાદ સિવિલમાં આજે 155મું અંગદાન થયુ છે. અંગદાનમાં લીવર, બે કિડની, હૃદય સહિત 4 અંગનું દાન કરાયું છે. મહત્તમ લોકોમાં અંગદાનને લઈ જાગૃતતા વધી રહી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલની ઐતિહાસિક સિધ્ધિ કહી શકાય છે.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ અમદાવાદના છત્રાલમાં રહેતા 32 વર્ષીય ઉપેન્દ્રસિંહ શિવશંકર 1 જૂનના રોજ પડી જતા માથાના ભાગે ઈજા પહોંચી હતી. જેથી તેમને પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ડોક્ટરોએ ઉપેન્દ્રસિંહને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. જેમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપરિટેન્ડન્ટ ડો.રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, ઉપેન્દ્રસિંહના અંગદાનથી મળેલ



કીડની તેમજ લીવરને સિવિલ મેડિસિટી કેમ્પસની જ કીડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. તેમજ હૃદયને યુ.એન.મહેતા હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરી કુલ ચાર લોકોની જિંદગી આપણે બચાવી શકીશું.

કુલ 155 અંગદાતાઓ થકી કુલ 501 અંગો તેમજ ચાર સ્કીનનું દાન મળેલ છે. જેના થકી 485 વ્યક્તિઓને જીવનદાન મળ્યુ છે. ગુજરાતના જિલ્લા પ્રમાણે જોવામાં આવે તો સુરતમાંથી સૌથી વધુ 652, અમદાવાદમાંથી 205, વડોદરામાંથી 143, નર્મદામાંથી 135 અને ભાવનગરમાંથી 107 દ્વારા મૃત્યુ બાદ સ્વૈચ્છિક અંગદાન માટે સંમતિ આપી છે.

# નડિયાદ ન.પા.ના સભ્યના દીકરા સહિત 2 સામે એટ્રોસિટીની ફરિયાદ

**નડિયાદ**

નડિયાદમાં જવાહર નગર ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા પ્રતીક ડાહ્યા સોલંકી તા.૩ જૂનની રાત્રે ઘર પાછળ આવેલા અંબા માતાના મંદિરે પોતાના મિત્રો પ્રથમ ભરતભાઈ સોલંકી, કીશનભાઈ જતીનભાઈ ભટ્ટ તથા શ્લોક કૌશીકભાઈ જોશી સાથે બેઠા હતા. દરમિયાન ગાડી લઈને આવેલા જવાહર નગર વોર્ડ નં.૩ના પાલિકા સભ્ય મીનાબેન દાદલાણીનો દીકરો ગિરીશ અર્જુન દાદલાણી (રહે. મંજીપુરા રોડ) લાકડાનો ડંડો લઈ ગાડીમાંથી ઉતરી જાતિ વિરૂદ્ધ શબ્દો બોલી અપમાનિત કરી અપશબ્દો બોલી, તું મારી પીઠ પાછળ કેમ ગમે તેમ અપશબ્દો બોલે છે તેમ કહી પ્રતીકને લાકડાના દંડા અને ગડદાપાટુનો માર માર્યો હતો. જ્યારે ગિરીશના સાળા ભાવેશે પ્રતીકને માથામાં ઈંટ મારી હતી. તેમજ યુવકના ભાઈ અને ભાભીને માર માર્યો હતો. આ અંગે પ્રતિક સોલંકીની ફરિયાદના આધારે નડિયાદ શહેર પોલીસે ગિરીશ દાદલાણી અને તેના સાળા ભાવેશ સામે એટ્રોસિટી હેઠળ ગુનો નોંધ્યો હતો.

# માવઠાથી નુકસાન થતાં સર્વે : ટૂંક સમયમાં 27 કરોડની સહાય અપાશે

**ગાંધીનગર**

રાજ્યમાં મે મહિનામાં થયેલ કમોસમી વરસાદના પગલે ખેતીપાકોમાં થયેલ નુકસાન અંગેનો સર્વે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો અને જે હવે પૂર્ણ થઈ ચૂક્યો છે. મે મહિનાના કમોસમી વરસાદને કારણે સુરત, નર્મદા અને વલસાડ જિલ્લામાં તેમજ મધ્ય અને ઉત્તર ગુજરાતનાં અન્ય જિલ્લાઓમાં આ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ રિપોર્ટ કૃષિ વિભાગને સોંપી દેવામાં આવ્યો છે, હવે આગામી સમયમાં ગુજરાત સરકાર 27050 કરોડથી વધુની સહાય ખેડૂતોને ચૂકવશે.

કૃષિ વિભાગે સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, ખેડા સહિત જિલ્લામાં સર્વેની કામગીરી હાથ ધરી હતી. કૃષિ વિભાગના સર્વે અનુસાર 7 જિલ્લામાં 16,177 હેક્ટર વિસ્તારમાં અને 10,943 ખેડૂતોને કમોસમી વરસાદથી નુકસાન થયું હોવાની વિગતો સામે આવી છે. સર્વે બાદ હવે રાજ્યના ખેડૂતોને 27.50 કરોડથી વધુની સહાય આગામી સમયમાં રાજ્ય સરકાર SDRFના નિયમો અનુસાર ચૂકવશે.



રાજ્યમાં કુલ 11.49 લાખ હેકર વિસ્તારમાં કરવામાં આવેલ ઉનાળુ પાકના વાવેતરને નુકસાન થયું હતું. જેમાંથી 12 જિલ્લાના 8.23 લાખ હેક્ટર વિસ્તારમાં ડાંગર, બાજરી, મગ, મગફળી અને તલ જેવા પાકોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જો કે ઉનાળાના અંતના ગાળામાં પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોના મોંમાં આવેલો કોળિયો છીનવાઈ ગયો હતો. આ વરસાદથી વલસાડ જિલ્લામાં કેરીનાં પાકને સૌથી વધુ નુકસાન થયું છે. વલસાડ જિલ્લાનમાં 73.31 હેક્ટરનો અસરગ્રસ્ત વિસ્તારમાં સમાવેશ થાય છે. સુરત જિલ્લામાં 5887.40 હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. જ્યારે નર્મદા જિલ્લામાં 1479 હેક્ટર વિસ્તારને નુકસાન થયું છે.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટ અગ્નિકાંડ તપાસ માટે SITને વધુ 15 દિવસનો સમય

## 10 દિવસ અગાઉ ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગને કારણે 27 નિર્દોષોના મોત થાય હતા, પકડાયેલા આરોપીના રિમાન્ડ પૂર્ણ થયા

**રાજકોટ**

રાજકોટ અગ્નિકાંડને લઈ રાજયસરકાર દ્વારા SITની રચના કરવામાં આવી છે,આ SIT દ્વારા અલગ-અલગ અધિકારીઓના નિવેદન લેવામાં આવ્યા છે તેમજ ઘણા અધિકારીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે,રાજય સરકાર દ્વારા SITને લઈ ટીમનુ નિર્માણ કરવામાં આવ્યું છે અને તેના વડા તરીકે સુભાષ ત્રિવેદી છે,રાજય સરકારા દ્વારા 10 દિવસમાં રીપોર્ટ સોંપવાની વાત કરવામાં આવી હતી,પરંતુ આ રીપોર્ટ 10 દિવસ કરતા વધુ સમય માંગી શકે છે કેમકે જે રીતે તપાસ ચાલે છે તેમાં કોઈ પણ છેડછાડ ચલાવી લેવામાં આવશે નહી માટે રાજય સરકારે એસઆઈટીને વધુ 15 દિવસનો સમય આપ્યો છે એટલે કે 20 જૂન સુધી રીપોર્ટ સોંપવા આદેશ



કરાયો છે.

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, ફાયર બ્રિગેડ અને પોલીસ વિભાગ ના આ 6 અધિકારીઓ ની SIT દ્વારા વિગતવાર પૂછપરછ કરી તેઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા. છેલ્લા બે દિવસથી ગાંધીનગર ખાતે રાજ્ય પોલીસના સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોની કચેરી ખાતે બંધ બારણે ચાલી રહેલી પૂછપરછ અને નિવેદન પ્રક્રીયા દરમિયાન જે નવા મુદ્દાઓ ઉપસ્થિત થશે તેને લઈ ને કેટલાક અધિકારીઓની બીજી વખત ઉલટ તપાસ કરવામાં આવે તેવી શકયતા છે.

TRP ગેમઝોન આગકાંડ મામલે પોલીસની તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસની તપાસમાં એક પણ પોલીસને જવાબદાર ઠેરવવામાં આવ્યો નથી. પોલીસ અધિકારીઓને ક્લીન ચીટ મળી છે. પોલીસ માત્ર ટિકિટ વહેંચણી માટે મંજૂરી આપતા હોવાનો ઉલ્લેખ કરાયો છે. પોલીસ વિભાગની ટિકિટની મંજૂરી હોવાથી ઘટના સાથે લેવાદેવા ન હોવાનો ઉલ્લેખ કરાયો છે. પોલીસનાં એકપણ અધિકારી સામે ગુનો નહી નોંધાય. તેમજ પોલીસ અધિકારીઓનાં નિવેદન લઈને જવા દેવાયા છે. મહાનગરપાલિકાના અધિકારીઓની ભૂમિકા, જવાબદારી અને અમલવારી અંગે નિવેદન લેવામાં આવ્યા છે. SIT તપાસમાં કોઇ વિક્ષેપ ન પડે માટે તપાસ ગુપ્ત રખાઇ છે. ત્રીજા તબક્કામાં અન્ય સંબંધિત અધિકારીઓને તપાસ માટે બોલાવાશે. રાજકોટ અગ્નિકાંડ બદલી પામનારા IAS અને IPSની પૂછપરછ કરાઈ છે. DGP વિકાસ સહાય પૂછપરછ હાથ ધરશે. પોલીસ ભવન ખાતે તમામ અધિકારીને બોલાવ્યા છે. 2021 થી અત્યાર સુધી તત્કાલિન ફરજ પરના અધિકારીઓને પણ પૂછપરછ માટે બોલાવ્યા હતા. પૂછપરછ માટે વિશેષ પ્રશ્ન બેંક તૈયાર કરવામાં આવી છે. રાજકોટ TRP ગેમ ઝોનમાં સર્જાયેલી દુર્ઘટના અંગે એક બાદ એક નવી માહિતીઓ સામે આવી રહી છે.

# હાઈકોર્ટનો સળગતો સવાલ : રાજકોટ મ્યુ. કમિશનરને સસ્પેન્ડ કેમ ન કર્યા ?

**રાજકોટ**

રાજકોટ આગકાંડ મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. આગકાંડ મામલે હાઈકોર્ટમા સુઓમોટો કરવામાં આવતી હતી. સુનાવણીમાં મનપાના વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી. મનપાએ ગેમિંગ ઝોન ગેરકાયદે હોવા અંગે નોટિસ આપી હતી. ત્યારે હાઈકોર્ટે મનપાની ઝાટકણી કાઢતા કહ્યું કે, મનપા જાણતી હતી કે ગેમિંગ ઝોન ગેરકાયદે છે, તેમ છતાં પગલાં ન લીધા, આગ લાગવાની રાહ જોવાતી હતી. પ્રથમવાર આગ લાગ્યા બાદ પણ કોઈ મજબૂત પગલાં કેમ ન લીધા. તમે જવાબદાર વિભાગના કેટલાક કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા, તો કેમ મ્યુનિસિપલ કમિશનરને સસ્પેન્ડ કર્યા નથી. મનપાએ એક વર્ષ પહેલાં ડિમોલિશન માટે નોટિસ આપી હતી. એક વર્ષ સુધી મનપા અને કમિશનરે કેમ ડિમોલિશનની કામગીરી ન કરી.

કોર્ટમાં ગુજરાત હાઈકોર્ટના વકીલ એસોસિયેશનના પ્રમુખ અને અરજદાર વકીલ બ્રિજેશ ત્રિવેદીએ રજૂઆત કરી કે, Sc અને કોર્ટોના હુકમો પણ તંત્ર ભૂલી જાય તે ના ચાલે. આ સિસ્ટમ આખી નબળી છે, વર્ષોથી સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટના ફાયર સેફ્ટી પર હુકમ છે. છતાં અમલવારી નહીં કરી જેથી હત્યાનો ચાર્જ લગાવી પગલાં લો.

# ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર પાસે 80 લાખની અપ્રમાણસર મિલકત : ACBમાં ફરિયાદ થઈ

**રાજકોટ**

રાજકોટમાં 26 મેના રોજ સર્જાયેલ TRP ગેમઝોન દુર્ઘટનાને લઈને હવે તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. રાજકોટ મનપાના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબા વિરુદ્ધમાં ACBમાં ફરિયાદ નોંધવામાં આવી છે. રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા દ્વારા એક પત્રકાર પરિષદમાં કહેવામાં આવ્યું હતું કે ભીખા ઠેબાએ તેમની પાસેથી 70 હજારની લાંચ લીધી હતી. જો કે બાદમાં આ અંગે તેમણે ખુલાસો પણ કર્યો હતો કે સંસદ બન્યા બાદ એ પૈસા તેમને પાછો આપી ગયો હતો. દુર્ઘટના બાદ જવાબદાર અધિકારીઓ સામે ACB પણ તપાસ કરી રહી છે. એસીબીએ ફાયર અને ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓને ત્યાં સર્ચ શરૂ કરવામાં આવ્યું હતું. આજે રાજકોટ તપાસના અંતે રાજકોટ એસીબી દ્વારા મનપાના વર્ગ 2 અધિકારી ડેપ્યુટી ફાયર ચીફ ઓફિસર ભીખા ઠેબા સામે અપ્રમાણસર મિલકત અંગે ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ તેની ધરપકડ કરીને તપાસ ચાલી રહી છે. એસીબીની તપાસમાં ભીખા ઠેબા પાસે રૂ. 79,94,153 જેટલી અપ્રમાણસર મિલકત મળી હોવાનું સામે આવ્યું છે. ભીખા ઠેબાની અપ્રમાણસર મિલકતની તપાસ શરૂ કરવામાં આવી હતી. જો કે તેમાં 2012 થી લઈને 2024 સુધીના દસ્તાવેજી પુરાવાઓ તથા બેંક ખાતાઓની વિગતો અને વિવિધ સરકારી કચેરીઓમાંથી મેળવેલી દસ્તાવેજી માહિતી તથા તેમના નાણાંકીય વ્યવહારોનું ACBના નાણાકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જો કે હાલ તો આરોપીએ તેની ફરજ દરમિયાન પોતાના જાહેર સેવક તરીકેના પદનો દુરુપયોગ કરી, ગેરકાયદેસર રીતે પોતે ધનવાન થવા માટે, અલગ અલગ ભ્રષ્ટ રીતરસમો અને ભ્રષ્ટાચારથી નાણાં મેળવી મિલકતો રોકાણ કર્યાનું સામે આવ્યું છે.

# ગુજરાત એટીએસએ કચ્છના ગાંધીધામ દરિયા કિનારા પાસેથી 130 કરોડનું કોકેઈન જપ્ત કર્યું

## પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ કેસ નોંધ્યો, ગુનામાં મોટા માથાની સંડોવણી સંભવ

**કચ્છ**

ગુજરાતના કચ્છ જિલ્લાના ગાંધીધામ શહેર નજીકના એક ખાડી વિસ્તારમાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં રૂ.130 કરોડની કિંમતના કોકેઈનના 13 બિનવારસી પેકેટો મળી આવ્યા હોવાની માહિતી પોલીસે આપી છે. એક સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર કચ્છ-પૂર્વ વિભાગના પોલીસ અધિક્ષક સાગર બાગમારે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દાણચોરોએ તપાસ ટાળવા માટે દરિયાકિનારે ડ્રગ્સ છુપાવ્યું હતું.

તેમણે કહ્યું કે આઠ મહિનામાં આ જ ખાડી વિસ્તારમાંથી ડ્રગ્સની આ બીજી મોટી રિકવરી છે. એટીએસ (ATS) અને સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપની સંયુક્ત ટીમે ગાંધીધામ શહેર નજીક મીઠી રોહર ગામમાંથી પસાર થતી ખાડી વિસ્તારમાંથી રૂ.130 કરોડની કિંમતના કોકેઈનના 13 બિનવારસી પેકેટો જપ્ત કર્યા હતા. બાગમારે કહ્યું કે દાણચોરો દ્વારા દરિયા કિનારે પ્રતિબંધિત વસ્તુઓ છુપાવવામાં આવી હતી અને પેકેટો ગયા વર્ષે સપ્ટેમ્બરમાં આ જ વિસ્તારમાંથી ઝડપાયેલા પેકેટ જેવા જ હતા. તેમણે કહ્યું કે એટીએસ આ કેસની તપાસ કરી રહી છે. પોલીસ અધિક્ષક (એટીએસ) સુનિલ જોશીએ જણાવ્યું હતું કે, "અમે કચ્છના ગાંધીધામ નજીકના એક ખાડી વિસ્તારમાંથી વહેલી સવારે કોકેઈનના 13 બિનવારસી પેકેટો મળી આવ્યા છે. દરેક પેકેટનું વજન એક કિલોગ્રામ છે. અમે અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે.

# ગોંડલમાં પ્રેમલગ્ન કરનાર યુવકને યુવતીના પરિવાર દ્વારા માર મરાયો

**રાજકોટ**

એકવીસમી સદીમાં પણ અમુક ઘટનાઓ સમાજમાં રહેલી હજુ પછાત માનસિકતાને દર્શાવતી ઘટનાઓ બહાર આવતી રહી છે. ગોંડલના મોવિયામાં જાહેર રસ્તા પર જ પ્રેમ લગ્ન કરનાર યુવતીના પરિવારજનો દ્વારા પ્રેમી અને પ્રેમિકાને માર મારવામાં આવ્યો હતો. ગામમાં જાહેર રોડ પર થયેલ આ મારામારીની ઘટના સ્થાનિક વ્યક્તિએ કેમેરામાં કેદ કરી લીધી હતી. જે હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થી રહી છે. જો કે ઘટનામાં ભોગ બનનાર યુવાન ગોંડલની સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. રાજકોટના ગોંડલ તાલુકાના મોવિયા ગામે પ્રેમ લગ્ન કરનાર યુગલને જાહેરમાં માર મારવાની ઘટના સામે આવી છે. આ યુગલે આજથી બે મહીના પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. યુવતીના પરિજનો દ્વારા તેના પ્રેમીના લાકડાના ફટકા મારવામાં આવ્યા હતા. આ બાદ યુવકનું અપહરણ કરીને લઈ જઈને ધાક-ધમકી આપવામાં આવી હતી અને ત્યારબાદ રસ્તામાં અધવચ્ચે વાહનમાંથી ઉતારી દેવામાં આવ્યો હતો. તો પરિજનો દ્વારા યુવતીનું અપહરણ કરી લઈ જવામાં આવી છે. જાહેરમાં હુમલો કરવામાં આવ્યો તે ઘટનામાં યુવતીના કાકા, ભાઈ અને અન્ય કોઈ સબંધી સામેલ હોવાનું સામેલ આવ્યું છે.

# દલિત સમાજના આગેવાનના પુત્રને માર મારવાની ઘટનામાં ગણેશ જાડેજાની ધરપકડ

**ગોંડલ**

જુનાગઢના દલિત સમાજના આગેવાનના પુત્ર સંજય સોલંકીનું અપહરણ કરીને માર મારવાના કિસ્સામાં ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાનું પુત્ર ગણેશ જાડેજા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી જે બાદ વિવાદ વધતાં પોલીસ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ 30મી મેની સાંજે જુનાગઢ NSUIના પ્રમુખ સંજય સોલંકીનું અપહરણ કરીને ગોંડલ લાવી નગ્ન કરીને માર મારી વિડીયો ઉતાર્યા બાદ જુનાગઢ ભેંસાણ ચોકડી પાસે મૂકી ગયા હોવાનો આરોપ લગાવવામાં આવ્યા છે, અને તેનો વિડીયો વાયરલ કરવાની ધમકી પણ આપી હતી.

# ભચાઉના લાકડીયા પર ટ્રેલર-કાર વચ્ચે અકસ્માત, 5ના મોત, અનેક લોકો ઘાયલ

**કચ્છ**

ભચાઉના લાકડીયા નજીક રોડ અકસ્માતની મોટી દુર્ઘટના સર્જાઈ હતી. લાકડીયા પાસે ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોના ઘટના સ્થલે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. ઈકો અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં 5 લોકોના ઘટના સ્થળે મોત થયા હતા. આ ઘટનામાં 3થી 4 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. મરણ આંક વધવાની શકયતા રહેલી છે લાકડીયા ચોકડી પાસે અકસ્માત સર્જાયો હતો.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે ભચાઉના લાકડીયા નજીકના ધોરીમાર્ગ પર સાંજે ભયંકર વાહન અકસ્માતની ઘટના સર્જાઈ હતી. બ્રિજ સમારકામ અર્થે ફેરવે માર્ગ ઉપર કરાયેલા ડાયવરઝના કારણે એક લાઈન ઉપર પસાર થતા ઈકો કાર અને ટ્રેલર વચ્ચે સામસામી ટક્કર ટક્કર સર્જાતા પાંચ લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે તો અન્ય એક વ્યક્તિ ગંભીર રૂપથી ઘાયલ હોવાનું સામે આવ્યું હતું. બનાવના પગલે ધોરીમાર્ગ પર લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી.

# મોરબીમાં કારમાંથી 10 લાખના ડ્રગ્સ સાથે 2 આરોપીની ધરપકડ કરાઈ

**ચંડીગઢ**

વાંકાનેરના મેસરિયા ગામે ચેકપોસ્ટ પરથી એક કારમાંથી 10 લાખની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું હતુ,મોરબી એસઓજી ટીમ વાહન ચેકિંગ કરતી હતી તે દરમિયાન એક કારમાંથી મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતુ,કારમાં સવાર તરુણ ધનજીભાઈ ફૂલતરિયા અને વિપુલ ધનજીભાઈ ફૂલતરીયાને પોલીસે ઝડપી લીધા છે અને પોલીસે બંને આરોપીઓ પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ 10.76 ગ્રામ જપ્ત કર્યું હતુ. એટીએસની ટીમ સોમવારે ડ્રગ્સની હેરફેર કરતાં શખ્સોની શોધમાં હતી ત્યારે એક કાર પસાર થઈ હતી. જેનો પીછો કરતાં સમયે તે શખ્સો ડ્રગ્સના પેકેટ ફેકી નાસી ગયા હોવાની ચર્ચા સાંભળવા મળી છે.



## હવે સલમાનની જગ્યાએ કાર્તિક બનશે પ્રેમ

મુંબઇ : સલમાન ખાનને પ્રેમ તરીકે ઈન્ટ્રોડયૂસ કરનારાં રાજશ્રી બેનર દ્વારા હવે નવા પ્રેમ તરીકે કાર્તિક આર્યનને રજૂ કરવામાં આવે તેવી સંભાવના છે. સૂરજ બડજાત્યા સલમાન સાથે ‘પ્રેમ કી શાદી’ ફિલ્મ બનાવવાના હતા પરંતુ સલમાનને સ્ક્રિપ્ટમાં વાંધા પડતાં આ ફિલ્મ કોરાણે મૂકાઈ ગઈ હતી. હવે કાર્તિકને નવેસરથી આ ફિલ્મ ઓફર કરાઈ હોવાનું કહેવાય છે. માહિતગાર વર્તુળોના જણાવ્યા અનુસાર સૂરજ અને કાર્તિકની એક થી વધુ મુલાકાતો થઈ ચૂકી છે. કાર્તિકને આ રોલ પસંદ પણ આવ્યો છે.


# સ્વદેશ




## વરુણ ધવન અને નતાશા પેરેન્ટસ બન્યાં : પુત્રીનો જન્મ થયો



મુંબઈ : વરુણ ધવન અને નતાશા દલાલ હાલ એક પુત્રીના પેરન્ટસ બન્યા છે. યુગલને ત્યાં ત્રીજી મેના રોજ એક કન્યારત્નનો જન્મ થયો છે. જેના શુભ સમાચાર પુત્રીના દાદ ડેવિડ ધવને આપ્યા હતા. આલિયા ભટ્ટ સહિતની બોલીવૂડ હસ્તીઓએ વરુણને અભિનંદન પાઠવ્યાં હતાં. વરુણે બીજા દિવસે એક વીડિયો પણ શેર કર્યો હતો,તેણે દીકરીના જન્મની ખુશાલી વ્યક્ત કરી હતી અને ઈશ્વરનો આભાર માન્યો હતો. સાથે સાથે તેણે પુત્રી જન્મ માટે શુભેચ્છા આપનારા સૌને પણ ધન્યવાદ પાઠવ્યાં હતાં. ગઈકાલે સાંજે વરુણ હોસ્પિટલની બહાર જોવા મળ્યો હતો. તે પરથી નતાશાની ડિલિવરી નક્કી થઈ ગઈ હોવાની અટકળો પ્રસરી હતી. બાદમાં મોડી રાતે તેને ત્યાં દીકરી જન્મી હોવાના સમાચાર પ્રસર્યા હતા.

## શ્રિયા સરન : પતિદેવને જાહેરમાં ચૂમવામાં ખોટું શું છે?



શ્રિયા સરણનું દક્ષિણની ફિલ્મોમાં મોટું નામ છે. તેણે કેટલીય હિન્દી ફિલ્મોમાં પણ કામ કર્યું છે, જેમાં સુપરહીટ ‘દ્રશ્યમ્’ અને ‘દ્રશ્યમ્-૨’ છે. એણે વેબ સીરિઝ ‘શો ટાઈમ’ પણ કરી છે.

શ્રિયાના જણાવે છે કે શરૂઆત તો એક મજાકના રૂપમાં થઈ હતી. શ્રિયાનો હેન્ડસમ પતિદેવ એન્દ્રી કોશ્ચીવ રશિયન છે. ૨૦૧૮માં તેમનાં લગ્ન થયાં. શ્રિયા કહે છે, ‘કોઈ પણ સંબંધમાં અત્યંત કઠિન સમય સાથે સારો સમય પણ આવે છે. મને યાદ છે કે મારી તબિયત સારી નહોતી અને હું ખૂબ જ ઉદાસીનતા અનુભવી રહી હતી. મારા પતિ એક ફિલ્મના પ્રીમિયમ માટે આવ્યા હતા. તેઓ પણ થાકી ગયા હતા. તેઓ મારા માટે ત્યાં આવ્યા હતા અને હું તેમની ત્યાં રાહ જોઈ રહી હતી. આ ઈવેન્ટમાં એમણે મને જાહેરમાં પહેલી વાર કિસ કરી હતી. કિસ કરવાનું કારણ એ હતું કે હું ખૂબ જ ગભરાયેલી હતી. તેઓ મને કમ્ફર્ટેબલ ફીલ કરાવવા માગતા હતા. ‘ શરૂઆતમાં એક દંપતિ વચ્ચે અંગત પળોના રૂપમાં શરૂ થયેલી ચુંબનની પરંપરા જલદીથી એક હળવાશભર્યા તમાશામાં પરિવર્તિત થઈ ગઈ.

## વજન વધતાં બેકાર હોવાની ટિપ્પણીથી સ્વરા ભાસ્કર નારાજ

મુંબઈ : સ્વરા ભાસ્કર તે હાલ સ્થૂળ બની ગઈ હોવાથી તેને ફિલ્મમાં કામ મળતું નથી તેવી ટિપ્પણીથી ભારે નારાજ થઈ છે. સ્વરા ભાસ્કર હાલ એક પુત્રીની માતા બની હોવાથી ફિલ્મોથી અંતર કરી નાખ્યું છે. ગર્ભાવસ્થા દરમિયના સ્વરાનું વજન ઘણું વધી ગયું છે. પરિણામે તેને લોકો ટ્રોલ કરી રહ્યા છે. તેવામાં અમુક લોકોએ તો એવી ટીપ્પણી કરી છે કે, સ્વરાના શરીરે ચરબીના મેદ જામી ગયા હોવાથી તેને ફિલ્મોમાં કામ મળતું બંધ થઈ ગયું છે. સ્વરા આ પ્રકારે બોડી શેમિંગથી નારાજ



થઈ ગઈ છે. સ્વરાએ ટીકાકારોને જવાબ આપતાં કહ્યું હતું કે એક સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો છે એટલે તેનું વજન વધી ગયું છે. આ સિમ્પલ બાયોલોજી છે. આવી ટીકા કરનારાઓનાં સામાન્ય જ્ઞાન વિશે કંઈ કહેવા જેવું નથી. સ્વરા બહુ લાંબા સમયથી ફિલ્મો કે વેબ શોથી દૂર છે.

તેણે ફહાદ અહમદ સાથે લગ્ન કર્યાં હતા ંગયાં વર્ષે સપ્ટેમ્બરમાં તે માતા બની હતી. ઉલ્લેખનીય છે કે,સ્વરા ભાસ્કર વિવાદાસ્પદ નિવેદનો કરવા માટે જાણીતી છે. તેના માટે તેને ઘણીવાર ટોલ કરવામાં આવી છે. આ છતાં પણ વારંવાર વિવાદનો મધપૂડો છેડતી રહી છે.

## અંધાધૂંધ ફી લેતા મોટા સ્ટાર્સ સામે ફિલ્મ નિર્માતાઓએ મોરચો માંડ્યો

મુંબઈ: બોલીવૂડમાં પાછલા કેટલાક મહિનાઓથી અનેક ફિલ્મો ફલોપ ગઈ છે. સામાન્ય રીતે ઉનાળુ વેકેશન બોલીવૂડ માટે કમાવાના દિવસો હોય છે પરંતુ આ વખતે ઉપરાછાપરી ફિલ્મો ફલોપ થયા બાદ ઉનાળાના વેકેશનની સિઝન લગભગ ખાલી જ ગઈ છે. આ સંજોગોમાં ફિલ્મ નિર્માતાઓએ સમગ્ર ફિલ્મ નિર્માણનો ખર્ચ ઘટાડવા માટે સ્ટાર્સ તેમની બેફામ ફી પર લગામ તાણે તેવી માગણી કરી છે.

બોલીવૂડના નિર્માતાઓનાં બે મોટાં સંગઠનો પ્રોડયૂસર્સ ગિલ્ડ તથા ઈમ્પા દ્વારા આ મુદ્દે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જુદા જુદા સ્ટાર્સનું પ્રતિનિધિત્વ કરતી ટેલેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓના પ્રતિનિધિઓને પણ હાજર રાખવામાં આવ્યા હતા.




તેમને તેમના ક્લાયન્ટ સ્ટાર્સની ફી રેશનલાઈઝ કરવા જણાવ્યું હતું. આ એજન્સીઓએ એવી ખાતરી આપ્યાનું કહેવાય છે કે તેઓ આ દિશામાં ઘટતી કાર્યવાહી કરશે. બોલીવૂડ નિર્માતાઓના જણાવ્યા અનુસાર સાઉથમાં સ્ટાર્સની ફી કુલ બજેટના માંડ ૨૦ ટકા જેટલી હોય છે.













### 272 બેઠકો નહીં મળતાં ભાજપની નૈયા હવે સાથી પક્ષોને સહારે

# ભાજપ-મોદી માટે સરકાર ચલાવવામાં કપરાં ચઢાણ

પ્રાસંગિક
ધવલ શુક્લ

ભારતમાં લોકસભાની ચૂંટણીના પરિણામોની જાહેરાત બાદ ભાજપના નેતૃત્વ હેઠળ એનડીએની સરકારનું ગઠન કરવાની તૈયારી ચાલી રહી છે. સંભવત : ચારેક દિવસમાં એટલે કે 9 જૂન સુધીમાં નવી સરકારનું ગઠન થઈ જશે. પરંતુ આ વખતે મોદી કે ભાજપ માટે સરકાર ચલાવવું આસાન નહીં હોય તે બાબત મીનમેખ છે. લોકસભાની ચૂંટણીમાં એનડીએને સ્પષ્ટ બહુમતિ મળી છે. પરંતુ ભાજપને 240 જ બેઠકો મળતાં તેની ગણના હાલ સૌથી મોટા પક્ષ તરીકે જ થઈ રહી છે. 2014 અને 2019ની સરખામણીમા ભાજપની બેઠકો ઘટી છે અને તે બહુમતિના આંકડાથી દૂર હોવાથી ભાજપ ચિંતામાં ગરકાવ છે.

પરિણામોની જાહેરાત બાદ સાંજે જ મોદીએ આશીર્વાદ બદલ જનતાનો આભાર માન્યો અને બીજા જ દિવસે મોદીએ ઉતાવળે એનડીએની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં મોદીએ પોતે પીએમ પદ માટે મુખ્ય ઉમેદવાર અને ભાજપના નેતા તરીકે દાવેદારી કરી નાંખી હતી. જનતા દળ યુ, ટીડીપી સહિતના સાથી પક્ષોએ પણ હાલ તો મોદીના આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો છે. પરંતુ મોદીની વાત તેઓ કયાં સુધી અને કેટલી હદે માનશે તેને લઈને અત્યારથી જ સવાલો ઉઠવા માંડ્યા છે. સામાન્ય સંજોગોમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થયા પછી ચૂંટણી પંચના અધિકારીઓ રાષ્ટ્રપતિને મળે અને પરિણામોનો અહેવાલ સોંપે છે. આ અહેવાલમાં ચૂંટાયેલા તમામ ઉમેદવારોની યાદી હોય છે. આ સાથે પંચ રાષ્ટ્રપતિ સમક્ષ દેશમાં ચૂંટણી સંપન્ન થઈ ચુકી છે તેવી વાતો પણ રજૂ કરી છે. આ અહેવાલ મળ્યા બાદ જો કોઈને બહુમતિ મળી હોય તો તે પાર્ટીને અથવા તો જે કોઈ પાર્ટીને સૌથી વધુ બેઠક મળી હોય તેને સરકાર રચવા માટે રાષ્ટ્રપતિએ આમંત્રણ આપવાનું હોય છે.

આ પ્રક્રિયાની સાથે સાથે રાજકીય પાર્ટીઓમાં પણ જે પાર્ટી સરકાર રચવા સક્ષમ હોય તે બહુમતિ માટે જરૃરી સંખ્યા બળ ભેગું કરે છે. આ માટે સૌથી પ્રથમ તો સૌથી વધુ બેઠકો મેળવનારી પાર્ટી સસંસદીય દળની બેઠક યોજે અને તેમાં સર્વસંમત્તિથી નેતા ચૂંટવામાં આવે છે. આ ગતિવિધિ બાદ તે નેતા સાથી પક્ષોની બેઠક બોલાવી પોતાની દાવેદારી રજૂ કરી શકે છે.

જો કે, ભારતમાં આ વખતે પરિણામ બાદ



બીજા દિવસે જ ભાજપે સંસદીય દળની બેઠક બોલાવવાને બદલે એનડીએની જ બેઠક યોજી નાંખી હતી. મોદી અને શાહનું ભાજપ પર હજુ પણ આધિપત્ય હોવાથી તેનો કોઈએ વિરોધ પણ કર્યો ન હતો. પરંતુ આ બાબત ભાજપની વર્તમાન સ્થિતિનો ચિતાર રજૂ કરી રહી છે. વળી, મોદી કે શાહને એનડીએની બેઠક બોલાવવા એટલી બધી ઉતાવળ કેમ આવી તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે. ખેર, આ વાત પક્ષની આંતરિક બાબતો છે. એટલે મોટા વિવાદનું કારણ નથી. એટલે રાષ્ટ્રપતિ હવે ટૂંક સમયમાં જ એનડીએને સરકાર રચવા માટે નિમંત્રણ આપશે તેવી ગણતરી છે.

જો કે, સરકારની રચના પહેલાં તેના મુખ્ય સાથી ઘટકદળો પૈકી ટીડીપી અને જનતા દળ યુએ મોદી સમક્ષ કેટલીક માંગ કરી છે. ટીડીપીએ ગ્રામીણ વિકાસ, આવાસ અને શહેરી બાબતો, બંદરો અને શિપિંગ, રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે અને જલ શક્તિ મંત્રાલયો માંગ્યા છે. જ્યારે નાણા મંત્રાલયમાં ટીડીપી જુનિયર પ્રધાન રાખવા પણ ઉત્સુક છે, કારણ કે આંધ્રપ્રદેશને અત્યારે ભંડોળની સખત જરૃર છે. બીજી તરફ બિહારના નીતિશ કુમારની જેડીયુએ બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવા રજૂઆત કરી છે. જેડીયુએ ચાર સાંસદો પૈકી એક મંત્રાલયની ફોર્મ્યુલા સરકાર સમક્ષ મૂકી છે. જેડીયુ પાસે ૧૨ સાંસદ છે, તેથી તેને ૩ મંત્રાલય જોઈએ છે. નીતીશ કુમાર ઈચ્છે છે કે રેલવે, કૃષિ અને નાણા મંત્રાલય તેમના સાંસદોને ફાળવવામાં આવે. હજી સરકારની રચના પહેલાં જ આ બે પક્ષોએ મોદી સમક્ષ મહત્વના મંત્રાલયો માંગતા મુશ્કેલી સર્જાવાના એંધાણ છે. વળી, નાના સાથીદારોને જ આ પ્રકારે અત્યારથી જ મહત્વ અપાશે તો ભાજપના અન્ય સાંસદો કે એનડીએના અન્ય સહયોગી પક્ષો નારાજ થઈ શકે છે. જોકે ભાજપે હાલ સ્પીકર પદ અને નાણા સરક્ષણ તથા ગૃહમંત્રાલય પોતાની પાસે રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેથી સાથી પક્ષો સાથે મંત્રાલયની વહેંચણીમાં ખટરાગ ઊભો થશે.

એનડીએની સરકારમાં હવે ભાજપનો સૌથી મહત્વનો મુદ્દો કોમન સિવિલ કોડ પણ કોરાણે મુકાઈ જવાની સંભાવના છે. કારણ કે જનતા જળ દ્વારા અગ્નિવીર યોજના સાથે કોમન સિવિલ કોડની સમીક્ષા કરવા માંગ કરવામાં આવી છે. સૌથી મહત્ત્વની બાબત એ છે, ચંદ્રબાબુ નાયડુ આંધ્રમાં મુસ્લિમોને અનામતની તરફેણ કરી રહ્યા છે જ્યારે નીતિશ કુમાર બિહારમાં જાતિગત મતગણનાને સમર્થન આપે છે. આ બંને મુદ્દા ભાજપની વિચારધારાથી વિપરીત છે. બીજી તરફ મોદી પોતે પણ કોઈના તાબે નહીં થવા ટેવાયેલા છે. 2014માં રાષ્ટ્રીય રાજનીતિમાં પગલું માંડ્યા પછી પણ તેઓ 10 વર્ષ સુધી વડાપ્રધાન પદે રહ્યાં. એકહથ્થુ શાસન તેની ઓળખ છે. પોતાના કાર્યકાળ દરમિયાન પાર્ટીના આંતરિક વિરોધને ખાળ્યો અને વિરોધ પક્ષનો પણ જોરદાર મુકાબલો કર્યો છે. ક્યારેય કોઈ આંદોલન સામે સહેલાયથી નમતું જોખ્યું નથી. આવા સંજોગોમાં એનડીએની નવી સરકારમાં સાથીપક્ષોની માંગને સતત સંતોષવું તેના સ્વભાવથી વિપરિત હશે. બીજી તરફ 234 બેઠક મેળવનાર ઈન્ડિયા ગઠબંધને હાલ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે. ચૂંટણી પરિણામોની જાહેરાત બાદ ત્રીજા દિવસે ઈન્ડિયા ગઠબંધનની બેઠક યોજવામાં આવી હતી. જેમાં હાલ સરકાર રચવા માટે કોઈ નિર્ણય કરાયો ન હતો.

રાજકીય નિષ્ણાંતોનું માનવું છે કે, ભાજપ પાસે ચંદ્રાબાબુ નાયડુને બાદ કરતાં બીજા ભરોસાપાત્ર સાથી નથી. એનડીએના બીજા સાથીઓમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર છે જે ગુલાંટબાજી માટે પંકાયેલા જ છે. નીતિશકુમાર 2014માં પણ ભાજપે મોદીને પીએમ પદ માટે જાહેર કર્યા ત્યારે વંકાયા હતા. જે બાદ તેના ભાજપ સાથેના સબંધ સારાનરસા રહ્યા છે. બિહારમાં 15 કરતા પણ વધુ વર્ષથી મુખ્યમંત્રી પદે બિરાજતા નિતીશકુમાર મહાત્વાકાંક્ષી હોવા સાથે રાજકારણના અઢંગ ખેલાડી પણ છે. 8 વર્ષ પહેલાંથી બિહારમાં ભાજપના સહારે સરકાર ચલવતા નીતિશ કુમાર વારંવાર સાથીઓને બદલતા રહ્યા છે. છેલ્લે ચારેક મહિના પહેલાં પણ નીતિશે બિહારમાં તેજસ્વીયાદવ સાથે છેડો ફાડી ભાજપનું પલ્લુ પકડ્યું હતું. આવા સંજોગોમાં નીતિશનો સાથે ક્યાં સુધી મળશે તે પણ મહત્વનો સવાલ છે. બીજી તરફ મહારાષ્ટ્રમાં ચૂંટણીમાં શરદ પવાર, ઉધ્ધવ ઠાકરે અને કોંગ્રેસની ત્રિપુટીના શાનદાર પ્રદર્શન પછી ભાજપની મુસીબત વધી છે. એકનાથ શિંદે અને અજીત પવારના ભરોસે હવે ત્યાં લાંબી ઈનિંગ રમી શકાય તેમ નથી. મહારાષ્ટ્રમાં છ મહિના પછી વિધાનસભાની ચૂંટણી છે એ જોતાં અજીત પવાર જૂથના કેટલાક સભ્યો પણ ભાજપના ભરોસે રહેવાના બદલે શરદ પવાર પાસે પહોંચે અને એકનાથ શિંદેના સાંસદો ઉધ્ધવ ઠાકરેના શરણે થઈ જાય તેવી ચર્ચા ચાલી રહી છે. જો આ સ્થિતિ સર્જાઈ તો એનડીએની સભ્ય સંખ્યા ઘટી જશે.

નીતિશ કુમારનો જેડીયુ, અજીત પવારની એનસીપી અને એકનાથ શિંદેની શિવસેના ગુલાંટ લગાવે તો ભાજપને વિરોધ પક્ષમાં પણ બેસવુ પડી શકે છે. આ ત્રણેયની મળીને ૨૦ લોકસભા બેઠકો છે. કોંગ્રેસ તો પહેલેથી જ ચંદ્રાબાબુ નાયડુને પોતાની તરફ ખેંચવા પ્રયાસો કરી રહી છે. જો કે, નાયડુ સરળતાથી રીઝે તેમ નથી. પણ બાકીના ત્રણ વિશે કોઈ ગેરંટી આપી શકે તેમ નથી. આ સંજોગોમાં અત્યારે ભલે એનડીએ સરકાર રચાય, પરંતુ પ્રજાએ આપેલા ચુકાદા બાદ હવે રાજકીય ફલક ઉપર પ્રવાહી સ્થિતિ રહેશે એટલું ચોક્કસ કહી શકાય તેમ છે.

**કોમન સિવિલ કોડ સહિતના મુદ્દાઓ કોરાણે મુકાઈ જવાની સંભાવના, સરકારના ગઠન પહેલાં જ સાથી પક્ષોએ મહત્વના મંત્રાલય માંગ્યા, જનતા દળે તો અગ્નિવીર યોજનાની સમીક્ષા કરવા પણ તાકીદ કરી**

### ચૂંટણી પરિણામ જાહેર : મોદીએ રાજકીય કારકિર્દીમાં પહેલી વખત ગઠબંધન સરકારના ભરોસે રહેવું પડશે : એનડીએને 293 બેઠક

# એનડીએની હેટ્રિક પણ ભાજપને બહુમતી નહીં

**ઓડિશામાં પહેલીવાર ભાજપ સરકાર, કોંગ્રેસને 99, સપાને 37, ટીએમસીને 29, DMKને 22 બેઠકો**

**ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને બિહારમાં બેઠકો ઘટતાં ભાજપ 240માં સમેટાયો**

**વારાણસીમાં મોદીનો દોઢ લાખ મતે, જ્યારે રાહુલ ગાંધીનો રાયબરેલીમાં ચાર લાખ મતે વિજય**

**નવી દિલ્હી**

રામ મંદિર, મોદી લહેર, હિન્દુત્વ, વિકસિત ભારત જેવા મુદ્દાઓ સાથે '૪૦૦ પાર'નો નારો લઈને સતત ત્રીજી વખત જંગી બહુમતીથી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી જીતવા નીકળેલા ભાજપ માટે મંગળવારે આવેલા પરિણામો આઘાતજનક રહ્યા છે. હિન્દી પટ્ટામાં ભાજપે પછડાટ ખાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની રાજકીય કારકિર્દીમાં પહેલી વખત ગઠબંધન સરકારના ભરોસે રહેવું પડશે. આ ચૂંટણીએ પીએમ મોદીની લોકપ્રિયતા સામે સવાલ ઊભા કરી દીધા છે. ગયા વર્ષે નવેમ્બરમાં હિન્દી પટ્ટાના ત્રણ રાજ્યોમાં જંગી વિજય પછી ૨૦૧૯માં એકલા હાથે ૩૦૩ બેઠકો જીતનારા ભાજપને આ વખતે ૨૫૦નો આંક પાર કરવામાં પણ ફાંફા પડી ગયા હતા, જેના પગલે એનડીએ ૨૯૧ બેઠકોમાં સમેટાઈ જવું પડયું હતું. જોકે, મંગળવારના પરિણામોએ એનડીએ સરકારની હેટ્રિક નિશ્ચિત કરી દીધી છે, પરંતુ ભાજપને બહુમતી મળી નથી એ પણ સ્પષ્ટ કરી દીધું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દેશ-વિદેશમાં અભૂતપૂર્વ લોકપ્રિયતા સાથે ૪૦૦થી વધુ બેઠકો જીતવાની આશા રાખનારો ભાજપ ૫૪૩ બેઠકની લોકસભામાં ૨૪૦ બેઠક પર વિજય સાથે સૌથી વધુ બેઠકો જીતનારા એકમાત્ર પક્ષ તરીકે ઊભરી આવ્યો છે. જોકે, ૨૦૧૯માં નવ રાજ્યોમાં ક્લિન સ્વીપ કરનાર ભાજપ આ વખતે મધ્ય પ્રદેશ (૨૯ બેઠક), દિલ્હી (૭ બેઠક), ઉત્તરાખંડ (૫ બેઠક) હિમાચલ પ્રદેશ (૪ બેઠક) અને ત્રિપુરા (૨ બેઠક) એમ પાંચ રાજ્યોમાં જ ક્લિન સ્વિપ કરી શકી હતી. જોકે, ભાજપના ગઢ કહેવાતા ગુજરાત અને રાજસ્થાનમાં પક્ષે સતત ત્રીજા વર્ષે ક્લિન સ્વિપની તક ગુમાવી છે. ભાજપે આ વખતે ૦.૭૩ ટકા વોટશૅર ગુમાવતા ૨૦૧૯ની સરખામણીમાં ૬૩ જેટલી બેઠકો ગુમાવી છે.

ભાજપના મહત્વપૂર્ણ સાથીઓ ચંદ્રબાબુ નાયડુના ટીડીપીએ ૧૬ અને નીતિશ કુમારના જદ-યુએ ૧૨ બેઠકો જીતતા ભાજપે બહુમતી ગુમાવવા છતાં એનડીએની સત્તા પર હેટ્રિક નિશ્ચિત થઈ ગઈ છે. ટીડીપીએ લોકસભામાં ૧૬ બેઠકો જીતવા સાથે ૧૭૫ સભ્યોની વિધાનસભામાં ૧૩૫ બેઠકો જીતીને રાજ્યમાં પણ સત્તામાં પુનરાગમન કર્યું છે. ટીડીપી અને જેડી-યુના સાથથી ૭૩ વર્ષીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલી વખત ગઠબંધન સરકાર બનાવવી પડશે. લોકસભામાં ભાજપને પછડાટ છતાં તેના માટે રાહતની વાત એ છે કે ઓડિશામાં નવીન પટનાયક સરકારને ઉથલાવીને પહેલી વખત રાજ્યમાં સરકાર બનાવી રહ્યો છે. ઓડિશામાં વિધાનસભાની સાથે લોકસભામાં પણ ભાજપે ૨૧માંથી ૧૯ બેઠકો સાથે જંગી વિજય મેળવ્યો છે. આમ, ભાજપને ઉત્તરમાં થયેલા નુકસાન સામે દક્ષિણમાં ઓડિશા અને આંધ્ર પ્રદેશમાં ફાયદો થયો છે.

ભાજપની પીછેહઠના પગલે દેશમાં વિપક્ષ મજબૂત બન્યો છે. કોંગ્રેસના નેતૃત્વમાં ઈન્ડિયા ગઠબંધન ૨૩૪ બેઠકો જીત્યો છે, જેમાં કોંગ્રેસ ૯૯ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યો છે. કોંગ્રેસને અખિલેશ યાદવના સપા ઉપરાંત બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (૨૯), તમિલનાડુમાં ડીએમકે (૨૨)નો સાથ મળતાં વિપક્ષી ગઠબંધન વધુ મજબૂત બન્યું છે. ભાજપને એકલા હાથે ૨૭૨નો આંક પાર કરતા રોકવામાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળે મહત્વની ભૂમિકા ભજવી છે.

## મધ્યપ્રદેશથી 100 ટકા બેઠકોની ભેટ : શિવરાજ-સિંધિયાનો વિજય

ભોપાલ : લોકસભા ચુંટણીના પરિણામોમાં દેશનું દિલ ગણાતા મધ્યપ્રદેશ ફરી ભાજપની લાજ રાખી છે. મધ્યપ્રદેશમાં કુલ ૨૯ લોકસભા બેઠકોનો સમાવેશ થાય છે જેમાંથી તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારોને જીત મળી છે. આમ મધ્યપ્રદેશ રાજય ભાજપ માટે સંજીવની સાબીત થયું હતું. ગત ૨૦૧૯ની લોકસભા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે હારેલા ઉમેદવાર જયોતિરાદિત્ય સિંધિયા ભાજપના ઉમેદવાર તરીકે ગુના બેઠક પર પ્રતિસ્પર્ધીને ૫ લાખ કરતા વધુ મતોથી પરાજય આપ્યો હતો. વિદિશા બેઠક પર પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ૮ લાખ કરતા વધુ મતોની સરસાઈથી



જીત મેળવી છે.

કોંગ્રેસનો ગઢ ગણાતી છિંદવાડા બેઠક પર પણ ભાજપના ઉમેદવાર બંટી વિવેક શાહુએ કોંગ્રેસના ઉમેદવાર નકુલનાથને ૧૧૩૬૧૮ મતોથી પરાજય આપ્યો હતો. કોંગ્રેસની પરંપરાગત બેઠક ગણાતી છિંદવાડા પર દિગ્ગજ કમલનાથ ચુંટાતા હતા. મોદી વેવમાં પણ કમલનાથે કોંગ્રેસના ગઢને સલામત રાખ્યો હતો, છિંદવાડા બેઠક પર કમલનાથના પુત્ર નકુલનાથ ઉમેદવાર હતા પરંતુ કમલનાથ પુત્ર નકુલનાથને વિજય અપાવી શકયા નહી. મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહએ પોતાની પરંપરાગત રાજગઢ બેઠક પર પાછળ રહીને વધુ એક વાર હારવાનો રેકોર્ડ કર્યો છે. પ્રતિસ્પર્ધી ઉમેદવારે રોડમલ નાગરે ૧૪૦૩૨૩ મત વધારે મેળવ્યા હતા. ગત લોકસભા ચુંટણીમાં દિગ્વિજયસિંહને ભોપાલ બેઠક પર હાર મળી હતી.

### ઈન્દોરમાં લાલવાણી સૌથી વધુ 11 લાખ મતે જીત્યા

ઇન્દોર લોકસભા બેઠક પરથી કોંગ્રેસના અક્ષય કાંતિ બમે ઉમેદવારી પત્ર પાછુ ખેંચતા બીજેપીના શંકર લાલવાણી ઉમેદવાર તરીકે રહયા હતા. મુખ્ય પ્રતિસ્પર્ધી વિનાની બેઠક પર શંકર લાલવાણીને મતગણતરીમાં ૧૨૨૬૭૫૧ મત મળ્યા જે પોતાના નજીકના પ્રતિસ્પર્ધી કરતા ૧૧૭૫૦૯૨ વધારે હતા. આ સાથે જ લાલવાણીએ સૌથી વધુ મતોથી વિજય મળવીને રેકોર્ડ સર્જયો છે. નોટામાં ૧ લાખ કરતા પણ વધુ મતો પડયા હતા જે પણ રેકોર્ડ છે.

## હિમાચલપ્રદેશ અને ઉતરાખંડમાં ભાજપનું કલીન સ્વીપ, ઇન્ડિયા ગઠબંધનને ફટકો

**હિમાચલની 4 અને ઉતરાખંડની 5 બેઠકો ભાજપને ફાળે**

દહેરાદુન : પ્રવાસન અને ધાર્મિક તિર્થ સ્થળો માટે જાણીતા હિમાચલપ્રદેશ અને ઉતરાખંડમાં ભાજપને બંપર સફળતા મળી હતી, હિમાચલની કુલ ૪ લોકસભા બેઠકો અને ઉતરાખંડની કુલ ૫ બેઠકો પર ભાજપને કલીન સ્વીપ મળી છે. ઉતરાખંડની ટેહરી, ગઢવાલ, અલમોરા, નૈનિતાલ અને હરિદ્વારની બેઠક પરના ભાજપના ઉમેદવારોને એક લાખ કરતા વધુ મતોની સરસાઈ સાથે જીત મળી હતી. હિમાચલપ્રદેશની હમીરપુર સીટ પર કેન્દ્રીયમંત્રી અનુરાગ ઠાકુર કોગ્રેસના ઉમેદવાર અને નજીકના હરિફ કરતા ૧.૭૭ લાખની સરસાઇ મેળવી હતી. મંડી સીટ પર ભાજપના ઉમેદવાર કંગના રનૌતની ૭૪૭૫૫ મતોથી જીત થઇ હતી. સિમલા બેઠક પર ભાજપના સુરેશકુમાર કશ્યપ પણ કોંગ્રેસના ઉમેદવાર સામે ૯૦ હજારથી વધુ મતોની સરસાઇ મેળવી હતી. કાંગરા બેઠક પર ભાજપના રાજીવ ભારદ્વાજે નજીકના હરિફ આનંદ શર્મા સામે ૨૫૧૮૯૫ મતોની સરસાઈથી જીત મેળવી હતી. આ સાથે જ આ બે નાના રાજયોમાંથી બેઠકો મેળવવાથી ઈન્ડિયા ગઠબંધન વંચિત રહી ગયું હતું.

## રાજસ્થાનમાં ભાજપ પાસેથી 25માંથી 8 બેઠકો કોંગ્રેસે આંચકી લેતાં સોપો પડી ગયો

**રાજસ્થાનમાં 10 વર્ષ પછી કોગ્રેસનું ખુલ્યું ખાતું**

જયપુર : ચુંટણીના પરિણામોમાં રાજસ્થાન સત્તાના હસ્તાંતરણ માટે જાણીતું છે પરંતુ લોકસભા ચુંટણીની વાત નિકળે ત્યારે ભાજપનો ગઢ રહયું છે. ૨૦૨૪ની લોકસભા ચુંટણી પરિણામો ભાજપ માટે ચોંકાવનારા રહયા હતા. રાજસ્થાનની ૨૫ બેઠકોમાંથી ભાજપને ૧૪ બેઠકોથી સંતોષ રાખવો પડયો છે. કોંગ્રેસે ૮ બેઠકો મેળવતા ૧૦ વર્ષ પછી ખાતુ ખોલાવ્યું હતું. કોમ્યુનિસ્ટ પાર્ટી અને ભારત આદિવાસી પાર્ટીને ૧ બેઠક મળી હતી. હનુમાન બેનીવાલને પણ એક બેઠક પર ૪૧૧૫૬ મતોની સરસાઈ મળી હતી. રાજસ્થાનમાં વિધાનસભા ચુંટણીમાં ભાજપને બંપર સફળતા મળી હતી તેનો લાભ મુખ્યમંત્રી ભજનલાલ શર્મા મેળવી શકયા નહી. કોંગ્રેસે ગંગાનગર, ચુરુ, ભરતપુર, કરોલી ધૌલપુર, દૌસા, ટોંક, બારમેર અને ઝુનઝુનુ બેઠક પર સફળતા મળી હતી. રાજસ્થાનમાં ભજનલાલ શર્મા સરકારની કેબિનેટના મંત્રી ડૉ કિરોડીલાલ મીણા સાત બેઠકોની જવાબદારી સંભાળતા હતા તેમાંથી એક પણ બેઠક હારશે તો મંત્રીપદેથી રાજીનામુ આપી દેશે એવું ચુંટણી પરિણામોના એક દિવસ પહેલા જાહેર કર્યુ હતું. આ સાત બેઠકોમાંની દૌસા બેઠકનો પણ સમાવેશ થતો હતો.

## ઉ. પ્રદેશના તમામ છ પ્રાંતમાં ભાજપને ફટકો, 29 બેઠક ગુમાવી

**લખનઉ**

આ લોકસભાની ચૂંટણીમાં ભાજપને સૌથી મોટો ફટકો ઉત્તર પ્રદેશમાં પડયો છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશથી લઈને પૂર્વાંચલ સુધી ભાજપે નુકસાન વેઠવુ પડયું છે, અગાઉ ઉ. પ્રદેશમાં ૬૨ બેઠકો મેળવનારા ભાજપે આ ચૂંટણીમાં માત્ર ૩૩ બેઠકથી સંતોષ માનવો પડયો છે. રામ મંદિર બનાવ્યું તે અયોધ્યાની ફૈઝાબાદ બેઠક પર પણ ભાજપ હાર્યું હતું. ઉત્તર પ્રદેશ છ પ્રાંતમાં વહેચાયેલુ છે. તમામ પ્રાંતમાં ભાજપે નુકસાનનો સામનો કરવો પડયો છે.

ઉત્તર પ્રદેશની ૮૦ બેઠકોમાંથી પશ્ચિમમાં ૧૦, બ્રજમાં આઠ, અવધમાં ૨૦, રોહિલખંડમાં ૧૧, બુંદેલખંડમાં ૫ અને સૌથી વધુ પૂર્વાંચલમાં ૨૬ બેઠક આવેલી છે. પશ્ચિમમાં ભાજપને ચાર બેઠક મળી, બે બેઠકનો ઘટાડો થયો, અહીંયા આરજેડીને બે બેઠક મળી, સપાને બે જ્યારે કોંગ્રેસ તેમજ



આઝાદ સમાજ પાર્ટીને એક એક બેઠક મળી. અવધમાં ૨૦માંથી માત્ર નવ બેઠક ભાજપને મળી, આ પ્રાંતમાં સૌથી મોટો ફટકો અયોધ્યામાં પડયો હતો જ્યાં રામ મંદિર બનાવ્યું છતા હારનો સામનો કરવો પડયો. મેનકા ગાંધી અને સ્મૃતિ ઈરાની જેવા દિગ્ગજ નેતા હાર્યા. રોહિલખંડ પ્રાંતમાં માત્ર ચાર બેઠક મળી, આ પ્રાંતમાં સમાજવાદી પાર્ટીનો દબદબો રહ્યો અને સાત બેઠક જીતી લીધી. બુંદેરલખંડ પ્રાંત સૌથી દુષ્કાળગ્રસ્ત અને આર્થિક રીતે ઓછો વિકસિત પ્રાંત માનવામાં આવે છે. આ પ્રાંતમાં અગાઉ તમામ પાંચ બેઠકો જીતનારા ભાજપે એક બેઠક ઝાંસીથી સંતોષ માનવો પડયો હતો. પૂર્વાંચલ વિસ્તારમાં સૌથી વધુ ૨૬ બેઠક આવેલી છે. જ્યાં અગાઉ ૧૮ બેઠક જીતનારા ભાજપે ૧૦થી સંતોષ માન્યો હતો. સમાજવાદી પાર્ટીને અહીંયા સૌથી વધુ ૧૪ બેઠક મળી હતી, જ્યારે અપના દલ અને કોંગ્રેસે એક-એક બેઠક મેળવી હતી. બ્રજમાં સાત બેઠક મેળવનારા ભાજપે પાંચથી સંતોષ માન્યો, ઉત્તર પ્રદેશના છ પ્રાંતમાંથી એક પણમાં ભાજપ ક્લીન સ્વીપ નથી કરી શકી.

# પંજાબમાં કોંગ્રેસને 7, આપને 7, હરિયાણામાં ભાજપને 5 બેઠક મળી

## સત્તાધારી આપ કરતા પણ કોંગ્રેસને મોટી સફળતા મળી, અકાલી દળને 1, જયારે અપક્ષના ફાળે 2 બેઠક

પંજાબની કુલ ૧૩ લોકસભા બેઠકો પર આમઆદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સિધી ટક્કર હતી. મત ગણતરી થતા છેલ્લા વરતારા મુજબ કોંગ્રેસ ૭ જયારે આમ આદમી પાર્ટી ૩ બેઠકો પર સફળતા મળી હતી. અકાલી દળને ૧ જયારે અપક્ષના ફાળે ૨ બેઠક મળી હતી. જોતા પંજાબમાં આપ અને કોંગ્રેસનો ડંકો વાગ્યો છે જયારે ભાજપને નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

હરિયાણાની વાત કરીએ તો ગત ૨૦૧૯ની લોકસભા ચુંટણીમાં ૧૦ લોકસભા બેઠકોમાંથી ભાજપ અને સહયોગીઓને ૧૦ બેઠકો મળી હતી. કોંગ્રેસ ખાતુ પણ ખોલાવી શકી ન હતી. ૨૦૨૪ની લોકસભા ચુંટણીની મત ગણતરીમાં કોંગ્રેસ ૫ બેઠક અંબાલા, હિસાર, સિરસા, સોનિપત અને રોહતક જયારે ભાજપને કરુક્ષેત્ર, કરનાલ,ભીવાની, ગુરગાંવ અને ફરિદાબાદમાં સફળતા મળી રહી હતી. હરિયાણામાં એનડીએને ૫ બેઠકોનું થઈ રહેલા નુકસાન માટે લાંબા સમય સુધી ચાલેલું કિસાન આંદોલન અને ખેત ઉત્પાદનોનો એમએસપીનો મુદ્દો અસર કરી ગયો હોવાનું માનવામાં આવે છે. કેરલની થ્રિસુર બેઠક પર ભાજપના સુરેશ ગોપી કોમ્યુનિસ્ટ પાર્ટીના ઉમેદવાર એસ સુનિલકુમાર કરતા ૭૪૬૮૬ મતોની સરસાઈ મેળવી હતી જયારે કોંગ્રેસે મેદાનમાં ઉતારેલા ઉમેદવાર કે મુરલીધરન ૩૨૨૯૯૫ મતો સાથે ત્રીજા ક્રમે રહયા હતા. કોંગ્રેસ અને કોમ્યુનિસ્ટ પાર્ટીના બંને ઉમેદવારના મત ૬ લાખથી વધુ થાય છે પરંતુ બંને વચ્ચે ગઠબંધન ન હોવાથી તેનો સિધો ફાયદો ભાજપના ઉમેદવાર સુરેશ ગોપીને થયો હતો. આમ કોંગ્રેસનો ગઢ ગણાતા કેરલમાં ભાજપની એન્ટ્રી થઈ છે. સરસાઈ જોતા કેરલની ૨૦ બેઠકોમાંથી ૧૪ બેઠકો કોંગ્રેસની સરસાઈ મળી હતી.

### ઓરિસ્સા: નવીન પટનાયકનું CM પદેથી રાજીનામું, ભાજપ સરકાર બનશે

ઓડિશામાં 24 વર્ષથી મુખ્યપ્રધાનપદે સત્તારૂઢ નવીન પટનાયકના પક્ષ બીજુ જનતા દલ (બીજદ)નો લોકસભા ચૂંટણી અને તેની સાથોસાથ થયેલી વિધાનસભા ચૂંટણીમાં કારમો પરાજય થયા બાદ પટનાયકે બુધવારે રાજ્યપાલ રઘુવર દાસની મુલાકાત લઈને રાજીનામુ સોંપ્યુ હતું. ઓડિશામાં હવે પહેલીવાર ભાજપ એકલા હાથે સરકાર બનાવશે. રાજ્યમાં વિધાનસભાની કુલ 147 બેઠકો પૈકી ભાજપે 78 જ્યારે બીજદએ 51 અને કોંગ્રેસે 14 બેઠક જીતી છે. બીજી તરફ ઓડિશાની 21 લોકસભા બેઠકો પૈકી 20 બેઠકો પર ભાજપની અને એક બેઠક પર કોંગ્રેસની જીત સાથે બીજદનું ખાતું પણ ખૂલ્યું નથી. ઓડિશામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચહેરા પર ચૂંટણી લડેલા ભાજપે હજુ સુધી મુખ્યપ્રધાનના ચહેરાની જાહેરાત નથી કરી. જોકે કેન્દ્રીય શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન મુખ્યપ્રધાનપદના પ્રબળ દાવેદાર મનાય છે. સંબિત પાત્રા, અપરાજિતા સારંગી, મનમોહન સામલ અને જય નારાયણ મિશ્રાના નામ પણ ચર્ચામાં છે.

### મહારાષ્ટ્ર : ભાજપાને મોટો ફટકો, રાજ્યમાં કોંગ્રેસ સૌથી મોટો પક્ષ

મુંબઈમાં મહાયુતિને 40-45 બેઠકો અપાવવાની મોટી મોટી વાત કરનારા ભાજપના નેતાઓ ભોંયભેગા થઈ ગયા હતા અને કૉંગ્રેસે રાજ્યમાં સૌથી મોટો પક્ષ બનીને ભાજપ, મહાયુતિ અને બધા જ રાજકીય નિરીક્ષકોને આંચકો આપ્યો છે. રાજ્યમાં વિજયી થયેલો એકમાત્ર અપક્ષ ઉમેદવાર કૉંગ્રેસનો બળવાખોર ઉમેદવાર છે એ બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો તેમની સંખ્યામાં હજી વધારો થાય છે. બેઠકોની વહેંચણીમાં રાજ્યમાં સૌથી વધુ 28 બેઠક પર ભાજપે ઉમેદવાર ઊભા રાખ્યા હતા, 21 બેઠક પર શિવસેના (યુબીટી) લડી રહી હતી, જ્યારે કૉંગ્રેસ 17, શિવસેના એકનાથ શિંદે 15, એનસીપી એસપી 10 અને એનસીપીએ ચાર બેઠક પર ઉમેદવારો ઉતાર્યા હતા. કૉંગ્રેસે રાજ્યમાં 13 બેઠક પર વિજય મેળવ્યો હતો, જ્યારે ભાજપને 10 બેઠકો પર વિજય મળ્યો હતો. શિવસેના યુબીટી નવ બેઠક પર વિજય મેળવીને ત્રીજા નંબરે રહી હતી જ્યારે શિવસેના (એકનાથ શિંદે) અને એનસીપી શરદ પવારને સરખે સરખી સાત-સાત બેઠકો મળી હતી.

### અર્થી ઉઠે ત્યારે જ બહેનો સાથે સંબંધ સમાપ્ત થાય : સ્મૃતિ ઈરાનીનું નિવેદન

લોકસભા ચૂંટણી 2024ના પરિણામોમાં યુપીએ સમગ્ર દેશને ચોંકાવી દીધો. 2019ની ચૂંટણીમાં 64 બેઠક જીતનારી ભાજપ 37 બેઠકો પર મેળવી શકી. ભાજપના ઘણા કેન્દ્રીય મંત્રી પણ પોતાની બેઠક બચાવી ન શક્યાં. આ દરમિયાન સૌથી મોટું નામ સ્મૃતિ ઈરાનીનું રહ્યું. સ્મૃતિ ઈરાનીને અમેઠીથી હારનો સામનો કરવો પડ્યો. ભલે અમેઠીમાં સ્મૃતિ ઈરાનીને હારનો સામનો કરવો પડ્યો હોય પરંતુ તેમણે સંકેત આપ્યો કે તેઓ અમેઠીને છોડશે નહીં અને આગળ પણ કામ કરતા રહેશે. તેમણે પરિણામો બાદ આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં જીત મેળવનાર કિશોરી લાલ શર્માને શુભકામનાઓ પણ આપી અને પોતાની ભવિષ્યની યોજનાઓ પર વાત કરી. સ્મૃતિ ઈરાનીએ પોતાની પ્રેસ કોન્ફરન્સના સમાપન પર કંઈક એવું કર્યું, જેની આશા કોઈને નહોતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ભવિષ્યમાં આમાં જ જોડાયેલા રહેશે તો તેમણે કહ્યું, 'બહેનો સાથેનો સંબંધ ત્યારે તૂટે છે જ્યારે અર્થી ઉઠે છે.' સ્મૃતિ ઈરાનીના આ નિવેદનની ખૂબ ચર્ચા થઈ રહી છે. આ પહેલા સ્મૃતિ ઈરાનીએ આ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'હું તે તમામ ભાજપ પાર્ટી કાર્યકર્તાઓ અને સમર્થકોનો આભાર વ્યક્ત કરું છું.

### ભાજપને મળી એટલી બેઠકો તો વિરોધીઓ એકજૂટ થઈને પણ નથી જીતી શક્યા : મોદી

નવી દિલ્હી : લોકસભા ચૂંટણીના પરિણામો સ્પષ્ટ થયા છે અને 292 બેઠકો સાથે એનડીએ સરકાર બનાવા જઈ રહી છે અને સળંગ ત્રીજી વખત નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે ત્યારે ચૂંટણી પરિણામો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સળંગ ત્રીજી વખત એનડીએ પર વિશ્રવાસ મૂકવા બદલ દેશવાસીઓનો આભાર માન્યો હતો. આ ઉપરાંત લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થઈ ગયા બાદ નવી દિલ્હીમાં પક્ષના કાર્યકરોને સંબોધતા પીએમ નરેન્દ્ર મોદીએ ફરી એક વાર એનડીએની સરકાર બનવાનું નક્કી છે તેવી જાહેરાત કરી હતી. આ પ્રેમ અને આશીર્વાદ માટે હું મારા પરિવારને નમન કરું છું. હું દેશવાસીઓને ખાતરી આપું છું કે અમે તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે નવી ઉર્જા, નવા ઉત્સાહ અને નવા સંકલ્પો સાથે આગળ વધીશું, તેમના સમર્પણ અને અથાક કાર્ય માટે હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. દિલ્હીમાં પક્ષના કાર્યકર્તાઓને સંબોધતા વિરોધીઓ સામે નિશાન સાધતા પીએમ મોદી કહ્યું હતું કે, અમારા વિરોધી એકજૂટ થઈને પણ એટલી બેઠકો નથી જીતી શક્યા કે જેટલી બેઠકો માત્ર ભાજપે જીતી છે.

| ઉત્તરપ્રદેશ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | સપા | અન્ય |
| 33 | 06 | 37 | 04 |

| આંદામાન નિકોબાર | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | અન્નાદ્રમુક | અન્ય |
| 01 | 00 | 00 | 00 |

| આંધ્રપ્રદેશ | | | |
|---|---|---|---|
| YSRCP | TDP | ભાજપ | અન્ય |
| 04 | 16 | 03 | 02 |

| અરૂણાચલપ્રદેશ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | અન્ય | 00 |
| 02 | 00 | 00 | 00 |

| આસામ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | AGP | અન્ય |
| 09 | 03 | 01 | 01 |

| બિહાર | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | જદયુ | અન્ય |
| 12 | 03 | 12 | 13 |

| ચંડીગઢ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | શિઅદ | અન્ય |
| 00 | 01 | 00 | 00 |

| છત્તીસગઢ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | બસપા | અન્ય |
| 10 | 01 | 00 | 00 |

| દાદરા અને નગર હવેલી | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | અન્ય | 00 |
| 01 | 00 | 01 | 00 |

| દીવ અને દમણ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | અન્ય | 00 |
| 00 | 00 | 01 | 00 |

| દિલ્હી | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | આપ | અન્ય |
| 07 | 00 | 00 | 00 |

| ગોવા | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | અન્ય | 00 |
| 01 | 01 | 00 | 00 |

| ગુજરાત | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | આપ | અન્ય |
| 25 | 01 | 00 | 00 |

| હરિયાણા | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | જજપા | અન્ય |
| 05 | 05 | 00 | 00 |

| હિમાચલપ્રદેશ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | અન્ય | 00 |
| 04 | 00 | 00 | 00 |

| જમ્મુ-કાશ્મીર | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | NC | અન્ય |
| 02 | 00 | 02 | 01 |

| ઝારખંડ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | ઝામુમો | અન્ય |
| 08 | 02 | 03 | 01 |

| કર્ણાટક | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | JDS | અન્ય |
| 17 | 09 | 02 | 00 |

| કેરળ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | માકપા | અન્ય |
| 01 | 14 | 01 | 04 |

| લદાખ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | અન્ય | 00 |
| 00 | 00 | 01 | 00 |

| લક્ષદ્વીપ | | | |
|---|---|---|---|
| કોંગ્રેસ | NCP | NCP(શરદ) | અન્ય |
| 01 | 00 | 00 | 00 |

| મધ્યપ્રદેશ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | બસપા | અન્ય |
| 29 | 00 | 00 | 00 |

| મહારાષ્ટ્ર | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | શિવસેના | અન્ય |
| 09 | 13 | 07 | 19 |

| મણિપુર | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | NPF | અન્ય |
| 00 | 02 | 00 | 00 |

| મેઘાલય | | | |
|---|---|---|---|
| કોંગ્રેસ | NPP | UDP | અન્ય |
| 01 | 00 | 00 | 01 |

| મિઝોરમ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | ZPM | અન્ય |
| 00 | 00 | 01 | 00 |

| નાગાલેન્ડ | | | |
|---|---|---|---|
| કોંગ્રેસ | NDPP | અન્ય | 00 |
| 01 | 00 | 00 | 00 |

| ઓડિશા | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | બીજદ | અન્ય |
| 20 | 01 | 00 | 00 |

| પુડુચેરી | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | અન્નાદ્રમુક | અન્ય |
| 00 | 01 | 00 | 00 |

| પંજાબ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | આપ | અન્ય |
| 00 | 07 | 03 | 03 |

| રાજસ્થાન | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | રાલોપ | અન્ય |
| 14 | 08 | 00 | 03 |

| સિક્કિમ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | SKM | અન્ય |
| 00 | 00 | 01 | 00 |

| તામિલનાડુ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | દ્રમુક | અન્ય |
| 00 | 09 | 22 | 08 |

| તેલંગાણા | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | BRS | અન્ય |
| 08 | 08 | 00 | 01 |

| ત્રિપુરા | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | માકપા | અન્ય |
| 02 | 00 | 00 | 00 |

| ઉત્તરાખંડ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | બસપા | અન્ય |
| 05 | 00 | 00 | 00 |

| પ. બંગાળ | | | |
|---|---|---|---|
| ભાજપ | કોંગ્રેસ | TMC | અન્ય |
| 12 | 01 | 29 | 00 |

**નવી દિલ્હી**

### ભાજપનો જાદૂ ચાલ્યો, કોંગ્રેસ અને 'આપ' ના ગઠબંધનને લોકોએ નકાર્યુ

દિલ્હીમાં ૭ બેઠકો પર આપ, કોંગ્રેસ વચ્ચે ગઠબંધનને લોકોએ નકાર્યુ હોય એમ તમામ સાત બેઠકો પર ભાજપનું કમળ ખિલ્યું હતું. જો કે પ્રતિસ્પર્ધીઓ કરતા ભાજપના સરસાઈ ધરાવતા ઉમેદવારો ખૂબ આગળ હોવાથી ૭માંથી ૭ બેઠકો પર ભાજપનો વિજય નિશ્ચિત બન્યો છે. ચાંદની ચોકથી ભાજપના પ્રવિણ ખંડલવાલ, ૮૯૩૨૫, નવી દિલ્હીથી બાંસુરી સ્વરાજ ૭૮૩૭૦ અને રામવીરસિંહ બિધુરી ૧૨૪૩૩૩ મતોથી વિજયી થયા છે. નોર્થ ઈસ્ટ દિલ્હી બેઠક પર મનોજ તિવારી ૧૩૭૦૬૬ મતોની સરસાઈ, ઈસ્ટ દિલ્હીમાં હર્ષ મલહોત્રા ૯૨૯૨૬ મતોની સરસાઈ, નોર્થ વેસ્ટ દિલ્હીમાં યોગેન્દ્ર ચાંદલોડિયા ૨૯૦૮૪૯ અને વેસ્ટ દિલ્હી કમલજીત શેરાવત ૧૯૬૫૭૩ મતોની સરસાઈ સાથે જીત તરફ અગ્રેસર છે. નોર્થ -ઈસ્ટ દિલ્હીમાં જીતના દાવેદાર ગણાતા કોંગ્રેસના ઉમેદવાર કનૈયાકુમાર પણ જીતી શકયા નથી.

**ઉત્તર પ્રદેશ**

### રાહુલ ગાંધી - અખિલેશ યાદવની જોડી 'ડબલ એન્જીન' ભારે પડી

૮૦ બેઠકો ધરાવતા રાજય પાસે કેન્દ્રની સત્તાની ચાવી હોવાનું માનવામાં આવે છે. વર્તમાન લોકસભા ચુંટણીના એકઝિટ પોલમાં ભાજપને યુપીમાં ૭૫થી ૭૭ બેઠકો મળશે તેવો દાવો કરવામાં આવતો હતો. કોંગ્રેસના નેતૃત્વમાં ઈન્ડિયા ગઠબંધન ૮૦માંથી ૪૪ બેઠકો પર સરસાઈ મેળવી હતી જેમાં સમાજવાદી પાટીર્ની ૩૮ અને કોંગ્રેસની ૬ બેઠકોનો સમાવેશ થતો હતો. આમ રાહુલ અને અખિલેશની જોડી યુપીમાં 'ડબલ એન્જીન' સરકારને ભારે પડી હતી. વર્તમાન લોકસભા ચુંટણીમાં રાયબરેલી ઉપરાંત સહરાનપુર, અલ્હાબાદ, બારાબંકી, સીતાપુર અને અમેઠી બેઠક પર કોંગ્રેસને જીત મળી છે. ખાસ વાત એ છે કે જે બેઠકમાં અયોધ્યા તીર્થનો સમાવેશ થાય છે તે ફૈઝાબાદ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર લલ્લુસિંહને ૫૦ હજાર કરતા વધુ મતોથી સપાના ઉમેદવાર અવધેશસિંહે પરાજય આપ્યો હતો.

**બિહાર**

### તેજસ્વીના તેજીલા ચુંટણી પ્રચારનો ફિયાસ્કો, બિહારમાં જેડીયુ, બીજેપીની જીત

૪૦ બેઠકોમાંથી ૩૩ બેઠકો પર ભાજપ અને જેડીયુ અને સહયોગી પક્ષોનો ઉમેદવારોને સફળતા મળી હતી. કોંગ્રેસ, લાલુપ્રસાદની આરજેડીના ઈન્ડિયા ગઠબંધનને ૭ બેઠકો પર સરસાઈ મળી હતી. બિહારમાં આરજેડીની બાગડોર સંભાળી રહેલા લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવે બિહારમાં જે રીતે ઝંઝાવતી તેજ ચુંટણી પ્રચાર શરુ કર્યો હતો તે જોતા ઈન્ડિયા ગઠબંધન બહેતર પ્રદર્શન કરશે એવું માનવામાં આવતું હતું પરંતુ ધારી સફળતા મળી નહી. નિતિશકુમારે વારંવાર પક્ષ પલટો કરીને એનડીએ સાથે આવન જાવનનો ખેલ પાડયો તે જોતા મતદારો નારાજ હોય તેવું માનવામાં આવતું હતું પરંતુ ચુંટણી પરિણામો જોતા બિહારે જેડીયુ અને બીજેપી ગઠબંધનની ફરી લાજ રાખી છે. નિતિશની જેડીયુને ૧૨, ચિરાગ પાસવાનની લોકજનશકિત ૫ અને ભાજપ ૧૨ બેઠકો પર સરસાઈ મળી છે.

**પશ્ચિમ બંગાળ**

### PM મોદીની વિશ્વસનિયતા ઘટી, તેમણે રાજીનામું આપવું જોઈએ : મમતા બેનર્જી

લોકસભા ચૂંટણીના પરિણામો પર પ્રતિક્રિયા આપતા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલના વડા મમતા બેનરજીએ કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશ્વસનિયતામાં ઘટાડો થયો છે. મોદીજીએ પોતાના દમ પર બહુમતી મેળવી નથી. તેમણે તાત્કાલીક રાજીનામું આપવું જાઈએ.' આ ઉપરાંત તેમણે દાવો કર્યો હતો કે, ઘણાં સ્થળોએ તૃણમૂલ ઉમેદવારોની જીત થઈ હોવા છતાં તેમને સર્ટિફિકેટ અપાયા નથી. તૃણમૂલના વડા મમતા બેનરજીએ કહ્યું છે કે, 'હું માત્ર એટલું જ ઈચ્છું છું કે તમામ રાજ્યોને તેમની આવકનો હિસ્સો મળવો જોઈએ. હું ઈચ્છું છું કે ઈડી-સીબીઆઈનો દુરુપયોગ બંધ થાય. અમે દેશભરમાં આંદોલન શરૂ કરીશું.' મમતાએ રાજકીય પક્ષોને અપીલ કરી છે કે, 'પૈસા કે કેન્દ્રીય એજન્સીઓના ડરથી ભાજપ સાથે ન રહો, આવો અમારી સાથે જોડાઓ.

# ગુજરાતમાં ક્લીનસ્વીપનું ભાજપનું સપનું રોળાયું: 25 બેઠક જીતી

## માત્ર ચાર જ બેઠક પર પાંચ લાખથી વધુ મતની સરસાઈ મળી

**અમદાવાદ**

ગુજરાતમાં લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. ભારતીય જનતા પાર્ટીએ 25 સીટો પર જીત મેળવી છે, જ્યારે બનાસકાંઠામાં ગેનીબેન ઠાકોરે ઈતિહાસ રચતા શાનદાર જીત મેળવી છે. આ વખતે ભાજપે 26 બેઠક જીતી હેટ્રીક કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. આ સાથે જ તમામ બેઠકો પર પાંચ લાખથી વધુની લીડ મેળવવા ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે કાર્યકરોને આહ્વાન કર્યું હતું. પરંતુ ભાજપનો આ ટાર્ગેટ પણ પૂરો થયો નથી. ત્રણ સીટ એવી છે જ્યાં ભારતીય જનતા પાર્ટીના જીતનું માર્જિન એક લાખથી ઓછું રહ્યું છે. રાજ્યમાં ચાર સીટ ભાજપે પાંચ લાખથી વધુ મતોથી જીતી છે, પરંતુ ત્રણ બેઠક તો 1 લાખથી ઓછા મતે જીતી છે. આ બેઠક પાટણ, આણંદ અને ભરૂચ છે.

## ત્રણ બેઠક પર ત્રણ લાખથી વધુ અને પાટણમાં માત્ર 31 હજારની લીડ



અમદાવાદ પશ્ચિમ, બારડોલી, દાહોદ, જામનગર, કચ્છ, સુરેન્દ્રનગર, વલસાડ બેઠક પર ભાજપે 2 લાખથી વધુની લીડ છે. અમદાવાદ પૂર્વ, અમરેલી, ભાવનગર, છોટા ઉદેપુર, ખેડા, મહેસાણા, પોરબંદર બેઠક પર ભાજપને 3 લાખથી વધુની લીડ છે. પાટણમાં ભારતીય જનતાના ભરતસિંહ ડાભી મેદાનમાં હતા,. તેમને કોંગ્રેસના ઉમેદવારે જોરદાર ટક્કર આપી હતી. એક સમયે કોંગ્રેસના ઉમેદવાર આગળ ચાલી રહ્યાં હતા. પરંતુ અંતે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભરતસિંહ ઠાકોરને માત્ર 31876 મતે જીત મળી છે. આણંદ લોકસભા સીટ પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર મિતેષ પટેલ હતા. મિતેશ પટેલને કુલ 6 લાખ 12 હજાર 484 મત મળ્યા છે. પરંતુ મિતેષ પટેલને માત્ર 89939 મતે જીત મળી છે. એટલે કે આ સીટનું માર્જિન પણ એક લાખથી ઓછું રહ્યું છે.

ભરૂચ લોકસભા સીટ પર મનસુખ વસાવાની ટક્કર આમ આદમી પાર્ટીના ચૈતર વસાવા સામે હતી. બંને વસાવા આમને-સામને આવતા જોરદાર ટક્કર જોવા મળી હતી. પરંતુ આ સીટ પર મનસુખ વસાવા 85696 મતે જીત મેળવવામાં સફળ રહ્યું છે. આ સીટ પર પણ માર્જિન ઘટ્યું છે.

## ગાંધીનગરમાં અમીત શાહ અને નવસારીમાં સીઆર પાટીલ સૌથી વધુ લીડ સાથે જીત્યા



ગાંધીનગર : નવસારી બેઠક પર ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલની સામે કોંગ્રેસના નૈષધ દેસાઇ મેદાનમાં હતા. અહીં પાટિલ 7.73 લાખથી વધુ મતની સરસાઈ સાથે જીત્યા હતા. ગાંધીનગર બેઠક પર કેન્દ્રીય ગૃહપ્રધાન અમીત શાહને અને કોંગ્રેસ નેતા સોનલ પટેલ વચ્ચે જંગ જામી હતી. આ બેઠક પર અમીત શાહને કુલ 10,10,972 મતો મળ્યા છે. જ્યારે કોંગ્રેસનાં ઉમેદવાર સોનલ પટેલને 2,66,256 મતો મળ્યા હતા. આ બેઠક પર અમીત શાહની 7, 44, 716 મતોની સરસાઈથી હરાવ્યા હતા. આ બેઠક પર અમીત શાહની ભવ્ય જીત થઈ છે. ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણી જે બેઠક પરથી ચૂંટણી લડતા હતા. તે ગાંધીનગર બેઠક પર 2019ના વર્ષે અમીત શાહ પ્રથમ વખત ચૂંટણી લડ્યા હતા. આ ચૂંટણીમાં તેમને 8,94,624 મતો મળ્યા હતા. ત્યારે તેમણે 5.57 લાખની લીડ હાંસલ કરી હતી.

## અહંકારની પડતીની શરૂઆત બનાસકાંઠાથી થઈ, હનુમાનજીએ ભાજપ પર પોતાની ગદા ફેરવી’



શક્તિસિંહ ગોહિલે કહ્યું, અહંકારની પડતીની શરૂઆત બનાસકાંઠાથી થઈ છે. ભાજપે લોકશાહીને કલંકિત કરી છે. હનુમાનદાદાએ પણ આ વખતે ભાજપ પર પોતાની ગદા ફેરવી હોય તેમ જણાય છે. ચૂંટણી પહેલેથી જ અબકી બાર 400 પારનો અહંકાર ભાજપે દર્શાવ્યો હતો. કોંગ્રેસ પક્ષે લોકોના સમર્થનથી ચૂંટણી લડ્યા. ચૂંટણીમાં કોંગ્રેસના 11 ખાતા ફ્રીઝ કરી દીધા હતા. બનાસની બહેનનો અવાજ હવે લોકસભામાં ગુંજશે.

## હારના ડરે બધાએ ચૂંટણી લડવાની ના પાડી, ત્યાં ગેનીબેને ટિકિટ માંગી



ચૂંટણીના પ્રારંભથી ગુજરાતમાં ભાજપની એક તરફ જીત જેવું ચિત્ર શરૂઆતમાં ઉભું થયું હતું. જેને પગલે ઘણાં કોંગ્રેસના નેતાઓએ ગુજરાતમાં આ વખતે ચૂંટણી લડવાની ના પાડી દીધી હતી. એટલું જ નહીં ઘણાં કોંગ્રેસના નેતાઓએ તો પાર્ટીએ આપેલી ટિકિટ સામેથી પાછી આપી દીધી હતી. એનું કારણ હતું હારનો ડર. પરંતુ ગેનીબેન એક એવા નેતા રહ્યાં જેમણે હારની પરવાહ કર્યા વિના પક્ષને સામેથી કહ્યું હતુંકે, મને કોઈનો ડર નથી, મને હારવાની ફિકર નથી મને ટિકિટ આપો હું જીતીને બતાવીશ. આખરે ગેનીબેને જીત હાંસલ કરી બતાવી. ગેનીબેને પોતાના ચૂંટણી ભાષણ દરમિયાન અશ્રુભીની આંખો સાથે મતદારો પાસે મત માંગ્યા હતાં. ગેનીબેને કહ્યું હતુકે, હું બનાસની બેટી છું. બનાસકાંઠાની જનતા મારી માઈબાપ છે. ત્યારે બનાસકાંઠાની જનતાએ મતોથી પોતાની ગેનીબેનીનું મામેર્યું ભર્યું છે.

## એક બેઠક ગુમાવ્યાનું દુઃખ પાટીલના ચહેરા પર દેખાયું, કહ્યું અમારી મહેનત ઓછી પડી



ગુજરાતમાં ક્લીન સ્વીપ કરવા મથી રહેલા ભાજપનું સપનુ રગદોળાયું છે. 25 બેઠકો જીતવાનો આનંદ એટલો નથી, જેટલી એક બેઠક ગુમાવવાનો રંજ દેખાઈ રહ્યો છે. પરિણામ બાદ ભાજપ પ્રદેશ પ્રમુખ પાટીલે મીડિયા સામે આવીને કહ્યું કે, કમનસીબે આ વખતે અમારી મહેનત ઓછી પડી. જાણે અજાણ્યે અમારી ભૂલને કારણે એક સીટ ગુમાવી છે. અમારી ભૂલને સુધારી કામ કરીશું. લોકસભા ચૂંટણીમાં ભવ્ય જીત બાદ સીઆર પાટીલ બોલ્યા કે, લોકસભાના ઈલેક્શનની આખી પ્રક્રિયા ગુજરાતમાં ખુબ જ શાંતિ પૂર્ણરૂપે પૂરી કરવામાં આવી છે.

## ક્ષત્રિયોના વિરોધની વચ્ચે રાજકોટમાં પરસોત્તમ રૂપાલાની 4.84 લાખની સરસાઈથી ભવ્ય જીત



ક્ષત્રીય સમાજે રાજકોટમાં ઉમેદવાર બદલાવની માંગ સાથે ભાજપની સાથે મોરચો માંડ્યો હતો. જો કે તેમ છતાં રાજકોટ બેઠક પરથી તેમની 4,84,260 લાખની લીડથી ભવ્ય જીત થઈ છે. ખૂબ જ વિવાદનું કેન્દ્ર બનેલી આ બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીને 4,84,260 મતોની સરસાઈથી હરાવ્યા છે. રૂપાલાને 8,57,984 મતો મળ્યા છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીને 3,73,724 મતો મળ્યા છે.

## જામનગરમાં પણ ક્ષત્રિય આંદોલનની અસર નહીં



જામનગર લોકસભાની બેઠક પર ભાજપ કોંગ્રેસ સહિત કુલ ૧૪ ઉમેદવાર મેદાનમાં હતા. જામનગરમાં આજે હરિયા કોલેજમાં મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. શરૂઆતના બે-ત્રણ રાઉન્ડ સુધી જામનગર જિલ્લા પંચાયતના સદસ્ય એવા કોંગ્રેસના ઉમેદવાર જે.પી. મારવિયા અને ભાજપના પૂનમબેન માડમ વચ્ચે ભારે રસાકસી જોવા મળી હતી. એક તબક્કે શરૂઆતમાં કોંગ્રેસના ઉમેદવાર આગળ પણ હતાં, પરંતુ ત્યાર પછીના દરેક રાઉન્ડમાં ભાજપના ઉમેદવારે સરસાઈ મેળવી કોંગ્રેસના ઉમેદવારને ખૂબ પાછળ રાખી દીધા હતા.જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમને ૬૨૦૦૪૯ મત અને કોંગ્રેસના ઉમેદવાર જે.પી. મારવિયાને ૩૮૨૦૪૧ મત મળ્યા હતાં. જેથી પૂનમબેન માડમ ૨૩૮૦૦૮ મત ની સરસાઈ મળી હતી. જામનગર બેઠક પરથી પૂનમબેન માડમની અને ભાજપની હેટ્રીક થવા પામી છે.

## ગુજરાતમાં કઈ બેઠક પર કોણ જીત્યું અને કોણ હાર્યું

| બેઠક | કોણ જીત્યું? | કોણ હાર્યું? | માર્જિન | વધ્યું/ઘટ્યું |
|---|---|---|---|---|
| કચ્છ (SC) | વિનોદ ચાવડા | નીતીશ લાલણ | 2.68 લાખ | -36 હજાર |
| બનાસકાંઠા | ગેનીબેન ઠાકોર | ડૉ.રેખા ચૌધરી | 30 હજાર | - |
| પાટણ | ભરતસિંહ ડાભી | ચંદનજી ઠાકોર | 31 હજાર | -1.62 લાખ |
| મહેસાણા | હરિભાઈ પટેલ | રામજી ઠાકોર | 3.28 લાખ | +46 હજાર |
| સાબરકાંઠા | શોભના બારૈયા | તુષાર ચૌધરી | 1.55 લાખ | -1.13 લાખ |
| ગાંધીનગર | અમિત શાહ | સોનલ પટેલ | 7.44 લાખ | +1.87 લાખ |
| અમદાવાદ પૂર્વ | હસમુખ પટેલ | હિંમતસિંહ પટેલ | 4.61 લાખ | +27 હજાર |
| અમ. પ(SC) | દિનેશ મકવાણા | ભરત મકવાણા | 2.86 લાખ | -35 હજાર |
| સુરેન્દ્રનગર | ચંદુ શિહોરા | ઋત્વિક મકવાણા | 2.61 લાખ | -15 હજાર |
| રાજકોટ | પરસોત્તમ રૂપાલા | પરેશ ધાનાણી | 4.84 લાખ | +1.15 લાખ |
| પોરબંદર | મનસુખ માંડવિયા | લલિત વસોયા | 3.83 લાખ | +1.53 લાખ |
| જામનગર | પૂનમ માડમ | જે.પી.મારવિયા | 2.38 લાખ | +1.2 હજાર |
| જૂનાગઢ | રાજેશ ચુડાસમા | હિરા જોટવા | 1.35 લાખ | -14 હજાર |
| અમરેલી | ભરત સુતરીયા | જેનીબેન ઠુંમર | 3.21 લાખ | +1.19 લાખ |
| ભાવનગર | નિમુબેન બાંભણિયા | ઉમેશ મકવાણા(આપ) | 4.55 લાખ | +1.25 લાખ |
| આણંદ | મિતેશ પટેલ | અમિત ચાવડા | 89 હજાર | -1.07 લાખ |
| ખેડા | દેવુસિંહ ચૌહાણ | કાળુસિંહ ડાભી | 3.57 લાખ | -9 હજાર |
| પંચમહાલ | રાજપાલસિંહ જાધવ | ગુલાબસિંહ ચૌહાણ | 5.09 લાખ | +80 હજાર |
| દાહોદ (ST) | જસવંતસિંહ ભાભોર | ડૉ.પ્રભા તાવિયાડ | 3.33 લાખ | +2.06 લાખ |
| વડોદરા | હેમાંગ જોષી | જશપાલ પઢિયાર | 5.82 લાખ | -7 હજાર |
| છો.ઉદેપુર (ST) | જશુ રાઠવા | સુખરામ રાઠવા | 3.98 લાખ | +20 હજાર |
| ભરૂચ | મનસુખ વસાવા | ચૈતર વસાવા(આપ) | 85 હજાર | -2.48 લાખ |
| બારડોલી (ST) | પ્રભુ વસાવા | સિદ્ધાર્થ ચૌધરી | 2.30 લાખ | +14 હજાર |
| નવસારી | સી.આર.પાટીલ | નૈષધ દેસાઈ | 7.73 લાખ | +83 હજાર |
| વલસાડ (ST) | ધવલ પટેલ | અનંત પટેલ | 2.10 લાખ | -1.43 લાખ |

(વધ્યું ઘટ્યું - 2019ની સરખામણીએ)

# પેટાચૂંટણી : વિધાનસભાની પાંચેય બેઠકો પર ભાજપનો કબજો

## છ મહિનામાં કોંગ્રેસ, આપ અને અપક્ષ મળીને 5 ધારાસભ્યો ભાજપમાં જોડાઇ જતા પેટા ચૂંટણી યોજવાની નોબત આવી હતી

**ગાંધીનગર**

ભાજપે વિધાનસભા પેટાચૂંટણીમાં જીતનો સ્વાદ ચાખ્યો છે. ગત વિધાનસભામાં જે પાંચ બેઠકો પર ભાજપે હારનો સામનો કરવો પડ્યો હતો, તેને ભાજપે હાંસિલ કરી લીધી છે. લોકસભાની ચૂંટણી સાથે યોજાયેલી ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીના પરિણામ આવી ગયા છે. આ તમામ બેઠકો પર ભાજપ જંગી જીત સાથે આગળ છે. ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણી ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠક પર યોજાઇ હતી. જે પાંચેય બેઠકોના પરિણામો પણ આવી ગયા છે, અને



તમામ બેઠકો ભાજપના ફાળે ગઈ છે.

182 સભ્યો વાળી ગુજરાત વિધાનસભાની 2022માં ચૂંટણી યોજાઈ હતી. તે સમયે ભાજપે રેકોર્ડ બ્રેક જીત મેળવતા 156 બેઠકો પર જીત મેળવી હતી. ત્યારે કૉંગ્રેસને 17, આમ આદમી પાર્ટીને 5, અપક્ષના 3 અને સમાજવાદી પાર્ટીની 1 બેઠક પર જીત મળી હતી. ગુજરાત વિધાનસભાની હાલની સ્થિતિ ભાજપના 156, કૉંગ્રેસ 13, આમ આદમી પાર્ટી 4, અપક્ષ 2 અને સપાના 1 ધારાસભ્ય છે. ગત છ મહિનામાં કોંગ્રેસ, આપ અને અપક્ષના મળીને 5 ધારાસભ્યોએ પક્ષપલટો કરીને ભાજપમાં પ્રવેશ કર્યો હતો. જેને ભાજપે વિધાનસભાની પેટાચૂંટણીમાં ટિકિટ આપી હતી. ત્યારે આ પાંચેય વિધાનસભા બેઠકો પર ભગવો લહેરાયો છે.

| | | |
|---|---|---|
| વિજાપુર બેઠક | | |
| ભાજપ | સીજે ચાવડાની | જીત |
| કોંગ્રેસ | દિનેશ પટેલની | હાર |
| પોરબંદર બેઠક | | |
| ભાજપ | અર્જુન મોઢવાડિયાની | જીત |
| કોંગ્રેસ | રાજુ ઓડેદરાની | હાર |
| માણાવદર બેઠક | | |
| ભાજપ | અરવિંદ લાડાણીની | જીત |
| કોંગ્રેસ | હરિભાઇ કણસાગરાની | હાર |
| ખંભાત બેઠક | | |
| ભાજપ | ચિરાગ પટેલની | જીત |
| કોંગ્રેસ | મહેન્દ્રસિંહ પરમારની | હાર |
| વાઘોડિયા બેઠક | | |
| ભાજપ | ધર્મેન્દ્રસિંહ વાઘેલાની | જીત |
| કોંગ્રેસ | કનુભાઇ ગોહિલની | હાર |

# હવે સંસદમાં ગુજરાતી ક્રિકેટર ફટકાબાજી કરશે, કોંગ્રેસના સૌથી મોટા નેતાને હરાવ્યા

**વડોદરા**

લોકસભા ચૂંટણી 2024માં ગુજરાતી ક્રિકેટર યુસુફ પઠાણે બહેરામપુર સીટથી જીત મેળવી છે. જી હા...તૃણમૂલ કોંગ્રેસ (AITC) વતી ચૂંટણી લડનારા યુસુફ પઠાણે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અધીર રંજન ચૌધરીને હરાવ્યા હતા. યુસુફ પઠાણ 2007 અને 2011માં વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો સભ્ય રહી ચૂક્યા છે. યુસુફ રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સની આઈપીએલ વિજેતા ટીમનો સભ્ય પણ રહી ચૂક્યા છે. 41 વર્ષીય ગુજરાતી યુસુફ પઠાણ બહેરામપુર સીટ પર કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી અને બીજેપી નેતા નિર્મલ કુમાર સાહા સામે ચૂંટણી લડી રહ્યા હતા. યુસુફ પઠાણને 4,08,240 મત મળ્યા હતા. તેમણે છેલ્લી લોકસભામાં વિરોધ પક્ષના નેતા રહેલા અધીર રંજન ચૌધરીને 59,351 મતોથી હરાવ્યા હતા.

# ચૂંટણીના 4 દિવસ પહેલાં મોદીની 4 સભા થઈ તેમાં 3 સ્થળે સરસાઇ ઘટી

**રાજકોટ**

ગત તા.3-4-2024ના વડાપ્રધાન ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે આવ્યા હતા અને આણંદના વિદ્યાનગર ખાતે શીમેદાનમાં, સુરેન્દ્રનગરના ત્રિમંદિર સામે મેદાનમાં, જુનાગઢના કૃષિ યુનિ.ના મેદાનમાં અને જામનગરમાં પ્રદર્શન ગ્રાઉન્ડમાં સભા યોજી હતી. દરમિયાન મંગળવારે ગુજરાતની ૨૫ લોકસભા બેઠકો સાથે આ ચાર બેઠકોના પરિણામ જાહેર થયા ત્યારે આણંદમાં તો ભાજપને માત્ર 89,939ની લીડ માંડ મળી હતી. જ્યારે જુનાગઢમાં અગાઉની ચૂંટણીમાં 1.50 લાખની લીડ ઘટીને 1.35 લાખ થઈ ગઈ હતી. સુરેન્દ્રનગરમાં પણ અગાઉની ચૂંટણીમાં 2,77,437ની લીડ 2024માં ઘટીને 2,60,907 થઈ હતી. જ્યારે જામનગરની બેઠકમાં ભાજપની લીડમાં માત્ર 1200ના વધારા સાથે યથાવત્ રહી હતી. ઉલ્લેખનીય છે કે ભાજપનું સ્વપ્ન ગુજરાતમાં પાંચ લાખ લીડનું હતું જે મોદીના ચૂંટણીના ચાર દિવસ પહેલાના પ્રચારથી લક્ષ્યાંકની નજીક પણ નથી પહોંચ્યું. એટલે ભાજપ માટે હવે ગુજરાતમાં પણ મુશ્કેલી સર્જાય શકે તેમ છે.

# પંજાબમાં ખેડૂતોનો રોષ નડયો, ગામમાં ભાજપને પ્રવેશવા ન્હોતા દેતા: રૂપાણી

**રાજકોટ**

દેશનું એક મહત્વનું રાજ્ય પંજાબમાં કૂલ 13 પૈકી ભાજપને સમ ખાવા પુરતી એક બેઠક પણ મળી નથી. જ્યારે કોંગ્રેસને સૌથી વધારે 7 બેઠકો તથા ઈ.ડી.એ જેની ભ્રષ્ટાચારના ગુનામાં ધરપકડ કરી તે કેજરીવાલના પક્ષ આમ આદમી પાર્ટીને પણ પંજાબના મતદારોએ 3 બેઠક પર વિજય અપાવ્યો છે. ત્યારે પંજાબમાં ભાજપના પ્રભારી અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને આઅંગે પુછતા જણાવ્યું કે પંજાબમાં ભાજપ વિરુધ્ધ ખેડૂતોનો રોષ હતો, સરકાર સામે કિસાન આંદોલન ચાલી રહ્યું છે, પંજાબમાં આમ પણ ભાજપને જીતવું મુશ્કેલ જ હતું, કેટલાક ગામોમાં તો ખેડૂતો ભાજપને પ્રવેશવા પણ દેતા ન્હોતા જે કારણે ત્યાં એક પણ બેઠક મળી નથી.

# લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના 4.59 લાખ મતદારોએ દબાવ્યું 'નોટા'નું બટન

**અમદાવાદ**

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં કુલ ૨.૮૮ કરોડ મત પડ્યા હતા અને તેમાંથી ૪.૫૯ લાખ મતદારોએ 'નન ઓફ ધ અબોવ' (નોટા) ઉપર પસંદગી ઉતારીને તેમની સમક્ષ ઉપલબ્ધ તમામ ઉમેદવારોના વિકલ્પને જાકારો આપ્યો હતો. 'નોટા' નો સૌથી વધુ ઉપયોગ કરવામાં દાહોદ, છોટા ઉદેપુર, બારડોલી જેવી આદિવાસી બેઠક મોખરે રહ્યાં. ગત ટર્મ કરતા નોટાના ઉપયોગમાં 10 ટકાનો વધારો થયો હોવાનું પણ પરિણામો બાદ સામે આવ્યું.

'નોટા' ને મામલે એસટી બેઠક દાહોદ સતત બીજી લોકસભા ચૂંટણીમાં મોખરે રહ્યું હતું. ૨૦૧૯માં ૩૧,૯૩૬ જ્યારે ૨૦૨૪માં ૩૪,૯૩૫ મતદારોએ 'નોટા' ઉપર પસંદગી ઉતારી હતી. 'નોટા'માં અન્ય એક એસટી બેઠક છોટા ઉદેપુર ૨૯૯૫૫ સાથે બીજા સ્થાને છે.

**કઇ બેઠકમાંથી કેટલા 'નોટા'**

| બેઠક | NOTA | બેઠક | NOTA |
|---|---|---|---|
| | | વલસાડ(ST) | 18,388 |
| દોહોદ(ST) | 34,938 | પાટણ | 16,722 |
| છોટા ઉદેપુર (ST) | 29,655 | આણંદ | 15,930 |
| ભરૂચ | 23,283 | રાજકોટ | 15,922 |
| બનાસકાંઠા | 22,160 | જુનાગઢ | 14,013 |
| ગાંધીનગર | 22,005 | અમદાવાદ પશ્ચિમ | 14,007 |
| સાબરકાંઠા | 21,076 | પોરબંદર | 13,004 |
| નવસારી | 20,462 | સુરેન્દ્રનગર | 12,796 |
| પંચમહાલ | 20,103 | મહેસાણા | 11,626 |
| ખેડા | 18,824 | અમરેલી | 11,349 |
| ભાવનગર | 18,765 | જામનગર | 11,084 |
| કચ્છ(SC) | 18,604 | અમદાવાદ પૂર્વ | 10,503 |

# ચૂંટણીમાં ઝંપલાવનારા 266માંથી 215 ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ

**અમદાવાદ**

ગુજરાતમાં લોકસભા ચૂંટણી 2024માં 266 ઉમેદવારો પૈકી 215 ઉમેદવારોની ડિપોઝિટ પરત આવે એટલાય વોટ મળ્યા નથી. આ તમામ ઉમેદવારની ડિપોઝિટ જપ્ત થઈ જશે. ડિપોઝિટ પરત મેળવવા ઉમેદવારે કુલ મતદાનના છઠ્ઠા ભાગના મત પ્રાપ્ત કરવા અનિવાર્ય હોય છે. ડિપોઝિટ ગુમાવનાર ઉમેદવારોની સંખ્યા ગત ચૂંટણી કરતા ઘણી ઓછી જોવા મળી છે. કારણ કે, ગત ચૂંટણીની સરખામણીએ આ વખતે ઉમેદવારોની સંખ્યા પણ ઓછી નોંધાઈ હતી. સામાન્ય કેટેગરીના ઉમેદવારની ડિપોઝિટ રકમ રૂપિયા 25,000 અને રિઝર્વ કેટેગરીના ઉમેદવારની ડિપોઝિટ રુપિયા 12,500 હોય છે. સૌથી વધુ અમદાવાદ પૂર્વની બેઠકમાં 16 ઉમેદવાર, નવસારીમાં 12, વડોદરામાં 12, ગાંધીનગરમાં 12, પંચમહાલમાં 6, છોટા ઉદેપુરમાં 4, રાજકોટમાં 7, બનાસકાંઠામાં 10, ખેડામાં 10, વલસાડમાં 5, ભરૂચમાં 11, ભાવનગરમાં 11, અમદાવાદ પશ્ચિમમાં 4, કચ્છમાં 9, મહેસાણામાં 4, સુરેન્દ્રનગરમાં 12, સાબરકાંઠામાં 12, જામનગરમાં 12, પોરબંદરમાં 10, બારડોલીમાં 1, અમરેલીમાં 6, આણંદમાં 5, પાટણમાં 8, જૂનાગઢમાં 9 અને દાહોદમાં 7 ઉમેદવારે ડિપોઝીટ ગુમાવી છે.

## 2019ની સરખામણીમાં ભાજપનો વોટ શેર 2 ટકા ઘટીને 61.86 ટકા થયો, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો વોટશેર 34 ટકા પર પહોંચ્યો

# 30 વિધાનસભા મત વિસ્તારમાં કોંગ્રેસ મજબૂત, ભાજપનો વોટશેર ઘટ્યો

**અમદાવાદ**

ગુજરાતમાં ભાજપ 4 બેઠકો નવસારી, ગાંધીનગર, વડોદરા અને પંચમહાલ સિવાય ક્યાંક પાંચ લાખથી વધુની લીડને પાર થઈ શકાયુ નથી. બનાસકાંઠા, જૂનાગઢ, ભરૂચ, પાટણ અને આણંદ એમ પાંચેક લોકસભા ક્ષેત્રો હેઠળની ૩૦ વિધાનસભાઓમાં આ ચૂંટણીની અસર રહી છે. અહીં ભાજપનું જોર ઘટ્યું છે. અઢી વર્ષ પહેલાં વિધાનસભાની ચૂંટણીમાં આપ અને કોંગ્રેસે અલગ અલગ ચૂંટણી લડતાં કોંગ્રેસ 17 સીટો પર સમેટાઈ ગઈ હતી. લોકસભાની ચૂંટણીની લાંબો ટાઈમ અસર રહી તો બનાસકાંઠા, ખેડા જિ.પંચાયત અને ૭૫ પાલિકાઓમાં કોંગ્રેસ ફાવે તેવી સંભાવના છે? વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હોમ ટાઉનમાં તમામ 26 બેઠકો જીતીને હેટ્રીક ફટકારવાના પ્રયાસમાં મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસે બનાસકાંઠા બેઠક કબજે કરી ભાજપને ઝટકો આપ્યો છે. ભારતીય જનતા પાર્ટી (BJP) એ ગુજરાતની 26 લોકસભા બેઠકોમાંથી 25




બેઠકો જીતી હતી, પરંતુ ચૂંટણી પંચના ડેટા મુજબ, 2019ની ચૂંટણીમાં તેનો વોટ શેર 63.11 ટકા હતો તે ઘટીને 61.86 ટકા થઈ ગયો છે.

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP)ના ગઠબંધનનો વોટશેર 33.93 ટકા રહ્યો છે. જેમાં કોંગ્રેસનો વોટ શેર 31.24 ટકા છે. છેલ્લા ત્રણ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનો વોટશેર 31 ટકાની આસપાસ રહ્યો છે. 30 ટકા ગુજરાતીઓ કોંગ્રેસને આજે પણ વોટ આપે છે. આમ આદમી પાર્ટી (AAP) ભરૂચ અને ભાવનગર બેઠકો જીતી શકી નથી. આપના બંને ધારાસભ્યોને ઝટકો લાગ્યો છે. ગુજરાતમાં વિપક્ષ એક થઈને લડયો તેમાં સૌથી વધુ વસ્તી અને ક્ષેત્રફળ ધરાવતા બનાસકાંઠા જેવા મોટા જિલ્લામા કોંગ્રેસને જીત મળી છે. ભાજપનો એકાધિકાર તુટ્યો છે. આગામી સમયમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત, ૧૨ તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં કોંગ્રેસને તક મળે તો નવાઈ નહી બનાસકાંઠા સાથે સપ્ટેમ્બર પછી ખેડા જિલ્લા પંચાયત અને તેના તાબાની પાંચ તાલુકા પંચાયતો તેમજ રાજ્યમા ૭૫થી વધારે નગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપ સામે એક મજબૂત પડકાર ઉભો થશે તે નક્કી છે.

# એક્ટ્રેક્ટિવ લુક આપશે સ્લીવલેસ આઉટફિટ

ગરમીમાં રાહત મળે એવા આપણે સતત પ્રયત્ન કરતાં હોઇએ છીએ. એ માટે ફૂડથી માંડી આઉટફિટ પર પૂરતું ધ્યાન આપીએ છીએ. યુવતીઓ સમરમાં કૂલ લુક માટે સ્લીવલેસ આઉટફિટને પ્રથમ પ્રાયોરીટી આપે છે. બદલતા ટ્રેન્ડ્સની સાથે સ્લીવલેસ ડ્રેસનો ટ્રેન્ડ એવરગ્રીન રહ્યો છે.



## સ્લીવલેસ ટેન્ક ટોપ

કુલનેસની સાથે સ્ટાઇલ પણ જોઇતી હોય તો સ્લીવલેસ ટેન્ક ટોપ બેસ્ટ ઓપ્શન છે. વ્હાઇટથી માંડી દરેક કલરમાં ઉપલબ્ધ ટેન્ક ટોપને બેગી પેન્ટ સાથે અથવા તો બેલબોટમ પેન્ટ સાથે કેરી કરી શકો છો. એનાથી કમ્ફર્ટ અને પર્ફેક્ટ સ્ટાઇલ મળે છે. ટેન્ક ટોપમાં પણ સ્કેવર નેક, વી નેક, રાઉન્ડ નેક પેટર્નને સમરમાં પહેરવાનો આગ્રહ રાખવો. હાઇ નેક ટેન્ક ટોપને પહેરવાનું ટાળવું. સ્કિન ફ્રેન્ડલી ફેબ્રિકમાંથી બનેલ ટેન્ક ટોપ આરામદાયક અને એક્ટ્રેક્ટિવ લાગે છે.



## સ્લીવલેસ શોર્ટ કુરતી

રુટિનમાં ગરમીથી બચવા અને આકર્ષક લુક મેળવવા સ્લીવલેસ શોર્ટ કુરતી ટ્રાય કરી શકાય છે. આ પ્રકારની કુરતી એવરગ્રીન છે. તેને કોલેજ ગોઇંગ ગર્લથી માંડી વર્કિંગ વુમન કેરી કરી શકે છે. શોર્ટ સ્લીવલેસ કુરતી સાથે પેન્ટ, પ્લાઝો કે સ્કર્ટ ટ્રાય કરી શકો છો. કુરતી પ્લેન હોય તો પ્લાઝો અને સ્કર્ટ પ્રિન્ટેડ પહેરવાનું પ્રિફર કરવું, પરંતુ કુરતી પ્રિન્ટેડ હોય તો પ્લાઝો અથવા સ્કર્ટ પ્લેન સિલેક્ટ કરવું, એનાથી આકર્ષક લુક મળશે.



## લોંગ સ્લીવલેસ કુરતી

લોંગ કુરતીનો ટ્રેન્ડ દરેક એજની યુવતીઓમાં છે. યંગ જનરેશન લોંગ સ્લીવલેસ કુરતીની સાથે જિન્સ પહેરવાનો આગ્રહ રાખે છે. લોંગ સ્લીવલેસ કુરતી સાથે જિન્સ તો જોરદાર લાગે જ છે. આ ઉપરાંત તમે કુરતી સાથે મિક્સ મેચ કરતાં પ્લાઝોની પસંદગી પણ કરી શકો છો. પ્લાઝો ન પહેરવો હોય તો કોટન પેન્ટ પણ બેસ્ટ ઓપ્શન છે. આજકાલ ચિકન મટિરિયલમાં સ્લીવલેસ લોંગ કુરતી હોટ ફેવરિટ છે.



## ટ્રેડિશનલ લુક

ગરમીમાં ટ્રેડિશનલ લુકની સાથે ક્લાસી લાગવું હોય તો સ્લીવલેસ કુરતા સેટ કેરી કરી શકો છો. કોટન અને સોફ્ટ ફેબ્રિકમાંથી બનેલ કુરતા સેટ પરસેવાને શોષવાનું કામ કરશે. જેથી ગરમીમાં અકળામણ નહીં થાય. આ ઉપરાંત પરફેક્ટ ફિટિંગમાં હોવાથી સ્ટાઇલ પણ આપશે. કુરતા સેટને તમે ઓફિસ, કોલેજ કે કોઇ ફંક્શનમાં કેરી કરી શકો છો. ટ્રેડિશનલ લુક માટે તેની સાથે ઓક્સોડાઇઝની એરિંગ્સ ટ્રાય કરો.

## લોકસભાની ચૂંટણીમાં દિગ્ગજોના ભાવિનો ફેંસલો

### જીતેલા દિગ્ગજો

| | |
|---|---|
| નરેન્દ્ર મોદી | વારાણસી |
| રાજનાથસિંહ | લખનઉ |
| નીતિન ગડકરી | નાગપુર |
| કંગના રનૌત | મંડી |
| ગિરીરાજસિંહ | બેગુસરાઈ |
| મનોજ તિવારી | નોર્થ-ઈસ્ટ દિલ્હી |
| મહેશ શર્મા | ગૈતમબુદ્ધનગર |
| રવિ કિશન | ગોરખપુર |
| તેજસ્વી સૂર્યા | બેંગલુરૂ દક્ષિણ |
| સંબિત પાત્રા | પુરી |
| દુષ્યંત સિંહ | ઝાલાવાડ |
| નિશિકાંત દુબે | ગોડ્ડા |
| રાવ ઈન્દ્રજિતસિંહ | ગુડગાવ |
| ઓમ બિરલા | કોટા |
| જ્યોતિરાદિત્ય સિંધિયા | ગુના |
| જીતનરામ માંઝી | ગયા |
| નિત્યાનંદ રાય | ઉજિયારપુર |
| રાજીવપ્રતાપ રૂડી | સારણ |
| રામકૃપાલ યાદવ | પાટલિપુત્ર |
| તારિક અનવર | કટિહાર |
| રાહુલ ગાંધી | રાયબરેલી- વાયનાડ |
| શશી થરૂર | તિરુવનંતપુરમ |
| અખિલેશ યાદવ | કન્નૌજ |
| ડિમ્પલ યાદવ | મૈનપુરી |
| અફઝલ અન્સારી | ગાઝીપુર |
| ધર્મેન્દ્ર યાદવ | આઝમગઢ |
| અભિષેક બેનરજી | ડાયમંડ હાર્બર |
| મહુઆ મોઈત્રા | કૃષ્ણનગર |
| સુરેન્દ્ર પ્રસાદ યાદવ | જહાનાબાદ |
| અસદુદ્દીન ઓવૈસી | હેદરાબાદ |

### હારેલા દિગ્ગજો

| | |
|---|---|
| સ્મૃતિ ઈરાની | અમેઠી |
| સંજીવ બાલિયાન | મુઝફ્ફરનગર |
| દિનેશલાલ નિરહુઆ | આઝમગઢ |
| મેનકા ગાંધી | સુલતાનપુર |
| રાજબબ્બર | ગુડગાવ |
| કન્હૈયાકુમાર | નોર્થ-ઈસ્ટ દિલ્હી |
| વૈભવ ગેહલોત | મુઝફ્ફરનગર |
| રાજીવ ચંદ્રશેખરન | તિરુવનંતપુરમ |
| અર્જુન મુંડા | ખુંટી |
| ઓમર અબ્દુલ્લા | કાશ્મીર |
| મહેબૂબા મુફ્તી | કાશ્મીર |
| અધીર રંજન ચૌધરી | બહેરામપુર |

## ઈન્દોરમાં NOTAને 1 લાખથી વધુ લોકોએ પસંદ કર્યું

ઈન્દોર : મધ્યપ્રદેશની ઈન્દોર સીટ પર NOTAને અત્યાર સુધીમાં સૌથી વધુ મત મળ્યા છે. આ સાથે ઈન્દોરમાં ‘NOTA’ એ બિહારના ગોપાલગંજનો અગાઉનો રેકોર્ડ તોડ્યો છે. અત્યાર સુધીમાં NOTAને 1 લાખથી વધુ મતો મળ્યા છે. NOTAએ ગત ચૂંટણીમાં બિહારના ગોપાલગંજમાં સૌથી વધુ મતદાનનો રેકોર્ડ તોડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, 2019ની લોકસભા ચૂંટણીમાં બિહારની ગોપાલગંજ સીટ પર ‘NOTA’ને સૌથી વધુ વોટ મળ્યા હતા.

## ચૂંટણી ઐતિહાસિક, 64 કરોડ મતદારોએ સર્જ્યો રેકોર્ડ

નવી દિલ્હી : મીડિયાને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે અમે 642 મિલિયન(64.2 કરોડ) મતદારોનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ તમામ જી7 દેશોના મતદારો કરતાં 1.5 ગણું અને યુરોપીયન સંઘના 27 દેશોના મતદારો કરતાં 2.5 ગણું છે. સીઈસી રાજીવ કુમારે કહ્યું કે ચૂંટણી કાર્યકરોની સાવચેતી અને સતર્કતાથી અમે પુન: મતદાનની પ્રક્રિયા ઓછી કરી. 2024ની સામાન્ય ચૂંટણીમાં માત્ર 39 રિપોલ થયા હતા, જ્યારે 2019માં 540 પુન: મતદાન કરવામાં આવ્યું હતું.

## ફાધર્સ ડે : પાપા તો મેરે ભગવાન હૈ

ફાધર્સ ડે દર વર્ષે જૂનના ત્રીજા રવિવારે પિતાનું સન્માન કરવા અને તેમના પ્રેમના મહત્વને અંકિત કરવા માટે ઉજવવામાં આવે છે. આ વર્ષે ૨૦૨૪માં ફાધર્સ ડે ૧૬મી જૂન રવિવારના દિવસે ઉજવવામાં આવશે. ચાલો પિતાનું જીવનમાં શું સ્થાન છે તે જોઈશું.

**ઘરનો મોભ એટલે પિતા**

જો માતા ઘરનું માંગલ્ય હોય છે, તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. પણ આપણે ઘરના આ અસ્તિત્વને ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો ??? લેખકો-કવિઓએ પણ માતાના જ ખુબ વખાણ કર્યા છે. આ ઉપરાંત સારી વસ્તુને માતાની જ ઉપમા આપવામાં આવે છે. પણ રોજબરોજ પિતાનું મહત્વ હોવા છતાં ક્યાંય પિતા વિશે નથી બોલવામાં આવતું કે નથી લખવામાં આવતું!

જો માતા આંસુનો દરિયો છે તો પિતા સંયમની દીવાલ. રોજ આપણને સગવડ કરી આપનારી માતા તો યાદ રહે છે. પરંતુ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ. દુ:ખ તો એ વાતનું છે કે, બધાંની સામે માતા મોકળા મને રડી શકે છે. પણ સહુને આશ્વાસન (સાંત્વન) આપવાનું કામ તો પિતા જ કરે છે. પરંતુ રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડુસકાં ભરે છે તે આપણા પિતા હોય છે. અરે! પોતાના પિતાનું મૃત્યુ થયું હોવા છતાં તેઓ મોકળા મને રડી શકતા નથી, કેમ કે નાના ભાઈ-બહેનોને સાચવવાના હોય છે, પોતાની માતા મૃત્યુ પામે તો તેઓ રડી પણ શકતા નથી. કારણ કે, ભાઈ- બહેનને આધાર આપવાનો હોય છે. દૈવ યોગે જો પોતાની જીવન સંગિનીનું ભર યુવાનીમાં વિજોગ થાય તો દુ:ખને હૃદયમાં છુપાવીને સંતાનોના આંસુ લૂછીને તેઓને આત્મનિર્ભર બનાવે છે.

**શાસ્ત્રો અને ઇતિહાસમાં પિતાનું સ્થાન**

જીજાબાઈએ શિવાજીને ઘડયા એમ ચોક્કસ પણે માનીએ છીએ. પરંતુ એ સમયે તેમના પિતા શાહજી રાજાએ કરેલા પ્રચંડ પુરુષાર્થને કેમ વિસરી જવાય ? ભલે, દેવકી અને યશોદાએ કૃષ્ણને લાડકોડ કર્યા પણ મધરાતે યમુના નદીના પુરમાંથી માથા પર ટોપલામાં કૃષ્ણને સુરક્ષિતપણે ગોકુળ નંદ યશોદા ગૃહે લઈ જનારા વાસુદેવને કેમ ભુલાય! રામ એ ભલે કૌશલ્યા નંદન છે પણ પુત્ર વિયોગે પ્રાણ ત્યજનાર તો પિતા દશરથ છે જેને આજે કોણ યાદ કરે છે. રામને તો બધા કૌશલ્યા નંદન તરીકે જ ઓળખે છે.

ખુશીનો ખજાનો અને સમર્પણ પિતાઃ- પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતા જ સહુથી નજીકની લાગે છે. કારણ કે પુત્રને સોડમાં લે છે. વખાણ કરીને આશિષ આપે છે, બીજી તરફ ગુપચુપ જઈને પેંડાનું પડીકું લાવનારા પિતાને કોઈ ધ્યાનમાં લેતું નથી. ભલે ખુદ સાંધેલા વસ્ત્રો પહેરે પણ દીકરાને બ્રાન્ડેડ શર્ટ અને જીન્સ લઈ દેશે. તેઓ પગમાં તૂટેલા બુટ પહેરશે, પ ણ દીકરા દીકરી માટે કર કસર કર્યા વિના હસતા મુખે મોંઘા બુટ લઈ આપશે. આપણી પાસે ઉત્સવો તો ઝાઝા છે પણ પિતા સેવા કરીને તેમના પ્રત્યેનું ઋણ અદા કરવુ જોઈએ. જો તેમના જીવતા આ સદકાર્ય કરીશું તો ક્યારેય જીવનમાં પિતૃ દોષની વિધિ નહીં કરવી પડે.

જો તમે એક પિતા હો તો તેનું ગૌરવ સમજજો !

પિતૃ દેવો ભવઃ .

મારા લેખની સમાપ્તિ પિતૃ ઋણ અદા કરતા ગીતો થી કરું છું.

ખોટ પડી છે તમારી અમને..
*ચંદા કી ચાંદની પાપા
સૂરજ કી રોશની પાપા,
ધરતી કા ધીરજ પાપા
અંબર સે ઊંચે પાપા,
પાપા તો મેરે ભગવાન હૈ,
પાપા સે મેરી પેહચાન હૈ.
*મા કી મમતા સબ હી સુનાતે
મૈં બતલાઉં ક્યા પિતા!
રોટી કપડાં ઔર મકાન
પરિવાર કા સારા જહાં હૈ પિતા.

**- ડો.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)**

# પૂર્વ ભારતમાં પાંચ દિવસ હીટવેવ : ઓડિશામાં 36ના મોત

## આંધ્રપ્રદેશ, રાયલસીમા, ઉત્તર આંતરિક કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ વરસાદ, ઉત્તરાખંડ અને પશ્ચિમ મધ્ય પ્રદેશમાં કરા પડ્યા

**નવી દિલ્હી**

દેશના પૂર્વી ભાગો, ઉત્તર પ્રદેશ અને ઉત્તર મધ્યપ્રદેશના અલગ-અલગ ભાગોમાં આગામી પાંચ દિવસ સુધી હીટવેવની સ્થિતિ યથાવત રહી શકે છે. બીજી તરફ ઓડિશામાં ભીષણ ગરમીના કારણે અત્યાર સુધીમાં 36 લોકોએ જીવ ગુમાવ્યા છે. બુધવારે, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઉચ્ચ વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા થઈ હતી. રાષ્ટ્રીય રાજધાની અને આસપાસના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થયો. તીવ્ર ગરમી પછી, આગામી બે દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં કેટલાક સ્થળોએ વાવાઝોડા સાથે વરસાદની સંભાવના છે. કેટલીક જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, છેલ્લા 24 કલાક દરમિયાન રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને ઉત્તર પશ્ચિમ મધ્ય પ્રદેશના ઘણા વિસ્તારોમાં ગરમ પવનો ફૂંકાયા હતા. મધ્યપ્રદેશના કેટલાક વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડી હતી. આ સમયગાળા દરમિયાન, ઉત્તર પશ્ચિમ ભારતના મેદાનો અને અડીને આવેલા મધ્ય ભારતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 43-46 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 2-4 ડિગ્રી વધારે હતું. આ સમયગાળા દરમિયાન ઉત્તર પ્રદેશના ઝાંસીમાં સૌથી વધુ 46.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત, પેટા હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, તમિલનાડુ અને તેલંગાણામાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થયો હતો. આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરાના પૂર્વોત્તર રાજ્યોમાં છૂટાછવાયા સ્થળોએ મૂશળધાર વરસાદ થયો હતો. તટવર્તી આંધ્રપ્રદેશ, રાયલસીમા, ઉત્તર આંતરિક કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ અલગ-અલગ સ્થળોએ વરસાદ નોંધાયો હતો. તે જ સમયે, ઉત્તરાખંડ અને પશ્ચિમ મધ્ય પ્રદેશમાં ઘણી જગ્યાએ કરા પડ્યા હતા.



# નકલી દવાઓ વેચતી ગેંગનો પર્દાફાશ સીરિયન નાગરિક સહિત 4ની ધરપકડ

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલને આજે ગુરુવારે મોટી સફળતા મળી હતી. સાયબર સેલ વિભાગે કેન્સર અને સુગરની નકલી દવાઓ વેચતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. જેમાં પોલીસ દ્વારા એક સીરિયન નાગરિક સહિત ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. મુખ્ય આરોપીએ LLM કરેલું છે. આ ગેંગ પાસેથી પોલીસને કરોડો રૂપિયાની નકલી દવાઓ મળી આવી છે.

દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચની સાયબર સેલની ટીમે દિલ્હીમાં નકલી અને પ્રતિબંધિત 'લાઈફ સેવિંગ' કેન્સરની દવાઓના આંતરરાજ્ય ડ્રગ રેકેટનો પર્દાફાશ કર્યો છે. જેમાં કિંગપિન, ઉત્પાદક, જથ્થાબંધ વેપારી, છૂટક વેપારી અને ફાર્માસિસ્ટ સહિત ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. તુર્કી, ઈજિપ્ત અને ભારત વચ્ચે ડ્રગ્સ સપ્લાય કરનાર સીરિયા સ્થિત આંતરરાષ્ટ્રીય કેરિયરની પણ ધરપકડ કરવામાં આવી છે. કરોડો રૂપિયાની કિંમતની અનેક આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ લાઈફ સેવિંગ નકલી કેન્સર અને ડાયાબિટીસ દવાઓ જપ્ત કરવામાં આવી હતી. પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલી આ બધી દવાઓ નકલી અને ભારતમાં પ્રતિબંધિત છે.

# બંગાળમાં ફરી હિંસા: ટીએમસી નેતાના ઘરે બોમ્બ ફેંકાયો, બીજેપી ઓફિસમાં તોડફોડ

**નવી દિલ્હી**

હવે ચૂંટણી પૂરી થયા બાદ બંગાળમાં હિંસા શરૂ થઈ ગઈ છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે બુધવારે અનેક ભાગોમાં અનેક ઘટનાઓ નોંધાઈ હતી. કૂચ બિહારમાં ટીએમસી સાથે જોડાયેલા એક બીજેપી કાર્યકર પર બંદૂક વડે હુમલો કર્યો હતો. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. બીજી તરફ નાદિયામાં ટીએમસીના યુવા નેતાના ઘર પર દેશી બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. જ્યારે 24 પરગણામાં કેટલાક લોકોએ ભાજપના કાર્યકર્તાઓના ઘર અને ઓફિસમાં તોડફોડ કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયાના એક દિવસ બાદ બુધવારે રાજ્યભરમાંથી મતદાન પછીની હિંસાના અનેક બનાવો નોંધાયા હતા. કૂચબિહાર જિલ્લાના નતાબડી વિસ્તારમાં ટીએમસી સમર્થક દ્વારા ભાજપના કાર્યકર પર કથિત રીતે બંદૂકથી હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે કથિત ઘટનાના વીડિયોમાં સ્થાનિક રહેવાસીઓ ટીએમસી કાર્યકરનો પીછો કરતા જોઈ શકાય છે જે પોતાની બંદૂક લઈને ભાગી રહ્યો હતો.

બીજી તરફ નાદિયાના શાંતિપુરમાં ટીએમસીના એક યુવા નેતાના ઘરે કથિત રીતે દેશી બનાવટનો બોમ્બ ફેંકવામાં આવ્યો. જ્યારે ઉત્તર 24 પરગણા જિલ્લાના ભાટપારામાં કેટલાક લોકોએ કથિત રીતે ભાજપના કાર્યકરોના ઘરોમાં તોડફોડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, જિલ્લામાં અન્ય એક ઘટનામાં મધ્યગ્રામ વિસ્તારમાં એક ડઝનથી વધુ ઘરો અને ભાજપ કાર્યાલયમાં કેટલાક લોકોએ તોડફોડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર સ્થિતિને કાબૂમાં લેવા માટે કેન્દ્રીય દળો ઘટના સ્થળે પહોંચી ગયા છે.

# ઉત્તરાખંડમાં સહસ્ત્રાલ ટ્રેક પર દુર્ઘટના : 22 ટ્રેકર્સમાંથી 9ના મોત, 13ને રેસક્યુ કરાયા

**દેહરાદૂન**

ઉત્તરાખંડની ઉત્તરકાશી ટિહરી બોર્ડર પર 15 હજાર ફૂટની ઊંચાઈએ આવેલા સહસ્ત્રતાલ ટ્રેક પર એક મોટી દુર્ઘટના થઈ છે. અત્યાર સુધીમાં લગભગ 9 લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ મૃત્યુઆંક વધી શકે છે. અકસ્માત બાદ 13 લોકોને બચાવી લેવાયા છે. પાંચ મૃતદેહોને લઈ જવામાં આવ્યા છે, જ્યારે 4 મૃતદેહોને લઈ જવાના બાકી છે.



મહત્વનું છે કે મંગળવારે કર્ણાટક અને મહારાષ્ટ્રના 22 ટ્રેકર્સ સહસ્ત્રતાલ ટ્રેક પરથી પાછા ફરતી વખતે કુફરી ટોપ પર ખરાબ હવામાનને કારણે અટવાયા હતા. કર્ણાટક અને મહારાષ્ટ્રથી આવેલા આ ટ્રેકિંગ ગ્રુપે 29મી મેથી ટ્રેકિંગ શરૂ કર્યું હતું અને 7મી જૂન સુધીમાં પરત ફરવાનું હતું. ઉલ્લેખનીય છે કે ગઈકાલે પાંચ મોત થયા હતા જે ગુરુવારે વધીને નવ થઈ ગયા છે અને 13ને બચાવી લેવાયા છે. બચાવ કામગીરી માટે NDRFના જવાનો અને બે હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે. મતલી હેલિપેડ પર એમ્બ્યુલન્સ પણ તૈનાત કરવામાં આવી છે.

# મુઝફ્ફરનગરમાં STFએ બિહારના વોન્ટેડ ગેંગસ્ટરનું કર્યું એન્કાઉન્ટર

**મુઝફ્ફરનગર**

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં બુધવારે પોલીસ સાથેની અથડામણમાં બિહારના 2.25 લાખ રૂપિયાના ઈનામી વોન્ટેડ ગેંગસ્ટરનું એન્કાઉન્ટર કરાયું હતું. બિહારના બેગુસરાઈ જિલ્લાનો રહેવાસી નીલેશ રાય વિરુદ્ધ હત્યા, લૂંટ અને ખંડણી સહિત 16 કેસ નોંધાયેલા હતા. અધિક પોલીસ મહાનિર્દેશક અમિતાભ યશે જણાવ્યું હતું કે, બિહારના બેગુસરાય જિલ્લાના રહેવાસી નીલેશ રાય સામે હત્યા, લૂંટ અને ખંડણી સહિત કેસ નોંધાયેલા છે. નિલેશ રાય પર 2.25 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. એક નિવેદન જારી કરીને પોલીસે કહ્યું હતું કે, 24 ફેબ્રુઆરી, 2024ના રોજ જ્યારે પોલીસ ટીમે બેગુસરાયમાં ગેંગસ્ટરના છુપાયેલા ઠેકાણા પર દરોડો પાડ્યો, ત્યારે રાયએ તેના સહયોગીઓ સાથે પોલીસ ટીમ પર અંધાધૂંધ ગોળીબાર કર્યો અને ભાગી ગયો. પોલીસે જણાવ્યું હતું કે, આ ઘટનામાં એક વ્યક્તિને ગોળી વાગી હતી અને તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ કેસમાં આગળની કાયદેસરની કાર્યવાહી ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# પટનાથી જસીદીહ જતી પેસેન્જર ટ્રેનમાં ભીષણ આગ, મુસાફરોમાં દોડધામ

**પટના**

પટનાથી જસીડીહ જઈ રહેલી પેસેન્જર ટ્રેનમાં એક ભયાનક આગ લાગી. આ ઘટના કિયુલ જંક્શન પર બની હતી, જ્યાં પહેલા એક કોચમાં આગ લાગી હતી અને પછી આગ બીજા કોચને પણ લપેટી હતી. થોડી જ વારમાં બોગી સળગવા લાગી. આગ વધુ પ્રસરે તે પહેલા જ કોચમાં સવાર મુસાફરો કૂદી પડ્યા તે સદનસીબે. થોડીવારમાં આગ ટ્રેનના બે કોચમાં ફેલાઈ ગઈ હતી. જેના કારણે બે કોચ સંપૂર્ણપણે બળી ગયા હતા. આ પહેલા દિલ્હીમાં તાજ એક્સપ્રેસમાં આગ લાગવાનો મામલો સામે આવ્યો છે. જેમાં ત્રણ બોગી બળીને રાખ થઈ ગઈ હતી. તુગલકાબાદ અને ઓખલા વચ્ચે તાજ એક્સપ્રેસમાં આગ લાગી હતી. જોકે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

# કંગના રનૌતને અરપોર્ટ પર થપ્પડ મારનાર CISFની મહિલાની અટક

**ચંડીગઢ**

હિમાચલ પ્રદેશના મંડીથી નવા ચૂંટાયેલા ભાજપ સાંસદ કંગના રનૌત આજે દિલ્હી જવા ચંડીગઢ વિમાન મથકે પહોંચ્યા ત્યારે ત્યાં ઉપસ્થિત CISFની મહિલા જવાને તેમને થપ્પડ મારી દીધી હતી. પ્રજાની તેમજ નેતાઓની સુરક્ષા માટે તહેનાત CISFની મહિલા જવાન કુલવિંદર કૌરનો કંગનાને જોતાં જ રાજકીય આત્મા જાગી ઉઠ્યો હતો અને કંગના રનૌતને થપ્પડ મારી દીધી હતી. કંગનાએ ખેડૂત આંદોલન વિશે કરેલા નિવેદન બદલ કુલવિંદર કૌરે આ અપકૃત્ય કર્યું હતું. બૉલિવૂડ અભિનેત્રી અને મંડીથી બીજેપી સાંસદ કંગના રનૌતને ચંદીગઢ એરપોર્ટ પર CISFની મહિલા ગાર્ડે થપ્પડ મારી દીધી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ખેડૂતોના આંદોલનને લઈને કંગનાના નિવેદનથી કુલવિંદર કૌરને દુઃખ થયું હતું, તેથી જ તેણે બીજેપી સાંસદને થપ્પડ મારી હતી. અભિનેત્રીએ આક્ષેપો કર્યા છે અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ ઘટના બપોરે 3.30 વાગ્યાની આસપાસ બની હતી. કંગનાને ચંદીગઢથી દિલ્હી જવાનું હતું ત્યારે સુરક્ષા તપાસ દરમિયાન CISF મહિલા સૈનિક કુલવિંદર કૌરે આ કૃત્ય કર્યું હતું.

# ભાજપ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીની રાજીનામાની ઓફર! ખરાબ પ્રદર્શનની લીધી જવાબદારી

**લખનઉ**

લોકસભા ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાં ભાજપના ખરાબ પ્રદર્શનને જોતા પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીએ રાજીનામું આપવાની ઓફર કરી છે. ભૂપેન્દ્ર ચૌધરીએ જેપી નડ્ડાને રાજીનામું આપી દીધું છે. તેમણે પોતે ઉત્તર પ્રદેશમાં પાર્ટીના ખરાબ પ્રદર્શનની જવાબદારી લીધી છે અને રાજીનામું આપવાની ઓફર કરી છે. વાસ્તવમાં, ઉત્તર પ્રદેશમાં ભાજપને લોકસભાની ચૂંટણીમાં થયેલી ભારે હારને લઈને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. ઉત્તર પ્રદેશ લોકસભા સીટોની વાત કરીએ તો યુપીમાં કુલ 80 લોકસભા સીટો છે, જેમાંથી 36 સમાજવાદી પાર્ટી, 33 ભાજપ, 6 કોંગ્રેસ, 2 આરએલડી, 1 આઝાદ સમાજ પાર્ટી અને 1 સીટો જીતી છે.

### ટી૨૦ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાનની મેચની ટિકિટના ધૂમ કાળાબજાર

# ભારત-પાક. મેચ માટે પાર્કિંગનો ભાવ એક લાખ અને ટિકિટના ૮.૩ લાખ સુધી પહોંચ્યા

**ન્યૂયોર્ક**

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને મોટા ભાગની મેચો લો-સ્કોરિંગ બની રહી છે. જોકે તમામની નજર રવિવારે રમાનારા ભારત અને પાકિસ્તાન વચ્ચેના મુકાબલા ઉપર છે. આ હાઈવોલ્ટેજ મુકાબલો નવમી જૂને ન્યૂયોર્ક સ્થિત નાસાઉ કાઉન્ટી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે.આ મેચ પહેલાં બંને ટીમો પોતપોતાની તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપી ચૂકી છે. આ મેચ માટે સમર્થકો એક્સ્ટ્રા હજારો રૂપિયા આપવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. મોટા ભાગના સમર્થકો પોતાની કાર સાથે સ્ટેડિયમ આવે તેવી સંભાવના છે અને આ માટે તેમણે સ્ટેડિયમમાં કાર પાર્ક કરવા જંગી રકમ ચૂકવવી પડે તેમ છે. આ મેચ માટે સમર્થકોએ



પાર્કિગના ૧,૨૦૦ ડોલર (લગભગ એક લાખ રૂપિયા) ચૂકવવા પડશે. કોમેન્ટટર નવજોત સિદ્ધુને તેના કાર ડ્રાઈવરે આ માહિતી આપી હતી.

ભારત અને પાકિસ્તાનની મેચની ટિકિટોના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. દિવસ નજીક આવી રહ્યો છે તેમ બ્લેક માર્કેટમાં પણ ભાવ વધી રહ્યા છે. નજીવા દરની ટિકિટોની પ્રાઈઝ ૩૦૦ અમેરિકન ડોલર રાખવામાં આવી છે જે ભારતીય કરન્સી મુજબ ૨૫ હજાર રૂપિયા જેટલી થાય છે. સૌથી મોંઘી ટિકિટના દર દસ હજાર અમેરિકન ડોલર છે જે ભારતીય રૂપિયામાં ૮.૩ લાખ જેટલા થાય છે. આ બંને ભાવની વચ્ચેની પણ ટિકિટો બ્લેક માર્કેટમાં વેચાઈ રહી છે.

## વર્લ્ડકપની સાથે સાથે...

### ભારતે આયરલેન્ડને આઠ વિકેટે હરાવ્યું

**ન્યૂયોર્ક ।** હાર્દિક પંડયાના નેતૃત્વ હેઠળ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગ બાદ સુકાની રોહિત શર્માએ શાનદાર અડધી સદી ફટકારતા ભારતે ટી૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-એની મેચમાં આયરલેન્ડને આઠ વિકેટે હરાવીને પોતાના અભિયાનનો વિજયી પ્રારંભ કર્યો હતો. આયરલેન્ડને ૯૬ રનમાં સમેટી નાખ્યા બાદ ભારતે ૧૨.૨ ઓવરમાં બે વિકેટે ૯૭ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. ટી૨૦માં ચાર હજાર રન પૂરા કરનાર રોહિતે રિટાયર્ડ હર્ટ થતા પહેલાં ૩૭ બોલમાં ચાર બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે બાવન રન બનાવ્યા હતા. રિષભ પંત ૩૬ રને અણનમ રહ્યો હતો.

### ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડને એક-એક પોઇન્ટ મળ્યો

**બાર્બાડોસ ।** વારંવાર ભારે વરસાદના કારણે ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડ વચ્ચે ટી૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-બીની મેચ અધવચ્ચેથી રદ કરવામાં આવી હતી અને બંને ટીમને એક-એક પોઇન્ટ આપવામાં આવ્યો હતો. સ્કોટલેન્ડના સુકાની રિચી બેરિંગ્ટને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ટોસ બાદ ભારે વરસાદ પડતા મેચ લગભગ એક કલાક મોડી શરૂ થઈ હતી. સ્કોટલેન્ડની ઇનિંગમાં ૬.૨ ઓવર બાદ ફરીથી વરસાદ નડયો હતો.

### અફઘાને ચોથો બિગેસ્ટ વિજય મેળવ્યો

**ગુયાના ।** ફઝલહક ફારૂકીની પાંચ વિકેટની મદદથી અફઘાનિસ્તાને આઇસીસી ટી૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-સીની મેચમાં યુગાન્ડાને ૧૨૫ રનથ પરાજય આપ્યો હતો. અફઘાનિસ્તાને પાંચ વિકેટે ૧૮૩ રન બનાવ્યા હતા અને તેના જવાબમાં યુગાન્ડાની ટીમ ૫૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ફારૂકીએ નવ રનમાં પાંચ વિકેટ હાંસલ કરી હતી. યુગાન્ડાએ ટી૨૦ વર્લ્ડ કપમાં ડેબ્યૂ મેચ રમી હતી પરંતુ તે પ્રભાવિત કરવામાં નિષ્ફળ રહી હતી. યુગાન્ડાની ટીમે મેન્સ કેટેગરીનો ચોથો લોએસ્ટ સ્કોર નોંધાવ્યો હતો. નેધરલેન્ડ્સના (૩૯) નામે લોએસ્ટ સ્કોર નોંધાયેલો છે. અફઘાનિસ્તાન માટે નવીન ઉલ હક અને સુકાની રાશિદ ખાને બે-બે વિકેટ ખેરવી હતી. અફઘાનિસ્તાનની ઇનિંગમાં ઓપનર ગુરબાઝે ૪૫ બોલમાં ૭૬ તથા ઇબ્રાહમ ઝદરાને ૪૬ બોલમાં ૭૦ રન બનાવ્યા હતા.

## USA પાકિસ્તાનને સુપર ઓવરમાં હરાવીને મેજર અપસેટ સર્જ્યો

**ન્યૂયોર્ક**

પાકિસ્તાન અને અમેરિકા વચ્ચેની પ્રથમ મેચનો નિર્ણય સુપર ઓવરમાં થયો હતો. પાકિસ્તાને અમેરિકાને 160 રનનો ટાર્ગેટ આપ્યો હતો. અમેરિકાએ 159 બનાવ્યા.

મેચ સુપર ઓવરમાં પરિણમી. સુપર ઓવરમાં અમેરિકાના જોન્સે પહેલા બોલે પાકિસ્તાનના વર્લ્ડ ક્લાસ ફાસ્ટ બોલર મોહમ્મદને 4 રન ફટકાર્યા હતા. આમિરે 3 વાઈડ બોલિંગ કરી. આમ આવી રીતે USAનો સ્કોર 18 રન સુધી પહોંચી ગયો. હવે પાકિસ્તાન સામે 19 રનનો ટાર્ગેટ હતો. બોલિંગમાં સૌરભ નેત્રાવલકર કે જે 2010માં ભારત તરફથી અંડર-19 રમી ચૂક્યો હતો. તેણે માત્ર એક બાઉન્ડરી આપી. પાકિસ્તાનના ઈફ્તિખાર, ફખર જમાન અને શાદાબ માત્ર 13 રન બનાવી શક્યા હતા. આ રીતે યજમાન અમેરિકાએ 2009ના ચેમ્પિયન પાકિસ્તાનને સુપર ઓવરમાં 5 રનથી હરાવ્યું હતું.

### પાકિસ્તાન ટીમે માત્ર ૨૫ ડોલરમાં ફેન્સ માટે પ્રાઇવેટ ડિનરનું આયોજન કર્યું

**ન્યૂયોર્ક**

પાકિસ્તાને ટી૨૦ વર્લ્ડ કપમાં પોતાના અભિયાન પહેલાં જ અમેરિકામાં પોતાના સમર્થકો માટે એક પ્રાઈવેટ પાર્ટીનું આયોજન કર્યું હતું. ફેન્સને મીટ એન્ડ ગ્રીટ માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા અને તેના માટે ૨૫ ડોલરનો ચાર્જ લેવામાં આવ્યો હતો. આ કારણથી મોટી સંખ્યામાં પાકિસ્તાનના સમર્થકો નારાજ થયા હતા. ભૂતપૂર્વ વિકેટકીપર રાશિદ લતીફે આ બાબતનો ઘટસ્ફોટ કરીને જણાવ્યું હતું કે ટીમ માટે સત્તાવાર ડીનર હોય છે પરંતુ આ એક પ્રાઈવેટ પાર્ટી સમાન છે. સમર્થકોને ખુલ્લેઆમ પ્લેયર્સને મળવાની કેવી રીતે મંજૂરી આપવામાં આવી તેના મને કારણો સમજાતા નથી.

## જોકોવિચનો ૩૭૦મો ગ્રાન્ડસ્લેમ વિજય



**પેરિસ**

ઘૂંટણમાં અસહ્ય દુખાવો થતો હોવા છતાં વિશ્વના પ્રથમ ક્રમાંકિત સર્બિયાના નોવાક જોકોવિચે પોતાના યુવા હરીફ સામે સાડા ચાર કલાક સુધી રમાયેલા પાંચ સેટના મુકાબલામાં વિજય મેળવીને રોલેન્ડ ગરોસ ખાતે રમાતા ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરવા ઉપરાંત સ્વિટ્ઝરલૅન્ડના રોજર ફેડરરનો રેકોર્ડ તોડયો હતો. બીજા સેટની શરૂઆતમાં જોકોવિચ ગ્રાઉન્ડ ઉપર પીઠના ભાગે સૂઈ ગયો હતો અને તે સમયે એવું લાગતું હતું કે તેને મુકાબલો પડતો મૂકવાની ફરજ પડશે પરંતુ તેણે પુનરાગમન કરીને ૨૩મા ક્રમાંકિત ફ્રાન્સિસ્કો સેરુંડેલોને ૬-૧, ૫-૭, ૩-૬, ૭-૫, ૬-૩થી હરાવ્યો હતો. તેનો આગામી મુકાબલો સાતમા ક્રમાંકિત કાસ્પર રુડ સામે થશે જેણે ૧૨મા ક્રમાંકિત ટેલર ફ્રિત્ઝને ૭-૬, ૩-૬, ૬-૪, ૬-૨થી હરાવ્યો હતો. ગયા વર્ષે ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં જોકોવિચે રુડને હરાવ્યો હતો. અન્ય ક્વાર્ટર ફાઈનલમાં એલેક્સ ડી મિનોરનો સામનો એલેકઝાન્ડર ઝેવરેવ સામે થશે જેણે હોલ્ગર રુનેને ૪-૬, ૬-૧, ૫-૭, ૭-૬, ૬-૨થી હરાવ્યો હતો.

### કુવૈત સામેની ડ્રો મેચ સાથે ભારતના સ્ટાર સુનીલ છેત્રીની વિદાય

**કોલકાતા**

ફિફા વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં કુવૈત સામેની મેચ ડ્રોમાં પરિણમી હતી. ભારતના મહાન ફૂટબોલ ખેલાડી સુનીલ છેત્રીની આ અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ હતી અને ટીમ ઈન્ડિયા તેને શાનદાર વિદાય આપવામાં સફળ રહી નહોતી. મેચના સમાપન પર કોચ ઈગોર સ્ટિમેક સહિત ટીમના તમામ ખેલાડીઓએ છેત્રીને ગળે લગાવી લીધો હતો. ૯૪ આંતરરાષ્ટ્રીય ગોલ ફટકારનાર છેત્રી વિશ્વમાં સૌથી વધારે આંતરરાષ્ટ્રીય ગોલ ફટકારનારા ખેલાડીઓમાં ચોથા સ્થાને છે.

## જનાદેશ 2024 : ભારતમાં (પેજ 4નું ચાલુ)

ચૂંટણીના પરિણામોએ કેટલાક સ્પષ્ટ સંદેશ આપ્યા છે. તેના પરથી મોદીએ હવે સ્વીકારવું જોઈએ કે પ્રજામાં તેમની સ્વીકૃતિ ઘટી છે અને ૧૦ વર્ષના શાસન પછી હવે લોકોમાં તેમના માટે પહેલાં જેવો ભરોસો રહ્યો નથી.

આ ઉપરાંત આ પરિણામોએ દેશની સત્તામાં ભાજપના એકાધિકારને ખતમ કરીને મજબૂત વિપક્ષને ઉભો કરી દીધો છે. જનાદેશથી એવી વાત પણ સ્પષ્ટ થઈ છે કે, મોટાભાગના લોકોને હવે હિંદુ-મુસ્લિમ કે રામ મંદિર જેવા મુદ્દામાં રસ નથી. વાસ્તવમાં ભારતના લોકો ઘણાં સમયથી મોંઘવારી અને બેરોજગારીની સમસ્યાથી ત્રસ્ત છે. કિસાનો પણ 4 વર્ષથી આંદોલન કરી રહ્યા છે પરંતુ તેનું કોઈ સાંભળતું નથી. કિસાન આંદોલન દરમિયાન 750થી વધુ લોકોના મોત થયા હતા. જયારે ગોલ્ડ મેડલ મેળવનારી મહિલા ખેલાડીએ મંત્રી બ્રિજભૂષણ સિંહ સામે મુકેલા આરોપો બાદ સરકારે દાખવેલું જક્કી વલણ આખા દેશે જોયું હતુ. મણીપુરની ઘટનામાં પણ મોદીની ચુપકીદીથી લોકોમાં વ્યાપક નારાજગી વર્તાતી હતી. મહારાષ્ટ્રમાં ઉદ્ધવની ચૂંટાયેલી સરકાર તોડી પાડ્યા બાદ શિવસેના અને એનસીપીમાં પણ પૈસાના જોરે કે ડરાવી ધમકાવી તોડફોડ કરાવાઈ હતી. વધુમાં સંવેદનશીલ મુદ્દાઓમાં સરકારના જક્કી વલણથી દેશના બુદ્ધિજીવીઓ પણ તેનાથી દૂર થતાં રહ્યા હતા. એટલું જ નહીં, 2014 વખતે ભાજપે કરોડો નોકરીનું વચન આપ્યું હતુ. પરંતુ તે પછી સ્થિતિ કથળતા કરોડો યુવાનો બેરોજગાર છે. આ ઉપરાંત શિક્ષણ, આરોગ્ય તથા પરિવહન જેવી સુવિધા વધુ ખર્ચાળ બની છે. ભારતમાં સરકારી ધોરણે તો આ સુવિધાઓનું ધનોતપનોત નીકળી ગયું છે. આટલી સમસ્યા હોવા છતાં ભાજપ કે મોદીને તેની વાતો કરવામાં કોઈ જ રસ ન હતો. ભાજપને મંદિર અને હિંદુ મુસ્લિમનો મુદ્દો ચગાવીને મતોનું ધ્રુવીકરણ કરવું હતુ. ક્ષત્રિય સમાજ અંગે રૂપાલાના નિવેદન બાદ પણ મોદી કે ભાજપે નમતુ જોખ્યું નહીં, તેના કારણે ગુજરાતમાં તો નહીં, પરંતુ રાજસ્થાનની કેટલીક બેઠકો પર તેની અસર થઈ. 10 વર્ષ દરમિયાન પણ ભારતનું લોકતંત્ર સતત તાનાશાહી તરફ ધકેલાઈ રહ્યું હોય તેવો અહેસાસ પ્રજાને થતો રહ્યો. કારણ કે 10 વર્ષમાં દેશમાં અમલદારશાહી જોવા મળ્યું છે. પ્રજાની રજૂઆતો કે સમસ્યાને દૂર કરવાને બદલે સત્તાના જોરે અવાજો દબાવી દેવાય છે. આવા અમલદારો બેફામ પણ ભ્રષ્ટાચાર આચરતા રહ્યા અને સરકાર તમાશાબીન રહી, કેટલાક રાજ્યોમાં સરકાર અને પાર્ટીઓ તોડવાની ભાજપની નીતિને કારણે દેશમાં લોકતંત્ર જ ખતરામાં હોવાનો અહેસાસ લોકોને થવા માંડ્યો, આખરે ભાજપને 10 વર્ષમાં જ 240 બેઠકો પણ અટકાવીને પ્રજાએ જોરદાર લપડાક આપી છે. જયારે સામે પક્ષે ઈન્ડિયા ગઠબંધને આ વેળા ખૂબ જ સાવચેતી સાથે રણનીતિ બનાવી અને તેનો અમલ કર્યો. દરેક રાજ્યોમાં બેઠકની વહેંચણીમાં પણ ખાસ ધ્યાન અપાયું અને આખા ગઠબંધનનો સયુંક્ત ઢંઢેરો બહાર પડાયો. જેમાં રોજગારી, મહિલાઓને દર મહિને સહાય, બરોજગારોને ભથ્થુ, ખેડૂતોને એમએસપી સહિતના મુદ્દાઓને આવરી લેવાયા. ઈન્ડિયા ગઠબંધને ઢંઢેરાનો પ્રચાર પણ જોરશોરથી કર્યો, સાથે જ યુપી સહિતના કેટલાક રાજ્યોમાં બંધારણ બચાવવાનો મુદ્દો ચગાવ્યો. રાહુલ સહિતના નેતાઓ સતત કહેતા રહ્યાં કે, ભાજપને 400 બેઠકો મળશે તો બંધારણ બદલી દેશે. તેને કારણે તમારુ અનામત અને અન્ય લાભો મળતા દૂર થશે. વિપક્ષ આ વાતોને પ્રજાના માનસમાં ઉતારવામાં સફળ રહ્યો, જેનો ફાયદો તેને પરિણામમાં થયો છે. રાહુલ ગાંધીએ છેલ્લાં બે વર્ષમાં કરેલી 66 કિલોમીટરની યાત્રાએ પણ એની છબીમાં સુધારો કર્યો છે. આ યાત્રા દરમિયાન તે સામાન્ય પ્રજાના સંપર્કમાં આવ્યા અને તેના પ્રશ્નો ઉઠાવતા રહ્યા છે. જેને કારણે પણ કોંગ્રેસને ચૂંટણીમાં ફાયદો થયો છે. ભારત દેશમાં ચૂંટણીના પરિણામોએ તરફડી રહેલાં લોકતંત્રને માટે સંજીવનીની બુટ્ટી સમાન કામ કર્યું છે. આ પરિણામો બાદ હવે દેશમાં પાર્ટીઓ અને નેતાઓ ફરી લોકોની વાતો કરશે તેવી આશા સેવાઈ રહી છે.

# રશિયાના હુમલા બાદ યુક્રેનમાં વીજળી ગુલ ઠેરઠેર અંધારપટ્ટ છવાયો, 19 લોકો ઘાયલ

**મોસ્કો**

રશિયાએ યુક્રેન પર સતત હુમલા યથાવત્ રાખ્યા છે. જો કે આ વખતે રશિયાએ યુક્રેનના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટાપાયે હુમલો કર્યો છે. તેમજ પૂર્વી ડોનેટ્સક પ્રાંતમાં લાભ થયાનો દાવો કર્યાના એક દિવસ પછી, યુક્રેન દેશના મોટાભાગના ભાગોમાં તાકીદનો વીજકાપ લાધી દીધો છે. શનિવારે પાવર પ્લાન્ટ્સને નિશાન બનાવતા ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ યુક્રેનના ત્રણ સિવાયના તમામ વિસ્તારોમાં પાવર કટ થઈ ગયો હતો. આ હુમલાઓમાં



ઓછામાં ઓછા 19 લોકો ઘાયલ થયા છે. યુક્રેનની સરકારી માલિકીની વીજળી ગ્રીડ ઓપરેટર યુક્રેનર્ગોએ જણાવ્યું હતું કે આઉટેજથી ઔદ્યોગિક અને ઘરેલું ગ્રાહકો બંનેને અસર થઈ છે. તાજેતરના અઠવાડિયામાં યુક્રેનના પાવર ગ્રીડ પર પુનરાવર્તિત રશિયન હુમલાઓએ સરકારને દેશવ્યાપી બ્લેકઆઉટ લાદવાની ફરજ પાડી છે. હુમલાનો જવાબ આપવા અને સમારકામ કરવા માટે પર્યાપ્ત હવાઈ સંરક્ષણની ગેરહાજરી ઉનાળાના અંતમાં અને ઠંડા શિયાળામાં માંગમાં વધારો થવાને કારણે વીજળીની અછતને વધુ ખરાબ કરી શકે છે. ગયા એપ્રિલમાં થયેલો હુમલો તાજેતરના સમયમાં સૌથી મોટો હુમલો હતો, જેણે કિવના સૌથી મોટા થર્મલ પાવર પ્લાન્ટને નુકસાન પહોંચાડ્યું હતું.

# પોર્ટુગલમાં એર-શો વખતે વિમાનો અથડાઈ જતાં પાયલોટનું મૃત્યુ થયું

**લિસ્બન**

પોર્તુગલનાં એરફોર્સે રવિવારે જણાવ્યું હતું કે, દક્ષિણ પોર્તુગલમાં યોજાયેલ એક એરશો દરમિયાન બે નાના વિમાનો અથડાઈ જતાં એક વિમાનચાલકનું મૃત્યુ થયું હતું જ્યારે બીજાને ઈજાઓ થઈ હતી.

પોર્તુગીઝ વિમાન દળના એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપતાં વધુમાં જણાવ્યું હતું કે, એક વિમાન એક સ્પેનિશ વિમાનચાલક ચલાવતો હતો જેનું વિમાન જમીન પર પડતાં તેનું મૃત્યુ થયું હતું. જ્યારે બીજું વિમાન જે એક પોર્તુગીઝ ચલાવતો હતો, તેનું વિમાન



જમીનદોસ્ત ન થયું હતું તેણે ધૈર્યપૂર્વક વિમાનને ધીમી ગતિએ રાખી ધીમે ધીમે નીચે ઉતારી દીધું હતું. પાયલોટ બચી ગયો છે તેણે 'બેજા' એરફોર્સ મથક ઉપર જ તે નાના વિમાનને રનવે પર ધૈર્યપૂર્વક ઉતાર્યું હતું.

# અમેરિકા મધ્ય પૂર્વમાં બે B-52 પરમાણુ બોમ્બર તૈયાર રખાશે

**વોશિંગ્ટન**

અમેરિકા મધ્ય પૂર્વમાં તેના બે B-52 પરમાણુ બોમ્બર તૈનાત કરી રહ્યું છે. આ બોમ્બર કોઈપણ સમયે કોઈપણ વિસ્તારને કબ્રસ્તાનમાં બદલી શકે છે. આનાથી અમેરિકાને ઘણી રીતે ફાયદો થશે. આના દ્વારા રશિયા, હુથી, યમન, ઈરાક, ઈઝરાયેલ દરેક જગ્યાએ યુદ્ધ અને હુમલાઓને રોકી શકાય છે.

અમેરિકાની આર્મી દ્વારા તેના બે B-52 પરમાણુ બોમ્બર્સને મધ્ય પૂર્વમાં તૈનાત કરવામાં આવી રહ્યા છે. મિડલ ઈસ્ટ એક એવી જગ્યા છે કે જ્યાંથી અમેરિકા રશિયા-યુક્રેન, ઈઝરાયેલ-હમાસ-હિઝબુલ્લાહ, હુથી બળવાખોરો અને યમન સહિત ઈરાક જેવા સ્થળોની વ્યૂહાત્મક પરિસ્થિતિ પર નજર પણ રાખી શકે છે જેથી ત્યાં અમેરિકાની આર્મી દ્વારા B-52 પરમાણુ બોમ્બર તૈનાત કરવામાં આવી શકે છે. સાથે જ આ બોમ્બર યુદ્ધની સ્થિતિમાં પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

મહત્વનું કહી શકાય કે, આ પહેલા પણ અમેરિકા આ બોમ્બરને મિડલ ઈસ્ટમાં તૈનાત કરી ચૂક્યું છે. પરંતુ આ વખતે તે ક્યાં તૈનાત કરવાની તૈયારી કરી રહ્યું છે તે હજુ સુધી બહાર આવ્યું નથી. જોકે તે ગયા વર્ષે ઈઝરાયેલમાં તૈનાત કરવામાં આવ્યું હતું.

# આતંકી સંગઠન હિઝબુલ્લાહે રોકેટ અને ડ્રોન હુમલો કરતાં ઈઝરાયલના જંગલોમાં આગ

**જેરુસલેમ**

આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહના સતત રોકેટ અને ડ્રોન દ્વારા હુમલાના કારણે ઉત્તરી ઈઝરાયલના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી છે. આ આગ ખૂબ જ ભયાનક છે. ઈઝરાયલ ફાયર ફાઈટર દળો આગ પર કાબુ મેળવવાની કોશિશ કરી રહ્યા છે. પરંતુ હજુ સુધી આગ પર કાબુ મેળવી શકાયુ નથી. પોલીસે કેટલાક રાજ્યોના રસ્તાઓ અને મુખ્યમાર્ગો બંધ કરી દીધા છે, જેથી કરીને લોકો આગવાળા વિસ્તારોમાં ન જાય. ઈઝરાયલના કેટલાક નાગરિકો લેબનાનની સરહદ નજીક વસવાટ કરે છે, તેમના ઘરોની આસપાસના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી છે. જો કે, અહીંના રહેવાસીઓને મહીના પહેલા સુરક્ષિત જગ્યા પર ખસેડવામાં આવ્યા હતા. કારણ કે, હિઝબુલ્લાહના આતંકવાદીઓ સતત ઈઝરાયલ પર હુમલાઓ કરી રહ્યા



હતા. મહત્ત્વની વાત છે કે, ઈઝરાયેલ પણ તેની સામે જડબાતોડ જવાબ આપી રહ્યું છે. સ્થાનિક મીડિયાના રિપોર્ટના કહેવા પ્રમાણે હિઝબુલ્લાહના સેંકડો રોકેટ અને ડ્રોનના હુમલાઓના કારણે જંગલોમાં લાગેલી આગ હાલમાં કેટલાક ઘરોમાં પ્રસરી ગઈ હતી.

# શ્રીલંકામાં મૂશળધાર વરસાદ થતાં ભૂસ્ખલન 15નાં મોત, સાત ગુમ, 400 મકાન ધરાશાયી

**કોલંબો**

શ્રીલંકામાં ભારે વરસાદે તબાહી મચાવી છે. ભારે વરસાદને કારણે આવેલા પૂરને કારણે સોમવારે શાળાઓ બંધ રાખવામાં આવી હતી. ઘણી જગ્યાએ ભૂસ્ખલન પણ થયું છે. અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે. પૂર અને વરસાદ સંબંધિત અન્ય ઘટનાઓમાં ઓછામાં ઓછા 15 લોકોના મોત થયા હતા અને અન્ય છ લોકો ગુમ થયા હતા, એમ તેમણે જણાવ્યું હતું. શિક્ષણ મંત્રાલયે કહ્યું કે શાળાઓ ફરીથી ખોલવા અંગેનો નિર્ણય હવામાનની સ્થિતિ પર નિર્ભર રહેશે. દેશમાં રવિવારથી મૂશળધાર વરસાદે ઘણા સ્થળોએ મોટા પાયે વિનાશ સર્જ્યો છે, જેના પરિણામે ઘરો, ખેતરો અને રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે અને સત્તાવાળાઓને સાવચેતીના પગલા તરીકે વીજ પુરવઠો બંધ કરવાની ફરજ પડી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરના



જણાવ્યા અનુસાર, રવિવારે રાજધાની કોલંબો અને દૂરના રતનપુરા જિલ્લામાં છ લોકો ધોવાઈ જવાથી અને ડૂબી જવાને કારણે મૃત્યુ પામ્યા હતા, જ્યારે અન્ય ત્રણ લોકોએ તેમના ઘરો પર પહાડોમાંથી કાદવ પડતાં પોતાના જીવ ગુમાવ્યા હતા. ઝાડ પડવાથી એક વ્યક્તિનું મોત થયું હતું.

# ઇઝરાયેલનો લેબનોનમાં પર ફોસ્ફરસ હુમલો, 173 નાગરિકો ઘાયલ : રિપોર્ટ

**લેબનોન**

ઈઝરાયેલે યુદ્ધગ્રસ્ત દક્ષિણ લેબનોનમાં ઓછામાં ઓછા પાંચ નગરો અને ગામડાઓમાં રહેણાંક મકાનો પર સફેદ ફોસ્ફરસથી હુમલો કર્યો છે, વૈશ્વિક માનવાધિકાર જૂથે બુધવારે પ્રકાશિત થયેલા એક અહેવાલમાં દાવો કર્યો છે. આનાથી નાગરિકોને ભારે નુકસાન થઈ રહ્યું છે અને તે આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. આથી પીડિત 173 લોકોને સારવાર આપવામાં આવી છે.

લેબનોનમાં સફેદ ફોસ્ફરસને કારણે બર્ન ઈજાઓના કોઈ પુરાવા મળ્યા નથી, પરંતુ સંભવિત શ્વસન નુકસાનના સંકેતો મળી આવ્યા છે, એમ હ્યુમન



રાઈટ્સ વોચના અહેવાલમાં જણાવાયું છે. બીજી તરફ ઈઝરાયેલે કહ્યું છે કે તે સફેદ ફોસ્ફરસનો ઉપયોગ માત્ર સ્મોક સ્ક્રીન તરીકે કરે છે, નાગરિકોને નિશાન બનાવવા માટે નહીં. સફેદ-ગરમ કેમિકલ ઈમારતોને આગ લગાડી શકે છે અને માનવ હાડકાને પણ બાળી શકે છે. સફેદ ફોસ્ફરસ ઓક્સિજનના સંપર્કમાં આવતાની સાથે જ વિસ્ફોટ થાય છે.

# મેકિસકોમાં પહેલીવાર પ્રમુખ પદે મહિલા ક્લોડીયા શીનબૌમ ચૂંટાઈ આવ્યા

**મેકિસકો સિટી**

મેકિસકોની પ્રમુખ પદની ચૂંટણીમાં કલોડીયા શીનબૌમ રવિવારે યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીમાં ભારે બહુમતીથી વિજયી થયા છે. તેઓના મુખ્ય પ્રતિસ્પર્ધી પણ એક મહિલા ક્ષોચિત્બ ગાલ્વેઝને ભારે બહુમતીથી પરાસ્ત કર્યા હતાં. ૬૧ વર્ષનાં આ કલાઈમેટ સાયન્ટિસ્ટ અને પૂર્વ સાંસદ શીન બૌમને મતગણતરી પૂરી થવા આવી ત્યારે ૫૮.૮ ટકાથી ૬૦.૭ ટકા જેટલા મત મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. જયારે તેઓના મુખ્ય પ્રતિસ્પર્ધી પણ એક મહિલા ક્ષોચિત્બ ગેલ્વેઝને માત્ર ૨૬.૬ થી ૨૮.૬ ટકા જ મત મળ્યા હતા. કૉડિયા શીનબૌએ નિવૃત્ત થતા પ્રમુખ લૉયેઝ આબ્રોડરના શિષ્ય (રાજકિય શિષ્ય) માનવામાં આવે છે.

# અવકાશમાં ચીનની ઉંચી છલાંગ, ચંદ્રના અંધારિયા ભાગથી માટી લઈ યાન રવાના

**ટોકિયો**

ચીનના ચંદ્ર મિશન ચાંગ E-6નું આરોહણ હવે પૃથ્વી પર પરત ફરી રહ્યું છે. એસેન્ડર પૃથ્વી પર ઉતરતાની સાથે જ બેઈજિંગ ઈતિહાસ રચશે. તમને જણાવી દઈએ કે, એસેન્ડર માટી અને પથ્થરના સેમ્પલ લઈને પૃથ્વી તરફ પરત ફરી રહ્યો છે. એસેન્ડર એટલે ચંદ્રની સપાટીથી તેની ભ્રમણકક્ષામાં પાછું ફરેલું સાધન હવે ત્યાંથી સેમ્પલ લઈને પૃથ્વી તરફ આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ચીનની સ્પેસ એજન્સી CNSAએ જણાવ્યું હતું કે આ વાહન ગયા મહિને લોન્ચ કરવામાં આવ્યું હતું. જે બે દિવસ પહેલા એટલે કે 2 જૂનના રોજ ચંદ્રના અંધારા ભાગમાં ઉતર્યો હતો. ચંદ્રમિશન ચાંગ E-6 ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક ઉતરાણ કર્યું. ચીનનું ચંદ્રયાન જ્યાં લેન્ડ થયું તે ચંદ્રનો દૂરસ્થ વિસ્તાર છે. આ મિશન સાથે ચીને સ્પેસ સેક્ટરમાં વધુ એક મોટી છલાંગ લગાવી છે. ચીનની સ્પેસ એજન્સી નેશનલ સ્પેસ એડમિનિસ્ટ્રેશનને ટાંકીને મીડિયા રિપોર્ટ્સમાં એવું કહેવામાં આવ્યું હતું કે ચાંગ E-6 ચંદ્રના દક્ષિણ ધ્રુવના એટકેન બેસિન ક્રેટર પર ઉતર્યું હતું. આ ખાડો અત્યાર સુધીનો સૌથી મોટો ખાડો છે.

# ભારતીય મૂળની સુનિતા વિલિયમ્સે ત્રીજીવાર અવકાશમાં ઉડાન ભરી ઈતિહાસ રચ્યો

**ન્યૂયોર્ક**

ભારતીય મૂળની અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ એક અન્ય સહકર્મચારી સાથે ત્રીજી અવકાશ યાત્રા માટે રવાના થઈ છે. બંને બોઈંગ કંપનીના સ્ટારલાઈનર યાનથી આંતરરાષ્ટ્રીય કેનવરેલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી રવાના થયા હતા. સુનિતા વિલિયમ્સ આ રીતે મિશન પર જનારી પ્રથમ મહિલાના રૂપમાં ઈતિહાસ રચ્યો છે. સુનિતા વિલિયમ્સ અને વિલ્મોરનો પ્રવાસમાં 25 કલાક લાગવાની આશા છે. આ યાન આવતા ગુરુવારે અવકાશ સ્ટેશન પહોંચશે. બંને અવકાશમાં ફરતી પ્રયોગશાળામાં એક અઠવાડિયા કરતાં વધુ સમય પસાર કરશે અને ત્યારબાદ 14 જૂને પરત આવવા પશ્ચિમી અમેરિકાની એક અંતરિયાળ રણપ્રદેશમાં ઉતરશે.

# યુનાઈટેડ ગુજરાતી સિનિયર પરિવારની પિકનિક

## વરસાદી માહોલમાં અવનવી વાનગી પીરસાઈ, ગીત સંગીત સાથે સભ્યો ઝૂમી ઉઠયા

**બ્રામ્પટન**

ગત તા. ૨/૬/૨૪ના રોજ ગ્રુપના સંચાલક અશ્વિન શાહ દ્વારા અગાઉની આગાહી પ્રમાણે વાતાવરણ અનુકૂળ હોવાથી યુનાઈ ટેડની પિકનિકનું આયોજન કરાયું હતુ. પણ અચાનક વાતાવરણમાં પલટો આવતા લગભગ ૪ કલાક સતત વરસાદ પડે તેમ હતુ. આથી ૨ ટેન્ટની સગવડ કરાઈ હતી. પિકનિકમાં ૬૮માંથી ૬૨ મેમ્બર ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સૌ પ્રથમ રાબેતા મુજબ ભગવાનનું પ્રાતઃ સ્મરણ કરાયા બાદ ચા -કોફી સાથે નાસતો પીરસવામાં આવ્યો હતો. જે બાદ અંતાક્ષરી અને અન્ય રમત રમી સભ્યોએ આનંદ લૂટયો હતો. પિકનિકમાં આઈ લવ મય ગુજરાતના સુજ્ઞેશભાઈ પટેલ સાથે એમના મિત્ર જયેનભાઈ પટેલ જોડાયા હતા અને ફિલ્મી ગીતો ગાઈ બધાને આનંદ કરાવ્યો હતો. ગીત સંગીતના કાર્યક્રમમાં અન્યો પણ જોડાતા રંગતજામી હતી. જે બાદ મંચુરિયન, નુડલ્સ અને ફ્રાઈડ રાઈસ અને જૈન મેનુમાં રસ પુરી અને શાકનો સ્વાદ માણ્યો હતો. અંતે પિકનિકને સફળ બનાવનાર તમામનો આભાર વ્યક્ત કરાયો હતો.



# ઓન્ટેરિયોમાં ઓટો ચોરીના દાવાનો ખર્ચ 2023માં વર્ષે $ 1Bને વટાવી ગયો

**ઓન્ટેરિયો**

ઓટો ચોરીના દાવાઓનો ખર્ચ 2023માં ટોરોન્ટોમાં $ 371.8 મિલિયન સુધી પહોંચી ગયો હતો, ઈન્સ્યોરન્સ બ્યુરો ઓફ કેનેડા (IBC)એ મંગળવારે ઓન્ટેરિયોમાં ગયા વર્ષે ઓટો ચોરીના દાવાઓ માટે ટોચના 10 સૌથી મોંઘા શહેરોની યાદી બહાર પાડી હતી. બ્રામ્પટન, મિસીસૌગા, વોન, માર્કહામ અને ઓટાવા આ યાદીમાં ટોરોન્ટોને અનુસરે છે.

બ્યુરો અનુસાર ઓટો ચોરીના દાવાઓ ગયા વર્ષે ઓન્ટેરિયોમાં પ્રથમ વખત $ 1 બિલિયનને વટાવી ગયા હતા. બ્યુરોએ જણાવ્યું હતું કે, 2018થી ઓન્ટેરિયોમાં ઓટો ચોરીના દાવાઓના ખર્ચમાં 524 ટકા અને ટોરોન્ટોમાં 561 ટકાનો વધારો થયો છે. 2018 અને 2023ની વચ્ચે ઓન્ટેરિયોમાં લોકો તેમના વાહનોની ચોરીને કારણે વીમા દાવાઓ કરવાના બનાવોમાં 165 ટકાનો વધારો થયો છે. 2022 અને 2023 વચ્ચે ઓટો ચોરીના દાવાઓનો વધારો 21 ટકા હતો, જ્યારે અને ઓટો ચોરીના દાવાઓના ખર્ચમાં વધારો 32 ટકા હતો. મળતી માહિતી અનુસાર ઓન્ટેરિયોના સૌથી મોટા શહેરોમાં સૌથી વધુ દાવાઓનો ખર્ચ થાય છે. વ્હીટબીમાં, 2018 અને 2023 વચ્ચે ઓટો ચોરીના દાવાના ખર્ચમાં 2269 ટકાનો વધારો થયો છે.

# ભારતની નવી સરકાર સાથે કામ કરવા કેનેડા તૈયાર : જસ્ટીન ટ્રુડો

**ઓન્ટેરિયો**

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ બુધવારે નરેન્દ્ર મોદીને ભારતની ચૂંટણીમાં વિજય થવા બદલ અભિનંદન આપ્યા હતા. કેનેડા-ભારત સંબંધોમાં તણાવ રહેતો હોવાથી તેમણે કાયદાની સ્થિતિ જાળવવા બંને દેશ એકબીજાને સહયોહગ આપે તેવી આશા સેવી હતી. ભારતમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીના પરિણામ મંગળવારે જાહેર થયા હતા. જેમાં એનડીએનો વિજય થયો હતો. જે બાદ ટ્રુડોએ મોદીને શૂભેચ્છા આપતા જણાવ્યું હતુ કે, ભારતમાં આ સરકાર હવે વધુ મજબૂતાઈથી કામ કરશે. મને લાગે છે કે તેઓ કેનેડા સાથે કામ કરવા માટે ઉત્સૂક રહેશે. ઉલ્લેખનીય છે કે, કેનેડા-ભારત વચ્ચે મોટા પ્રમાણમાં વેપાર હોવા છતાં, કેટલાક શીખો ખાલિસ્તાનની તરફેણ કરતા હોવાથી બે દેશ વચ્ચેના સંબંધોમાં વારંવાર ખટાશ આવી રહી છે. ગયા વર્ષે વાનકુવર નજીક શીખ કાર્યકર્તા હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ટ્રુડોએ જાહેરમાં મોદી સરકાર પર આરોપ મુકતા આ તણાવ વધી ગયો હતો. દરમિયાન ભારતમાં ચૂંટણીના પરિણામ બાદ ટ્રુડોએ બુધવારે એક લેખિત નિવેદનમાં જણાવ્યું હતું કે કેનેડા ભારત સાથે મળીને કામ કરવા માટે તૈયાર છે", પરંતુ તે "માનવ અધિકારો, વિવિધતા અને કાયદાના શાસન સાથે જોડાયેલું રહેશે.

# GSSM દ્વારા જૂન માસનો આનંદ મેળો યોજાયો, અવનવી વાનગીઓ પીરસાઈ

## વરસાદી માહોલમાં અવનવી વાનગી પીરસાઈ, ગીત સંગીત સાથે સભ્યો ઝૂમી ઉઠયા

**મિસીસાગા**

જીએસએસએમનો જૂન મહિનાનો આનંદ મેળો સ્ટીવન લુઈસ સેકન્ડરી સ્કૂલ, ૩૬૭૫, થોમસ સ્ટ્રીટ, મિસીસાગા, ર્ંહંટ્વર્ૅ, ખાતે ગત તારીખ બીજી જૂને યોજાયો હતો. હોલમાં સુંદર મજાનું વાતાવરણ અને ચારે બાજુ વિવિધ વાનગીઓના સ્ટોલ ગોઠવાયા બાદ સભ્યો તેનો સ્વાદ માણવા આવ્યા હતા. મેળામાં ભાગ લેનાર સભ્યોએ પોતે બનાવેલી વસ્તુઓનું નામ અંગ્રેજી તથા ગુજરાતીમાં લખી ટેબલ પર મૂક્યું હતું, બધા સભ્યોએ પોતાનું ટેબલ સુંદર રીતે ગોઠવ્યું હતું. અને વચ્ચોવચ ૧૨ ટેબલની અલાયદી ગોઠવણી કરાઈ હતી. કાર્યક્રમ ચાલુ થયાને એકાદ કલાક બાદ પ્રમુખ કલાબેન



પટેલ તથા ઈલાબેન દેવાણી સ્ટેજ પર આવ્યા અને તેમને રાફેલ ટિકિટ લીધી હતી અને તેઓ નંબર જાહેર કરતા ગયા હતા. જે બાદ વિજેતાને ઈનામ આપવામાં આવ્યા હતા.



MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels

Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

17 ROOM MOTEL - $1.8 Million
Fully Renovated and Upgraded
Very profitable motel
Hwy 17, Sault Ste Marie

21 ROOM MOTEL - $1.9 Million
+ Restaurant on long lease
100% occupancy weekly & monthly
Hwy 11, Muskoka Area

19 ROOM MOTEL- $2.5 Million
Ideal for Owner Operator
Located in Niagara Falls

35 ROOM MOTEL- $3.3 Million
Highway 11, Northern Ontario

30 ROOM MOTEL $2.4 Million
Near Ottawa

FRANCHISE HOTEL - $6.9 Million
Near Kingston

BURRITO FOR SALE
Fat Bastard Burrito Mississuaga
Fat Bastard Burrito Kingston
Fat Bastard Burrito Belleville
Burrito Boyz Appleby, Burlington SOLD
Burrito Boyz Plains Rd, Burlington SOLD
Burrito Boyz Hamilton SOLD COND.

URGENT LISTING REQUIRED FOR MOTELS AND HOTELS
Any Size, Any Price, Any Location
I have Serious and Qualified Buyers Looking to Buy & Close in 1 to 2 months

Need Working Partner to Run Motels
Wiling to invest min $100,000
% partnership + salary

Motel Jobs Avaiable
Housekeeping, General work, Front-desk
Location: 4 Hrs to 8 Hrs from Toronto

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CATEGORY FOR INSIDE OR OUTSIDE CANADA CANDIDATE
DO YOU HAVE IELTS WITH 5 BAND ?
DO YOU HAVE GRADE 12 PLUS ANY DIPLOMA OR DEGREE ?
DO YOU KNOW YOU ARE ELIGIBLE FOR PR BASED - CARE GIVER CATEGORY?

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST



AMI MEHTA
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

CONTACT TODAY TO KNOW MORE

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ; Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911